# કાન્હડદેપ્રબંધ-સાર

સ્વામી સચ્ચિદાનંદ

# કાન્હડદેપ્રબંધ-સાર

## સ્વામી સચ્ચિદાનંદ

Kanhadade Prabandh Sar
by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad-380 006
© Swami Sachchidanand
First Published: 2009
This ePub edition: 2014
ISBN: 978-81-8461-873-0
GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com
eBook by
indian ebooks
www.e-Shabda.com

# અર્પણ

જેણે પોતાના ગદ્દાર અને વિશ્વાસઘાતી પતિ

વીકા સેજવાલને ત્રંબાળું ફટકારીને મારી નાખ્યો

તેવી મહાન રાષ્ટ્રભક્ત રાજપૂતાણી

હીરાદેવી સેજવાલને અર્પણ.

**—સચ્ચિદાનંદ**

# ભૂમિકા

ભારત પર જ્યારે અંગ્રેજોનું શાસન ચાલતું હતું ત્યારે તેમણે લગભગ પ્રત્યેક ભારતીય ભાષાનું વ્યાકરણ અને તેના જૂના સાહિત્યની શોધ અને પુનરુદ્ધારનું કામ પણ કર્યું હતું. ડૉ. બ્યૂલર આવા જ એક પ્રાચ્યવિદ્યાવિશારદ વિદ્વાન હતા. તે હંમેશાં જ્યાં જ્યાં સંભાવના હોય ત્યાં પ્રાચ્યગ્રંથોની શોધ કરતા રહેતા. આપણે સ્વીકારવું જોઈએ કે આવા પ્રાચ્યગ્રંથોનું રક્ષણ જૈનોએ સૌથી વધુ કાળજીપૂર્વક કર્યું છે. જ્યાં જ્યાં તેમનાં ભવ્ય મંદિરો હોય ત્યાં ત્યાં પુસ્તકભંડાર પણ હોય જ, પ્રાપ્ય અને શક્ય તેટલા ગ્રંથોની પાંડુલિપિઓ તેઓ ભારે જતનથી સંગ્રહી રાખતા. વર્ષો સુધી આવી પાંડુલિપિઓ પડી રહેતી, જે પટારાઓમાં આ અમૂલ્ય ધરોહર સાચવી રાખી હોય તેની રોજ આરતી, પૂજા થતી, પણ ઉપયોગ ભાગ્યે જ થતો. જૈનોમાં કેટલાય મુનિવરો મહાન વિદ્વાનો થયા છે, પણ શ્રાવકો એ દિશા તરફ બહુ વળ્યા દેખાતા નથી. મુનિઓએ સાહિત્યરચનાઓ કરી અને પુસ્તકોનું જતન કર્યું-કરાવડાવ્યું. આજે ઘણાં પ્રાચ્ય પુસ્તકોનો પુનરુદ્ધાર થઈ શક્યો હોય તો તેમાં આ મુનિવરોનું મોટું પ્રદાન સ્વીકારવું જોઈએ.

આવો જ એક પુસ્તકભંડાર બનાસકાંઠામાં આવેલા થરાદમાં હતો. ડૉ. બ્યૂલર ત્યાં પહોંચી ગયા અને શ્રેષ્ઠીઓના સહયોગથી પુસ્તકોને તપાસવા લાગ્યા. તેમાંથી તેમની નજર એક દાબડા પર પડી. દાબડો ખોલીને જોયું તો તેમાં આ કાન્હડદેપ્રબંધ ગ્રંથ, મોતીની માફક જતનપૂર્વક સાચવીને રાખ્યો હતો. તેમણે આ ગ્રંથને નવલરામ લક્ષ્મીરામ પંડ્યા પાસે મોકલી દીધો. શ્રી પંડ્યા ‘શાળાપત્ર’ના તંત્રી હતા, તેમણે ‘શાળાપત્ર’માં આ ગ્રંથને ક્રમશઃ છાપવા માંડ્યો. આ રીતે આ ગ્રંથ વિદ્વાનો સુધી પહોંચ્યો. તેમના પછી શ્રી દેરાસરીએ આ ગ્રંથને આગળ ચલાવ્યો. આ ગ્રંથ લોકભોગ્ય ન હતો, વિદ્વત્-ભોગ્ય હતો તેથી લોકપ્રસિદ્ધ ન થઈ શક્યો. પણ 1940માં મુનિશ્રી જિનવિજયજીએ આ ગ્રંથના પુનરુદ્ધાર માટે પોતાના શિષ્ય ડૉ. કિન્તલાલ બળદેવરામ વ્યાસને પ્રેરણા આપી, શ્રી વ્યાસે ઉપકૃત થઈને આ કાર્ય કર્યું. આ ગ્રંથને પાઠ્યપુસ્તકોમાં સ્થાન મળ્યું હોવા છતાં તેનો પ્રચાર સીમિત ક્ષેત્ર સુધી જ રહી ગયો હતો. મને લાગ્યું કે આ ગ્રંથ અને તેના કથાવસ્તુને લોકો સુધી પહોંચાડવી જોઈએ એટલે મેં અલ્પ પ્રયાસ કર્યો. આજ સુધી પ્રાચ્ય કે અર્વાચીન લગભગ બધાએ જ પ્રાચીનતાનાં ભવ્ય વખાણ કર્યાં છે. જોકે તેનાથી ગર્વભરી પ્રેરણા મળે છે. પણ સતત વખાણ જ કરવાથી અને સાંભળવાથી પ્રજા શ્લાઘાપ્રેમી થઈ ગઈ છે. તેથી તે વાસ્તવિકતાને સ્વીકારી નથી શકતી તથા સાચી વાત સમજી પણ નથી શકતી. તેથી સાચા ઉપાયો પણ કરી શકતી નથી. મને લાગે છે કે પ્રજાને માત્ર વખાણ જ નહિ, વાસ્તવિકતા પણ બતાવવી જોઈએ. ખાસ કરીને ઐતિહાસિક ક્ષેત્રમાં તો આ વસ્તુ અત્યંત જરૂરી છે. મુઠ્ઠીભર મુસ્લિમ આક્રાન્તા કેવી રીતે પૂરા દેશ પર છવાઈ ગયા, અને ક્રૂરતાપૂર્વક શાસન કર્યું. વિશાળ બહુમતી હોવા છતાં હિન્દુ પ્રજા કેમ હારતી રહી અને કેમ ગુલામ થતી રહી એ કડવા સત્યને પણ જાણવું જરૂરી છે. આ દૃષ્ટિકોણને દૃષ્ટિ સમક્ષ રાખીને ‘વાસ્તવિકતા’ બતાવવા હું પ્રયત્ન કરું છું. પ્રસ્તુત પુસ્તકમાં પણ મારો એ જ દૃષ્ટિકોણ રહ્યો છે.

આ ગ્રંથના મૂળ રચયિતા વીસનગરા નાગર બ્રાહ્મણ પદ્મનાભ છે. કાન્હડદેની પાંચમી પેઢીએ અખેરાજના તે રાજકવિ છે. તેમણે તે સમયની પ્રાકૃતને મળતી ભાષામાં પદ્યબદ્ધ આ ગ્રંથ રચ્યો છે. કાન્હડદેના અવસાન પછી 145 વર્ષો પછી કવિએ આ પ્રબંધની રચના કરી છે. તેનું કથાવસ્તુ ઐતિહાસિક છે. તેની લગભગ બધી ઘટનાઓ પણ ઐતિહાસિક છે. તેમ છતાં આ કાવ્ય હોવાથી તેમાં રંગોળી પણ પુરાઈ છે. જે જે આંકડાઓ અપાયા છે તે અતિરેકભર્યા લાગે છે. જેમ કે નવ લાખ બંદી બનાવાયા હતા. કદાચ તેટલા ન પણ હોય, પણ હજારો બંદી બનાવાયા હતા તે તથ્ય તો ખરું જ. આવી જ રીતે મને લાગે છે કે બાદશાહની શાહજાદી પિરોજાનું એકપક્ષીય પ્રેમપ્રકરણ પણ કદાચ કવિની કલ્પના હોય. આવો મારો અંગત અભિપ્રાય છે. જે હોય તે. પણ એકંદરે આ પ્રબંધથી આપણને તે સમયની ઘણી ઘણી જાણકારી મળે છે. પ્રો. ચિમનલાલ ત્રિવેદીને આ ગ્રંથની પ્રતિ મેળવી આપવા મેં વિનંતી કરી, તેમણે જેમતેમ કરીને તૂટીફૂટી પ્રત મેળવી આપી. જેમજેમ હું વાંચતો ગયો તેમ તેમ મને લાગ્યું કે આ કથા-પ્રબંધને લોકો સુધી પહોંચાડવો જોઈએ અને મેં પ્રયત્ન શરૂ કર્યો. જેના પરિપાક રૂપે આ પ્રબંધનો સાર આપ સૌની સમક્ષ છે.

આ પ્રબંધસારમાત્ર મૂળ ગ્રંથનો અનુવાદ જ નથી. તેમાં મૂળ કથાની સાથેસાથે મેં મારા વિચારો પણ ભેળવ્યા છે. તે એટલા માટે કે કથાના માધ્યમથી હું મારા ચિંતનને પણ ભેળવી શકું. મારી દૃઢ માન્યતા છે કે ભારતની ખરી બીમારી ચિંતનની છે. ચિંતનમાંથી સિદ્ધાંતો નક્કી

થતા હોય છે. સિદ્ધાંતો આચારોમાં પરિણત થતા હોય છે અને આચારો પરિણામ આપતા હોય છે. મને લાગે છે કે પ્રથમથી જ ઊલટું ચિંતન આપણને વળગ્યું છે. જેથી બહારથી જે કોઈ આક્રાન્તા આવ્યો તે જીત્યો. આપણે હાર્યા અને ગુલામ થયા. આ ચિંતનાત્મક દુર્બળતાને દૂર કર્યા વિના લાખો ઉપાયો કરો તોપણ સાચું પરિવર્તન આવવાનું નથી. દુર્ભાગ્ય એ છે કે આજે પણ આત્મ-શ્લાઘાના પરપોટામાં હવા ભરવાનું કામ ચાલુ છે. 'હમ મહાન હૈં'નો રોગ વધી રહ્યો છે. આવો રોગ વધારવા હવા ભરવાનું કામ કરનારા મહાન થઈ જાય છે. અરે, ભગવાન થઈને પૂજાય છે. અને એ સાચી વાત કરનારા તરછોડાય છે તે દુર્ભાગ્યની જ વાત કહેવાય. જેનો અર્થ એ છે કે દુર્ભાગ્ય હજી ચાલુ રહેવાનું છે.

પ્રબંધનું કથાવસ્તુ તો ગ્રંથ વાંચવાથી આપોઆપ જણાઈ આવશે. પણ જે પાટણમાં વનરાજ ચાવડાએ રાજગાદી સ્થાપી ત્યાં ચાવડા વંશનો ઉચ્છેદ કરીને સોલંકીઓ આવ્યા અને પછી વાઘેલા આવ્યા. કરણસિંહ વાઘેલો છેલ્લો રાજા થયો. તેણે જે ચારિત્રિક અનર્થો કર્યા તેના પરિણામે માધવમંત્રી દિલ્હી ગયો. માધવમંત્રી ગદ્દાર ખરો, પણ તેના પરિવાર સાથે કરણે જે અત્યાચાર કર્યા તે પછી તેના માટે બીજો કોઈ રસ્તો બાકી નથી રહેતો. રૂપાળી નાગરાણી પર મોહિત થઈને તેણે ઘરમાં ઘાલી, વિરોધ કરનાર તેના પતિ કેશવની હત્યા કરી નાખી. ખુદ માધવમંત્રીનું અપમાન કર્યું. આવા નીચ રાજા સાથે હવે કેવો વ્યવહાર થાય? સહનશક્તિની હદ હોય. જેણે પોતાના સેવકોને વફાદાર રાખવા હોય તેણે હંમેશાં તેમનું માન-સન્માન સાચવવું જોઈએ. માણસ બધું સહન કરે પણ પોતાની સ્ત્રીઓ સાથેના દુરાચારને સહન ન કરે. કરે તો તે નમાલા જ હોય. કરણે બધી હદો ઓળંગી નાખી હતી. એટલે માધવે તીવ્ર પગલું ભર્યું. માધવનું પગલું વખાણવા જેવું નથી પણ નિંદનીય જ છે, તોપણ તેની આંતરિક સ્થિતિ જોતાં તે ક્ષમ્ય જ ગણાય. મારી દૃષ્ટિએ પાટણ અને ગુજરાતની દુર્દશા કરાવનાર માધવ કરતાં કરણ જ વધારે જવાબદાર ગણાય. કરણની રાણી કમલાદેવી, અલાઉદ્દીનની બેગમ થઈ ગઈ. તેણે કશો વિરોધ કર્યો દેખાતો નથી, કદાચ પતિથી તે પણ કંટાળી હશે. વ્યભિચારી પતિઓથી સુશીલ પત્નીઓ પણ ત્રાસી જતી હોય છે. ત્રાસેલી પત્નીઓ ક્યારે ગદ્દારી કરે તે કહેવાય નહિ. કમલાદેવી માત્ર બેગમ થઈને જ ન અટકી, તેણે પોતાની દીકરી દેવળદેને કરણ પાસેથી પાછી લઈ આવવા સેના મોકલાવી, દેવળદે આવી અને એને સુલતાનના પુત્ર ખિજરખાન સાથે પરણાવી દીધી. આ રીતે મા-દીકરી, સાસુ-વહુ પણ થયાં. દેવળદેની ભારે દુર્દશા થઈ. અલાઉદ્દીનની હત્યા પછી ખંભાતમાંથી પકડી લાવેલા ગુલામ મલેક કાફૂરે સત્તા ધારણ કરી, કાફૂરે ખિજરખાનની આંખો ફોડી નાખી, કાફૂરને મારીને અલાઉદ્દીનના ત્રીજા દીકરા કુતુબુદ્દીને ગાદી પડાવી લીધી, તેણે આંધળા ભાઈ ખિજરખાનને મારીને દેવળદેને પોતાના હરમમાં લઈ ગયો. થોડા જ સમય પછી કુતુબુદ્દીનને ખુશરૂએ મારી નાખ્યો અને દેવળદેને પોતાની કરી લીધી. આ રીતે પાંચ-સાત વર્ષમાં દેવળદે ત્રણ-ચાર પતિઓ સાથે જોડાઈ. કેટલાક લેખકો એવું માને છે કે અલાઉદ્દીનની હત્યા પછી (મહોર આપીને) જ્યારે મુબારકશાહ નુસરતખાનને મારવા તેના મહેલે પહોંચ્યો હતો ત્યારે તેને બચાવવા દેવળદે તેને વળગી પડી હતી. મુબારકશાહે ઝટકો મારીને દેવળદેના હાથ કાપી નાખ્યા હતા. એક તરફ દેવળદેની આવી દુર્દશા થઈ તો બીજી તરફ બાદશાહની હત્યા પછી બધી બેગમો પર ઉત્તરાધિકારી કાફૂરનો અધિકાર થઈ જાત, પણ તે હિન્દુ-રબારી-માંથી મુસ્લિમ થયેલો તેથી ચોકીદારોએ તેની પણ હત્યા કરી નાખી હતી. તે પછી કુતુબુદ્દીને ગાદી પડાવી. રિવાજ પ્રમાણે કમલાદેવી તેની બેગમ થઈ હોય તો તેણે દેવળદેને પણ હરમમાં મોકલી હતી એટલે મા-દીકરી, સાસુ-વહુમાંથી શોક્યો પણ થઈ. કેટલી મોટી દુર્દશા કહેવાય. આ બધું થયું કરણના કારણે અને કરણ પાછલી જિંદગીમાં રખડી-ભટકી રઝળીને મરાયો, આવી જ દશા અલાઉદ્દીન અને તેના ખિલજી વંશની થઈ. બધાંનું ધનોત-પનોત નીકળી ગયું. (વાંચો 'ભારતીય યુદ્ધોનો સંક્ષિપ્ત ઇતિહાસ')

કાન્હડદેપ્રબંધમાં ગુજરાત પર ઉલુઘખાંનું આક્રમણ, ઘણાં રજવાડાં જેમાં પાટણ પણ ખરું, અને છેલ્લે સોમનાથનું પતન. પાછા વળતાં જાલોર પર આક્રમણ, ઉલુઘખાંનો પરાજય, ફરીથી નાહર મલિક દ્વારા જાલોર પર આક્રમણ અને સમિયાણામાં પરાજય, ત્રીજી વખતે બાદશાહ પોતે ચઢાઈ કરી આવ્યો. સમિયાણામાં તળાવ ભ્રષ્ટ કરીને સાંતલને હરાવ્યો, પછી જાલોર આવ્યો. વર્ષો સુધી ઘેરો. અંતે વીકો સેજવાલ ફૂટ્યો. તેણે ગઢમાં જવાનો ગુપ્ત રસ્તો બતાવ્યો. મુસ્લિમ સેના ગઢમાં દાખલ થઈ ગઈ. અંતે કાન્હડદેની વીરગતિ. સમિયાણા અને જાલોરમાં જૌહર થયું. હજારો રાજપૂતાણીઓ હોમાઈ ગઈ. આ બધી ઐતિહાસિક કથા એટલી બધી રોમાંચક છે કે કોઈ ધારે તો એક સુંદર ઐતિહાસિક ફિલ્મ બનાવી શકે છે. પિરોજાની કથા મને તો બહુ ઐતિહાસિક નથી લાગતી. પછી તો ભગવાન જાણે!

મને લાગ્યું કે આવી વીરતાથી અને બલિદાનથી ભરેલી પણ સાથેસાથે ભૂલોથી ભરેલી કથા વાચકો આગળ મૂકું. કદાચ કાંઈક બોધપાઠ

લેવાય. આશા છે મારી અપેક્ષા પૂરી કરશે સુજ્ઞ વાચકો.

પ્રો. ચિમનલાલ ત્રિવેદીએ જૂના પુસ્તકના પ્રકાશનમાં પણ પ્રો. વ્યાસજીને સહયોગ કરેલો. તેમણે આ પુસ્તકમાં પણ પ્રૂફ વગેરેનું કાર્ય કર્યું છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

ગૂર્જરવાળા શ્રી મનુભાઈ શાહ તો હવે વ્યાપારિક સંબંધની જગ્યાએ વૈચારિક સંબંધ ધરાવતા થઈ ગયા છે. તેમની પ્રબળ ઇચ્છા છે કે આ વિચારોનો ખૂબ પ્રચાર થાય એટલી ઓછી કિંમતમાં પુસ્તકો છાપીને વેચવા લાગ્યા છે એટલે તેમનો પણ આભાર.

અંતમાં પરમેશ્વરને તો ભુલાય જ નહિ, તેનાં ચરણોમાં વંદન.

**—સ્વામી સચ્ચિદાનંદ**

શ્રી ભક્તિનિકેતન આશ્રમ,
દંતાલી, પો. બો. નં. 19,
પેટલાદ-388450 જિ. આણંદ
(ફોનઃ 02697-252480)

# 1. પાટણનો રાજા કરણ અને મંત્રી માધવ

ત્યારે ગુજરાતની ઘણી રાજધાનીઓ હતી કારણ કે ગુજરાત એકછત્રશાસિત પ્રદેશ ન હતો. તેમાંની એક રાજધાની પંચાસર હતી. પંચાસરમાં જયશિખરી રાજા રાજ કરતો હતો. તેના ઉપર કલ્યાણનો ચાલુક્યરાજા ભુવડ ચઢી આવ્યો અને જયશિખરી યુદ્ધમાં મરાયો. મરતાં પહેલાં તેણે પોતાની રાણી રૂપસુંદરીને તેના ભાઈ સુરપાળને સોંપી, કારણ કે તે સગર્ભા હતી. ગર્ભની રક્ષા જરૂરી હતી. તે જ વારસદાર થવાનો હતો. સુરપાળ પોતાની બહેનને લઈને રક્ષા માટે વનમાં ચાલ્યો ગયો. રાણીને વનમાં પ્રસવ થવાથી દીકરાનું નામ વનરાજ પાડ્યું. આ વનરાજ ચાવડાને, ફાર્બસ, પરમાર માને છે તો કર્નલ ટોડ સિથિયનવંશી માને છે. જે હોય તે. વનરાજનો બાલ્યકાળ જૈનમુનિઓના આશ્રયમાં વીત્યો લાગે છે. તેની યુવાવસ્થામાં તે કાન્યકુબ્જના રાજાના પ્રતિનિધિ તરીકે કરવેરા ઉઘરાવવાના કાર્યમાં લાગેલો. બન્યું એવું કે ગુજરાતના રાજાએ કાન્યકુબ્જના રાજાને પોતાની કુંવરી પરણાવેલી, તેના દહેજમાં ગુજરાતના અમુક ભાગમાંથી કરવેરો ઉઘરાવી લઈ જવાની સત્તા પણ આપેલી, તે પ્રમાણે કરવેરો ઉઘરાવીને વનરાજ, કાન્યકુબ્જથી આવેલા અમલદારોને બધી રકમ આપી દેતો. પણ પછી તે જ રકમ લઈ જતા અધિકારીઓને લૂંટી લેતો. આ રીતે તે પોતાની શક્તિ વધારવા લાગ્યો. (શિવાજી મહારાજ પણ શરૂઆતમાં આવું જ કરતા.) આ રીતે વનરાજ એક લૂંટારાઓની ટોળી બનાવી શક્તિ વધારવા લાગ્યો. તેને અણહિલ નામનો તરવરિયો શક્તિશાળી ભરવાડ મળ્યો. બંનેએ મળીને ઉત્તર-ગુજરાત(આનર્ત)માં અણહિલપુર પાટણ નામના નગરની સ્થાપના કરી અને રાજ્યાભિષેક કરી રાજા થયો. અહીંથી ચાવડા વંશ પ્રચલિત થયો. પાટણની સ્થાપના ઈ. સ. 765માં થઈ. વનરાજ પૂરાં 109 વર્ષ સુધી જીવ્યો. પાટણ પર ચાવડા વંશ લાંબો ચાલ્યો. તેનો છેલ્લો રાજા સામંતસિંહ થયો. તેણે પોતાની બહેન લીલાદેવીનાં લગ્ન કાન્યકુબ્જના રાજા રાજી સાથે કર્યાં. રાજી સોમનાથની યાત્રા કરીને પાછો ફરતો હતો ત્યારે આ લગ્ન થયાં. રાજી અને લીલાદેવીનો પુત્ર તે મૂળરાજ.

મૂળરાજ યુવાન થયો ત્યારે પોતાના સગા મામા સામંતસિંહની ભરી રાજસભામાં હત્યા કરી ગાદીએ બેસી ગયો. હવે ચાવડા વંશની જગ્યાએ સોલંકી વંશ પ્રચલિત થયો. તેના સમયમાં સિદ્ધપુરનો રુદ્રમાળ બંધાવો શરૂ થયો. તેણે જ ઔદીચ્ય બ્રાહ્મણો તથા ઉત્તરમાંથી શ્રીમાળી બ્રાહ્મણોને ભિન્નમાળથી બોલાવીને ગુજરાતમાં વસાવ્યા.

મૂળરાજ સોલંકીની વંશપરંપરામાં છેલ્લો રાજા કરણદેવ થયો.

## કરણદેવ (1297—1304)

કરણે માત્ર સાત-આઠ વર્ષ જ રાજ્ય કર્યું. તેની લંપટ પ્રવૃત્તિએ અણહિલપુર પાટણની જાહોજલાલીનો જ નહિ સોલંકીવંશનો પણ ધ્વસ્ત કરી નાખ્યો.

કામવાસના પ્રકૃતિસહજ સૌમાં હોય છે, પણ તે સૌમાં સરખી નથી હોતી. તેના ચાર પ્રકાર છેઃ 1. ઠંડો કામ, 2. ઉષ્ણ કામ, 3. તીવ્રકામ અને 4. લંપટકામ. આ ચારે તત્ત્વો જન્મજાત પ્રકૃતિથી હોય છે. પણ સત્સંગ-કુસંગ, વાતાવરણ, સંસ્કાર વગેરેના કારણે તેમાં વધઘટ થયા કરે છે. જે ઠંડાંકામી સ્ત્રી-પુરુષો હોય છે તે સહજ રીતે સંયમ પાળી શકે છે પણ એ વિલોમ જોડું થાય તો બંને દુઃખી થાય. અર્થાત્ ઠંડી સ્ત્રી અને ઉષ્ણ પુરુષ મળે કે તીવ્ર કે લંપટ પુરુષ મળે તો બંને દુઃખી થાય. કારણ કે બંને ભિન્ન પ્રકૃતિનાં હોવાથી એકબીજાને સંતોષ ન આપી શકે. ઠંડાને ઠંડું, ઉષ્ણને ઉષ્ણ, તીવ્રને તીવ્ર મળે તો બંને સુખી થાય. પણ આ પ્રાકૃતિક સ્થિતિની જાણ તો નીવડે ખબર પડે, પતિ-પત્નીના કજોડામાં આ કામની સ્થિતિ પણ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. ધાર્મિક બંધન, ધાર્મિક વાતાવરણ, મર્યાદાઓ, સંસ્કારો, આદર્શો વગેરે રક્ષક અને પોષક બંને છે. પણ જો આમાંનું કશું ન હોય તો કામ નિરંકુશ થઈ જાય છે. જે ભયંકર પરિણામો લાવી શકે છે. ખાસ કરીને શક્તિશાળી રાજા-મહારાજાઓ જો કામથી નિરંકુશ થઈ જાય તો ઘોર અનર્થો કરી શકે છે. એટલે ચાણક્યે લખ્યું છે કે "રાજ્યમૂલમિન્દ્રિય વિજયઃ" 1/4/ અર્થાત્ રાજસુખનું મૂળ ઇન્દ્રિયવિજય છે. સંયમી રાજા જ સારો રાજા થઈ શકે છે. રાજા સ્વેચ્છાચારી ન થઈ જાય એટલા માટે કદાચ ઘણી રાણીઓ કરાતી હશે! અર્થાત્ કામાચાર કરો, પણ લગ્ન કરીને પતિ-પત્ની બનીને કરો. આ ધર્મબંધન છે. લગ્ન કર્યા વિના જ જો કામાચારની છૂટ મળી જાય તો અનર્થો સર્જાય. તેમાં પણ જો પરસ્ત્રી કે પરપુરુષ ગમી જાય અને કામાચાર થવા લાગે તો અનર્થોનો પાર ન રહે. તેથી ધર્મબંધન જરૂરી છે.

ધર્મબંધનને મોટા પુરુષો સ્વીકારે છે ત્યારે પૂરી પ્રજા ઘડાય છે. એટલે કહેવાયું છે કે “યથા રાજા તથા પ્રજા.” રાજા, પ્રજાના જીવનનો ઘડવૈયો છે.

કામાચારમાં એક ચોથું તત્ત્વ પણ છે અને તે છે ‘લંપટતા’. લંપટતા એટલે માનસિક વિકૃતિ. એવાં સ્ત્રી-પુરુષો, જે માત્ર ઉષ્ણ કે તીવ્રકામી જ નથી, પણ લંપટ પણ છે. આવાં માણસો શરીરથી જ નહિ, મનથી વધુ વિકૃત હોય છે. તેઓ આખો દિવસ ચારે તરફ નર-નારીને તાક્યા જ કરતાં ફરે છે. તેમને ખીલે બંધાવું ગમતું નથી. રૂપ અને જુવાની દ્વારા ખીલેલા પ્રત્યેક ફૂલને મેળવવા અને માણવા તે તલસે છે. જો તે શક્તિશાળી હોય તો તો પછી તેને રોકનાર કોઈ ન રહે. બેફામ બની જાય. અંતે વિનાશ નોતરી બેસે છે. પૂર્વે કહ્યું તેમ સત્સંગ-કુસંગ, વાતાવરણ, સંસ્કાર વગેરેનો થોડો પ્રભાવ રહે છે. આ પ્રભાવ પણ ન હોય તો દોડનારાને ઢાળ મળી જાય છે, ઊંડી ખીણમાં પટકાઈ પડે છે.

કરણ લંપટ નીવડ્યો. તેના દરબારમાં અનેક નાગર બ્રાહ્મણો ઊંચાં પદો પર કામ કરતા હતા. કુશળ નાગરો જન્મજાત રૂપાળા તો હોય જ છે. મુત્સદ્દી પણ તેટલા જ હોય છે. તેથી રાજકારોબારમાં તે વધુ સફળ રહ્યા છે. કદાચ થોડા અપવાદો બાદ કરતાં નાગરો વફાદારીથી રાજવહીવટ કરનારા વિશ્વાસુ દીવાનો-મંત્રીઓ રહ્યા છે. કરણને વંશપરંપરાથી નાગર મંત્રીઓ હતા, જેમાં માધવમંત્રી તેનો મુખ્યમંત્રી હતો. તેનો નાનો ભાઈ કેશવ મહેતા હતો. કેશવને અત્યંત રૂપાળી પત્ની હતી. નીતિકારે કહ્યું છે કે ‘ભાર્યા રૂપવતી શત્રુઃ’ અર્થાત્ બહુ રૂપાળી પત્ની, શત્રુનું કામ કરે છે. કારણ કે બધા લોકો તેને તાક્યા કરતા હોય છે. જો તે પતિવ્રતા હોય તોપણ અને ન હોય તોપણ. તેનાથી પતિ દુઃખી રહ્યા કરે છે. પતિવ્રતા હોય તો એટલા માટે દુઃખી રહે કારણ કે લંપટોથી રક્ષણ કરી શકાતું નથી. સૌથી અઘરું કામ સ્ત્રીનું રક્ષણ કરવાનું છે. જે પોતાની પત્નીનું રક્ષણ કરી શકે છે તે જ સુખી થઈ શકે છે. સ્ત્રી સંપૂર્ણપણે સ્વરક્ષિત નથી હોતી, તેને કોઈ બાવડાંધારી મર્દ પુરુષ જોઈએ. જો અત્યંત રૂપાળી સ્ત્રીને બાવડાં વિનાનો નામર્દ પુરુષ મળ્યો હોય તો ‘ગરીબ કી જોરુ સારે ગાઁવ કી ભાભી’ થઈ જાય. આ બધા અનર્થોથી ધાર્મિક-સામાજિક મર્યાદાઓ જ બચાવી શકે. પણ રાજાને કેવી મર્યાદા! કરણ લંપટ હતો અને તેની દૃષ્ટિ પેલી નાગરાણી પર પડી. કદાચ આવા જ કારણસર સંયમ પાળનારાઓ નીચી દૃષ્ટિ કરીને ચાલતા હશે! કદાચ આવા જ કારણસર ઘુંઘટ કે બુરખો કે ઓઝલ પડદો રખાતો હશે. નાગરાણીને જોતાં જ કરણ ઘેલો ઘેલો થઈ ગયો. ભાન ભૂલ્યો. પછી તો અનર્થોની પરંપરા શરૂ થઈ ગઈ.

નાગરાણીને પામવા તેણે પ્રયત્નો શરૂ કર્યા. પણ કેશવ આડે આવ્યો. ‘અમે તમારી નોકરી કરીએ છીએ પણ કાંઈ પત્નીની દલાલી કરનારા ભડવા નથી.’ ઘણા લોકો પોતાનું ધાર્યું પાર પાડવા માટે પત્નીનો પણ છેવટનો ઉપયોગ કરવામાં સંકોચાતા નથી હોતા. આવા લોકો કુળવાન ન હોય, કુલાંગાર હોય. આવા લોકો સગી માની પણ દલાલી ન કરે તો જ નવાઈ, તેમનો ભરોસો ન કરાય. તેમનો તો વિષ્ટાવત્ ત્યાગ જ કરાય.

કરણે જોયું કે કેશવ હશે ત્યાં સુધી નાગરાણી મેળવી શકાશે નહિ, એક પાપ બીજા મહાપાપ તરફ દોરી જાય. કરણે, કેશવની હત્યા કરી નાખી, કરણના આદિપૂર્વજ સિદ્ધરાજે પણ જશમા ઓડણને મેળવવા તેના પતિની હત્યા કરી નાખી હતી. પાછળથી આ જશમા પતિના શબ સાથે સતી થઈ હતી અને સિદ્ધરાજને શાપ આપ્યો હતો. ‘તારો વંશ નહિ રહે. તને કોઢ નીકળશે’ ચક્રવર્તી સિદ્ધરાજ ઘણા દેશો જીતી શક્યો હતો, પણ માટી ઉપાડનારી સામાન્ય મજૂરણ જશમા ઓડણને જીતી શક્યો નહિ, હારી ગયો. પતિના માથાને ખોળામાં લઈને ભડભડ બળતી જશમાને તે પશ્ચાત્તાપથી જોઈ રહ્યો. સિદ્ધરાજને તો સમર્થ મુનિ હેમચંદ્રાચાર્યજીનો સત્સંગ હતો. ન્યાયપ્રેમી માતા મીનળદેવીના સંસ્કાર હતા છતાં આવું કેમ થયું? આવી લંપટતા શું પ્રાકૃતિક હશે! ભગવાન જાણે. સિદ્ધરાજે જૂનાગઢની રાણકદેવીને પામવા માટે બાર વર્ષ સુધી જૂનાગઢ કોટને ઘેરો ઘાલ્યો. રાજા દગાથી મરાયો. રાણીને લઈને સિદ્ધરાજ પાટણ ચાલ્યો, પણ રસ્તામાં રાણી રાણકદેવી સતી થઈ ગઈ. આ રીતે પરણેલી બે સ્ત્રીઓને પામવા તેણે પામરવેડા કર્યા કહેવાય. સમર્થ મુનિ હેમચંદ્રાચાર્યજીના પ્રભાવનો શો અર્થ?

કેશવની હત્યા કરીને કરણે પોતાના અંતઃપુરમાં નાગરાણીને બેસાડી દીધી. તેણે બે મહાપાપ કર્યાંઃ એક તો બ્રહ્મહત્યા કરી અને બીજું પરાઈ બ્રાહ્મણસ્ત્રીને ભોગવી. તેના ભૂંડા દિવસો શરૂ થઈ ગયા.

પોતાના સગા ભાઈની હત્યા અને ભાભીની કલંકભરી દુર્દશા જોઈને માધવમંત્રી છંછેડાયો. આ સ્વાભાવિક છે. આવા ઘોર અપમાન અને

કર્મ વખતે પણ જે માણસ છંછેડાય નહિ તો તે નમાલો જ કહેવાય. તેણે કરણને આક્રોશપૂર્વક ખખડાવ્યો અને નાગરાણીને અંતઃપુરમાંથી ઘરે પાછી મોકલવા વિનંતી કરી, પણ કરણ ન માન્યો. ઊલટાનું તેણે માધવનું ઘોર અપમાન કર્યું.

હવે શું કરવું? માધવની ઊંઘ હરામ થઈ ગઈ. નીતિકાર કહે છે કે 'સ્વજનાપમાનઃ' અર્થાત્ જે છ તત્ત્વો અગ્નિવિના શરીર બાળ્યા કરે છે તેમાં પોતાના સ્વજનનું અપમાન પણ કારણ છે.

પ્રખર મુત્સદ્દી કોઈનું હડહડતું અપમાન ન કરે. વાણીની મીઠાશથી વ્યવહાર કરે. પછી ભલે જે કરવાનું હોય તે કરે. માધવે બદલો લેવાનું નક્કી કર્યું. માણસ ગરીબ હોય કે શક્તિ વિનાનો હોય, સૌને સ્વમાન તો હોય જ. સ્વમાની માણસ બધું સહન કરી શકે પણ સ્વમાનહીનતા સહન ન કરે. તેણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી આ પાટણને ધૂળધાણી નહિ કરું અને કરણને પદભ્રષ્ટ નહિ કરું ત્યાં સુધી પાટણનું અન્નજળ ગ્રહણ નહિ કરું. મહાપુરુષોની પ્રતિજ્ઞા પરિણામદાયી હોય છે. પ્રાણાન્તે પણ તે પ્રતિજ્ઞા પૂરી કરતા હોય છે. તેમનો જ ઇતિહાસ હોય છે. વારંવાર પ્રતિજ્ઞાભંગ કરનારાનો ઇતિહાસ નથી હોતો. સમસમી રહેલો માધવ દિલ્હી તરફ ચાલ્યો.

ચાણક્ય કહે છે કે અંગત માણસોને શત્રુ ન બનાવો. અંગ્રેજોની નીતિ એવી રહી છે કે આવા અંગત માણસોને હરાવીને જાગીર આપી દો. હાથ નીચે રાજ કરવા દો. અથવા કેદ કરીને દૂર મોકલી દો. જેથી નડે નહિ. મુસ્લિમો આવા અંગત માણસોને શત્રુતા થતાં જ મારી નાખે છે. કાં તો આંખો ફોડીને જેલમાં નાખી દે છે. રાજપૂતો આમાંથી એકે નથી કરી શકતા. તે વેરીને જીવતો રહેવા દે છે, તેને મનાવી નથી શકતા તેથી ડંખીલો શત્રુ મોકાની રાહ જોઈને ત્રાટકે છે અને સર્વનાશ કરે છે. કરણ આમાંનો છે.

21-9-09

*

## 2. અલાઉદ્દીનના સૈન્યનું ગુજરાત તથા સોમનાથ પર આક્રમણ

વેરની આગમાં બળતો માધવ દિલ્હી પહોંચ્યો. દિલ્હીમાં ત્યારે અલાઉદ્દીન ખિલજી રાજ કરતો હતો. પહેલાં થોડી તેની વિગત જાણીએ. અલાઉદ્દીન, સુલતાન જલાલુદ્દીન ખિલજીનો ભત્રીજો અને જમાઈ પણ હતો. તે સુદૂર દેવગિરિમાં આક્રમણ લઈ ગયો હતો. દેવગિરિના રાજા, રામચંદ્રને હરાવી પુષ્કળ ધનસંપત્તિ લૂંટીને પાછો દિલ્હી ફરી રહ્યો હતો. રસ્તામાં તેના વિચાર બદલાયા. આટલી બધી સંપત્તિ મેં લૂંટી અને હવે મારા કાકા(સુલતાન)ને આપી દેવાય નહિ. તેણે ષડ્યંત્ર રચ્યું. બીજી તરફ પોતાના પુત્રથી પણ વધુ વહાલો ભત્રીજો મોટું પરાક્રમ કરીને દેવગિરિને જીતીને અઢળક સંપત્તિ લાવી રહ્યો છે તેના હરખમાં જલાલુદ્દીન તેનું સામૈયું કરવા સામે ગયો. મોકો જોઈને અલાઉદ્દીને કાકાને ઝટકાવી નાખ્યો અને કપાયેલું માથું ભાલા પર ભેરવીને દિલ્હીમાં ફેરવ્યું. પોતે ગાદીએ બેસી ગયો. આવી રીતે તેણે ગાદી મેળવી હતી.

આ જ અલાઉદ્દીને મહારાણી પદ્મિનીને મેળવવા ચિતોડ ઉપર આક્રમણ કર્યું હતું. રાણા રતનસિંહજીએ કિલ્લો બંધ કરી સામનો કર્યો. અલાઉદ્દીન થાક્યો અને પદ્મિનીનું દર્પણમાં મોઢું જોઈને પાછો ચાલ્યો જઈશ તેવી શરતે તે કિલ્લામાં દાખલ થયો. દર્પણમાં મોઢું જોયું અને એને વિદાય કરવા રાણા રતનસિંહ દરવાજા બહાર નીકળ્યા. વિશ્વાસઘાત કરીને અલાઉદ્દીને તેમને પકડી લીધા અને ફરી પાછી શરત મૂકી કે રૂપરૂપનો અંબાર એવી પદ્મિની મને આપો. અંતે ડોલીઓમાં પદ્મિની સુલતાનની છાવણીમાં ગઈ. છુપાયેલા રાજપૂતો સુલતાનની સેના પર તૂટી પડ્યા. મહા ઘમાસણ યુદ્ધ થયું. રાજપૂતોએ કેસરિયાં કર્યાં અને સોળ હજાર રાજપૂતાણીઓએ જૌહર કરી પોતાને અગ્નિના હવાલે કરી દીધી. સુલતાનના હાથમાં કશું ન આવ્યું. આવા અલાઉદ્દીન પાસે માધવમંત્રી વેરનો બદલો લેવા પહોંચી ગયો. તેણે ઘણી ભેટસોગાદો સુલતાનની આગળ ધરી, પછી ગળગળા અવાજે રાજા કરણના અત્યાચારની વાતો કરી અને છેવટે સુલતાનને કહ્યું કે તમે ગુજરાત પર આક્રમણ કરો. હું તમને બધી મદદ કરીશ. રાજાની રાણી કમલાદેવી બહુ જ રૂપવતી છે તેને તમારા ચરણોમાં લાવી દઈશ. કેટલાય હિન્દુઓને ગુલામ પકડાવીશ, (1-27) વેરની આગમાં સળગતો માધવ સુલતાનને લલચાવી અને ઉશ્કેરી રહ્યો હતો.

ભારતના ઇતિહાસમાં આવાં ત્રણ નામ છે. જેમણે પોતાના અંગત વિરોધને શાંત કરવા વિધર્મી-વિદેશીઓને ગુજરાત ધમરોળવા બોલાવ્યા.

1. મુનિ કાલકાચાર્ય પોતાની બહુ રૂપાળી સાધ્વી બહેનને માળવાનો રાજા હરી ગયો તેનું વેર વાળવા તે અગિયાર શક રાજાઓને તેડી લાવ્યા અને યુદ્ધ કરાવી માળવાના રાજાને મરાવી પોતાની બહેનને અંતઃપુરમાંથી પાછી મેળવી ફરીથી દીક્ષા આપી સાધ્વી બનાવી. હા, દેશ ગુલામ થઈ ગયો.

2. વલભીનો મારવાડી કાકુ વાણિયો, જેણે પોતાની દીકરીની સોનાની કાંસકી, રાજાએ પડાવી લીધી તેનું વેર વાળવા સિંધમાંથી આરબ જમાદાર જુનેદને ચૂપચાપ બોલાવી વલભીનો નાશ કરાવ્યો. માત્ર સોનાની કાંસકીના ઝઘડામાં વલભીનાં હજાર શિવાલયો અને હજાર જિનાલયો ધ્વસ્ત થઈ ગયાં. મુસ્લિમ સત્તા સ્થાપિત કરાવી દીધી.

3. માધવમંત્રી જેણે પોતાના ભાઈની પત્ની સાથે દુરાચાર કરનાર કરણદેવ વાઘેલાનો નાશ કરવા દિલ્હીના સુલતાન અલાઉદ્દીનને ઉશ્કેરી લલચાવી પાટણ લઈ આવ્યો અને સર્વનાશ કરાવ્યો. ત્રણે પ્રસંગોમાં રાજાઓએ અન્યાય કર્યો જ છે. તેમાં જરાય શંકા નથી. પણ એ અન્યાયનો બદલો લેવા જતાં માત્ર રાજાને જ સજા નથી મળી પણ પૂરા દેશને, પૂરા ધર્મને, હજારો નર-નારીઓને સજા મળી છે. દેશ ગુલામ થયો છે તે યાદ રહે. કહેવત છે કે 'પેટનો બળ્યો ગામ બાળે.'

જેણે ચક્રવર્તી રાજા થવું હોય તેણે હંમેશાં બે બાબતોની તૈયારી રાખવી જોઈએ. એક તો તેણે વિશાળ સેના તૈયાર સ્થિતિમાં રાખવી જોઈએ અને બે, પૂરું નિમિત્ત મળતાં જ જે તે દેશ પર આક્રમણ કરી દેવું જોઈએ. પૂરું કારણ હોવા છતાં પણ જે આક્રમણ નથી કરતો તે સ્વયં પોતે આક્રમણનો ભોગ બની જતો હોય છે. આક્રમણના બે હેતુઓ હોય છેઃ એક તો સીમાનો વિસ્તાર કરવો. જો અશોક કે અકબરે આક્રમણો ન કર્યાં હોત તો ભારતની સીમા દૂર દૂર સુધી ફેલાઈ ન હોત. તો ભારત પોતે પાડોશીઓના આક્રમણનો ભોગ બન્યું હોત. કેટલીક વાર આક્રમણ કરીને સીમા વિસ્તારવાનો હેતુ ન હોય પણ પ્રભાવ વિસ્તારવાનો હેતુ હોય. પાડોશી રાજ્યોની સત્તા છીનવી લેવાની

નહિ માત્ર તેમને નમાવીને પ્રભાવ નીચે લાવવાનો, જેથી બીજું કોઈ સમર્થ રાષ્ટ્ર ત્યાં પોતાનો પ્રભાવ ઊભો ન કરી શકે. અંગ્રેજોએ આ રીતે જ ભારત પર અને વિશ્વ પર પ્રભાવ વધારીને રાજ કર્યું હતું. સીમા-વિસ્તાર અને પ્રભાવ-વિસ્તાર એ સતત પ્રક્રિયા છે. તેમાં ઢીલાશ ન મુકાય. માત્ર પોતાનું સાચવીને બેસી રહેનારા પોતાનું પણ ખોઈ બેસતા હોય છે.

સુલતાન અલાઉદ્દીન ખિલજી પોતાનાં સીમા અને પ્રભાવનો વિસ્તાર કરવાની તક જોઈ રહ્યો હતો. જે તકો મુસ્લિમ શાસકોએ ઝડપી તે રાજપૂત શાસકો ન ઝડપી શક્યા. રાજપૂતોમાં કોઈ અકબર ન થઈ શક્યો. જે અકબરે અનેક સમર્થ રાજપૂત રાજા-મહારાજાઓને મિત્ર બનાવીને તેમના દ્વારા વિશાળ શક્તિશાળી સામ્રાજ્ય ઊભું કર્યું, તે કામ કોઈ રાજપૂત રાજા ન કરી શક્યો તે હકીકત છે.

માધવમંત્રીની આજીજીથી અલાઉદ્દીનને તક મળી ગઈ. તેનું સૈન્ય હંમેશાં તૈયાર રહેતું. કારણ કે તે આક્રમક શાસક હતો. રક્ષિત શાસકનું સૈન્ય તૈયાર નથી હોતું. છેવટની ઘડીએ તૈયાર કરવું પડતું હોય છે. સુલતાને પોતાના ભાઈ અને જમાઈ ઉલુઘખાં અને નુસરતખાંને વિશાળ સેના લઈને માધવની સાથે ગુજરાત પર આક્રમણ કરી, કરણ ઘેલાને હરાવી તેની રૂપાળી રાણી કમલાદેવીને પોતાના હરમમાં લઈ આવવા હુકમ કર્યો. સુલતાને માધવનું બહુમાન કર્યું. તેને શિરપાવ આપીને પોતાનો બનાવ્યો. જેને પોતાનો બનાવી લેતાં આવડે તે મુત્સદ્દી કહેવાય.

ભારતનો ઇતિહાસ સ્ત્રીઓ માટેનાં યુદ્ધોથી ભર્યો પૂર્યો છે. અંગ્રેજો કદી સ્ત્રીઓ માટે લડ્યા નથી. સામાન્ય રીતે સેનાને તૈયાર કરતાં છ-બાર મહિનાનો સમય લાગી જતો હોય છે. પણ આક્રમક પ્રકૃતિના રાજાની સેના હંમેશાં તૈયાર રહેતી હોય છે. જેમ કે ઇઝરાયલની.

જ્યારે આક્રમણ કરવું હોય ત્યારે બે રીતે થતું હોય છેઃ એક તો પોતાના રાષ્ટ્રને પડખે જ આવેલા રાષ્ટ્ર પર અને બીજું દૂર દૂરના રાષ્ટ્ર પર—જ્યાં જતાં વચ્ચે બીજાં કેટલાંય રાષ્ટ્રો આવતાં હોય, જેની સાથે તમારી સીમા લાગુ ન થતી હોય. આમાં પહેલું આક્રમણ સીમા પરના રાજ્ય પર સરળ છે. પોતાની સીમા પર સેના ગોઠવી દો અથવા નજીક લઈ જાવ. સમય આવતાં જ હુમલો કરી દો. આવા યુદ્ધમાં પુરવઠાનો પ્રશ્ન સરળ હોય છે. જ્યારે જોઈએ ત્યારે સૈનિકો, શસ્ત્રો અને અન્નાદિનો પુરવઠો પોતાના રાજ્યમાંથી મેળવી શકાય છે. જરૂર પડ્યે પાછા પડવું હોય તોપણ સરળતાથી પાછા પડી શકાય છે.

પણ જ્યારે તમારે કેટલાંય રાજ્યોને ટપીને દૂરના કોઈ રાજ્ય પર હુમલો કરવો હોય ત્યારે તેમાં ઘણી કઠિનાઈ આવતી હોય છે. એક તો રસ્તો મેળવવાની. જે જે રાજ્યોમાંથી તમારે સેનાનું સંચાલન કરવું હોય તે રાજ્યો જો રસ્તો ન આપે તો આક્રમણ કરી શકાય નહિ. તેના ઉકેલ માટે બે રસ્તા છે. એક તો તેને સમજાવીને પોતાના પક્ષમાં લઈને રસ્તો મેળવવો. અથવા બીજો તેની સાથે યુદ્ધ કરીને, જીતીને, રસ્તો મેળવવો. યુદ્ધ કરીને રસ્તો મેળવવામાં ઘણો સમય લાગે. કદાચ યુદ્ધ ન પણ જિતાય. એટલે સમજાવીને રસ્તો મેળવવો સારી વાત કહેવાય. સમજાવવાની નીતિ ત્યારે જ સફળ રહે કે જ્યારે તમારા પ્રભાવમાં તે રાજ્ય હોય અથવા જેના પર તમે આક્રમણ કરવા માગો છો તેની સાથે તેને પણ શત્રુતા હોય. જો આ બેમાંથી એકે ન હોય તો કાંઈક લાલચ હોય. જેમ કે જો અમે જીતશું તો પરાજિત રાજાના રાજ્યમાંથી તમને અડીને આવેલો અમુક ભૂભાગ તમને આપી દઈશું. આ રીતે લાલચથી પણ માર્ગ મેળવી શકાય.

સુલતાને વચ્ચે આવતાં બધાં રાજ્યોમાં દૂતો મોકલ્યા. જે ભેટ સોગાદો લઈને જે તે રાજાઓને મળ્યા. અને બધેથી રસ્તો મેળવ્યો. જો તમારે ચક્રવર્તીરાજા તરીકે રાજ કરવું હોય તો તમારી પાસે સંપૂર્ણ નેટવર્ક હોવું જોઈએ. ઘણા દૂતો, ઘણા જાસૂસો, ઘણા રાજનેતાઓ, ઘણા સલાહકારો—આ બધું હોવું જોઈએ. ઉત્તમ કક્ષાના રાજદૂતો જ કાર્યને સફળ બનાવી શકતા હોય છે. આને માનવસંગ્રહ કહેવાય છે. ચક્રવર્તીમાં માનવસંગ્રહનો ગુણ હોવો જરૂરી છે. માનવસંગ્રહ ત્યારે જ થઈ શકે જ્યારે તમારામાં ગુણોનું પરીક્ષણ કરવાની ક્ષમતા હોય. જો આવી ક્ષમતા ન હોય તો રાજાની ચારે તરફ ખુશામતખોર ભેગા થઈ જશે. રાજાને ગમશે પણ તે કાર્યનો વિનાશ કરશે. ગુણવાન માણસોની પ્રાપ્તિ સોના કરતાં પણ દુર્લભ છે. પણ તેમને પ્રાપ્ત કરીને સાચવી જાણે તો.

ગુજરાત જતાં વચ્ચે આવનારાં બધાં રજવાડાંઓએ રસ્તો આપવાની હા પાડી દીધી. કારણ કે સુલતાનની ધાક હતી. ધાક વિના રાજ ન કરી શકાય. ધાક પરાક્રમથી જામતી હોય છે. તમારી ધાકથી તમને કોઈ નારાજ કરવાની હિંમત ન કરી શકે. તમે રીઝો તો ન્યાલ કરી શકો અને કોપો તો બરબાદ કરી શકો તેવી અનુભૂત ક્ષમતાથી ધાક બેસતી હોય છે. ધાક વિનાના રાજાઓ માત્ર વિરોધપત્રો મોકલીને સંતોષ માની લેતા હોય છે. તેથી વધારે તે કશું કરી શકતા નથી.

બધા રાજાઓએ રસ્તાની હા પાડી, પણ જાલોરના રાજા કાન્હડદે ચૌહાણે ઘસીને ના પાડી દીધી. 'હું ગુજરાતના મારા ભાઈ જેવા રાજા

ઉપર સેના લઈ જવાની રજા આપીશ નહિ. આજે તેનો વારો છે અને કાલે મારો વારો આવશે.' આમ સિંહગર્જના કરીને કાન્હડદેએ સુલતાનને નન્નો સંભળાવી દીધો.

સુલતાને ફરી સમજાવ્યો કે 'જ્યારે અમારી સેના તમારા રાજ્યમાંથી પસાર થશે, કોઈ લૂંટફાટ નહિ કરે, રંજાડ નહિ કરે. સ્ત્રી-પુરુષોને સલામત રાખશે. પણ અમને જવા દો, કારણ કે બીજો રસ્તો બહુ વિકટ છે.' પણ કાન્હડદેએ સુલતાનની વિનંતીનો મક્કમતાથી અસ્વીકાર કરી દીધો. રાજાના નિર્ણયોમાં મક્કમતા હોવી જરૂરી છે. મક્કમતા વિનાના રાજાઓ સમાધાનવાદી થઈ જતા હોય છે. સમાધાન કરવું એ સારી વાત છે, પણ માન-મર્યાદા, ધર્મ, સત્ય, આદર્શોને નેવે મૂકીને સમાધાન કરવું સારું ન કહેવાય. આવા પલટીખોર રાજાઓનો ઇતિહાસ હોતો નથી.

અંતે સુલતાનનો સેનાપતિ ઉલુઘખાં વિશાળ સેનાને લઈને નીકળી પડ્યો. તેની સેનામાં જે જે લોકો હતા તેનાં નામ નવાઈ પમાડે તેવાં છે. ફારકભાથી, બિહામણા હબસીઓ, બંગાળીઓ વગેરે. સૌમાં ફારકભાથી કઈ પ્રજા હતી તે સમજી શકાતું નથી. કદાચ ભાથીજીવાળા હોય! તેની સેનામાં સાંઢણી સવાર પણ છે. જેને તે 'રઈબારી' કહે છે. કદાચ રબારી હોય!

સેનાસંગઠન એક મહત્ત્વનો વિષય છે. જેમાં ઘણી જાતિઓ, ઘણા ધર્મોવાળા સૈનિકો હોય તેમને જાતિવાર, ધર્મવાર અલગ-અલગ સંગઠિત કરવા હિતાવહ છે. જો બધાનો ખીચડો કરવામાં આવે તો ઘણી અવ્યવસ્થા થાય. બધાની રહેણી-કરણી, આહાર-વિહાર ભિન્ન ભિન્ન હોવાથી સમૂહજીવનમાં અગવડ પડે, આથી અંગ્રેજોએ કોમવાર રેજિમેન્ટો બનાવેલી. જેમ કે શીખ રેજિમેન્ટ, ગોરખા રેજિમેન્ટ, પઠાણ રેજિમેન્ટ, બલૂચ રેજિમેન્ટ, રાજપૂત રેજિમેન્ટ વગેરે, આમ કરવાથી સમાન આહાર, સમાન પ્રાર્થના વગેરેની અનુકૂળતા રહે. પણ હા, તેમનો સેનાપતિ જુદો હોય, જેથી પૂરી રેજિમેન્ટ વિદ્રોહ કરીને નુકસાન ન કરે. પ્રાચીન કાળમાં બ્રહ્મપોળ, વાણિયાવાડ, પટેલખડકી વગેરે પદ્ધતિથી લોકો કોમવાર અલગ-અલગ રહેતા, જેથી મહોલ્લાવાર જુદું વાતાવરણ, જુદા સંસ્કાર, જુદી ભાષા, પહેરવેશ થઈ જતો, હવે ફ્લૅટ કલ્ચરમાં બધાં ભળી રહ્યાં છે, એકતા થઈ રહી છે, ને વિખવાદ પણ થઈ રહ્યો છે. કદાચ વિખવાદ બધે ચલાવી લેવાય પણ સેનામાં વિખવાદ ન ચલાવાય. સેનાનો વિખવાદ આત્મનાશ કરે. તેથી શાણા અંગ્રેજોએ કોમવાર-ધર્મવાર, સેનાનાં જુદાં-જુદાં ગ્રૂપ કરેલાં હશે.

ઉલુઘખાંની સેનામાં કહાર (ડોલી ઉપાડનારા) ભઠિયારા, (રસોઈ બનાવનારા) તબાખ વગેરે જુદાંજુદાં કામ કરનારાં કેટલાંય માણસો હતાં, સેના એટલે ટોળું નહિ. એક નખશિખ પૂરી વ્યવસ્થા. તમારે સંઘ કાઢવો હોય તોપણ પૂરેપૂરી વ્યવસ્થા કરવી પડે. તો આ તો લાખ્ખોની સેના છે. જો ખાવા-પીવા, રહેવા-સૂવા, નહાવા-ધોવામાં અસંતોષ થાય તો વિદ્રોહ થઈ જાય. એટલે પૂરેપૂરી વ્યવસ્થા રાખવી જરૂરી છે.

સેનામાં વાજિંત્રો પણ જોઈએ. શૂરાતન ચઢાવવા માટે જ નહિ, પણ આદેશ ફરમાવવા માટે પણ વાજિંત્રોનો તથા ધજાઓનો ઉપયોગ થતો. વાજિંત્રોમાં બણગાં. (ફૂંક મારીને ભયંકર અવાજ ઉત્પન્ન કરતું વાજિંત્ર. એટલે 'બણગાં' ફૂંકવાની કહેવત પડી હશે.) ઢોલ, નફેરી, કાહલ, ડંકા નિશાન વગેરે સમય-સમય પર જુદાજુદા ધ્વનિઓ ઉત્પન્ન કરતાં હતાં.

સેનાની સૌથી આગળ કોદાળિયા ચાલતા. આ લોકો રસ્તો બનાવતા. કોદાળી, પાવડાથી તીવ્ર ગતિથી રસ્તો તૈયાર થઈ જતો. પથ્થરફોડાઓ વચ્ચે આવતા પથ્થરો ને પહાડોને ફોડીને રસ્તો કરતા.

જ્યાંથી સેના પસાર થતી ત્યાંથી વન્ય પશુઓ ભાગી જતાં, અને ગ્રામીણ લોકો ઢોર-ઢાંખર લઈને દૂર દુર્ગમભાગમાં ભાગી જતાં, જો ઢોર-ઢાંખર હાથમાં આવે તો સેના મારીને ખાઈ જતી, અને માણસોને ગુલામ બનાવી કામ કરાવતા. એમ કહેવાય કે સેના જ્યાંથી પસાર થાય ત્યાં પ્રલય આવી જાય. જ્યાં નદી કે સરોવર હોય ત્યાં સેના પડાવ નાખે. આખું નગર વસી જાય.

જાલોરની સરહદે સુલતાનની સેના આવી પણ કાન્હડદેની રજા ન હોવાથી તે મેવાડ તરફ ફંટાઈ. શક્તિશાળી ધાકવાળા માણસનું ધાર્યું ન થાય તો તે ગિન્નાય. ઉલુઘખાં ગિન્નાયો પણ અત્યારે મુખ્ય કામ ગુજરાત જીતવાનું છે, સમય બગાડવાનું નથી, એમ સમજીને મેવાડના રસ્તે આગળ વધ્યો. મેવાડમાં ત્યારે રાણા સમરસિંહ રાજ કરતો હતો. તેણે સુલતાનના સૈન્યને રસ્તો આપી દીધો. હા, આ રાણા પ્રતાપનો પૂર્વજ સમરસિંહ હતો.

સુલતાનની સેના બનાસકાંઠા પહોંચી ગઈ. સર્વત્ર ગભરાટ ફેલાઈ ગયો. દોડભાગ મચી ગઈ. સૌથી પહેલો સામનો મોડાસાના ઠાકોર બતડે કર્યો. તેણે સખત મારો ચલાવ્યો. પણ સદા થતું આવ્યું છે તેમ તે એકલો હતો. હિન્દુરાજાઓ કદી સંગઠિત થતા નથી. એક પછી

એક વારાફરતી લડે છે અને મરે છે. બતડ શહીદ થયો. તેનું સૈન્ય હાર્યું. ખબર નહિ, મોડાસાના લોકોએ બતડની કોઈ યાદ રાખી છે કે નહિ! ન રાખી હોય તો કાંઈક કરવું જોઈએ જેથી પ્રજા બતડને ઓળખે. તે એટલો વીર અને બહાદુર હતો કે સ્વયં ઉલુઘખાંએ તેનાં વખાણ કર્યાં છે.

સુલતાનની સેનાએ મન મૂકીને મોડાસાને લૂંટ્યું અને છેવટમાં આગ લગાડી દીધી. દિવસો સુધી મોડાસા ધૂ ધૂ બળતું રહ્યું.

ઉલુઘખાં ત્યાંથી કાનમ, ચરોતર, બાવનખેડાર ગયો અને બધાં પરગણાં લૂંટ્યાં અને પછી બાળ્યાં. પરાજિત થયેલી પ્રજાને ગુલામ તરીકે પકડી લીધી. ત્યાંથી દંડાવ્ય થઈને ઘાંધાર ગયો. ત્યાં પણ આ જ કામ કર્યું. હવે પાટણનો વારો આવ્યો. ત્યારે પાટણ ગુજરાતની રાજધાની હતી. વનરાજ ચાવડાથી સિદ્ધરાજ અને કુમારપાળ જેવા મહાન સમ્રાટોએ તેને ભવ્ય અને સમૃદ્ધ બનાવી હતી. દૂર દૂર સુધી તેની જાહોજલાલી પંકાતી હતી. તેથી તો ખિલજીએ સેના મોકલી હતી. કરણદેવને સમાચાર મળતાં જ સાવધાની તરીકે નગરના દરવાજા બંધ કરાવી દીધા. સેનાને તૈયાર કરી, તેને ખબર પડી કે માધવમંત્રી સેના લઈને આવ્યો છે. હવે તેને ભાન થયું કે નાગરાણીને ઘરમાં ઘાલવાની કેટલી કિંમત ચૂકવવી પડશે. આવી સ્થિતિમાં પણ માધવને કરણ પર દયા આવી. તેણે સંદેશો મોકલ્યો કે ભાગી જા, શા માટે વગર મોતે મરે છે.' કોટમાં છીંડું પાડીને કરણ નાઠો. પાપ બહુ કાયર હોય છે. પણ ભાગતી વખતે રાજાની રાણી કમલાદેવી પકડાઈ ગઈ. નાની દીકરી દેવળદેને લઈને કરણ ભાગી છૂટ્યો. પાટણને પહેલાં મહમદ ગઝનીએ લૂંટ્યું હતું. પણ આ વખતે તો હદ વળી ગઈ. મુસ્લિમ સેનાએ દેરાસરોમાં ખુતબો પઢ્યો, ન ખાવાનું ખાધું, ન કરવાનું કર્યું. હજારો સ્ત્રી-પુરુષોને ગુલામ બનાવી લીધાં. રાજાના ઘોડા, હાથી, શસ્ત્રાગાર વગેરે બધું જ લૂંટી લીધું. મંદિરો, દેરાસરો ધ્વસ્ત કર્યાં અને છેવટમાં પૂરા નગરને આગ લગાડી દીધી. હાય રે પરસ્ત્રીનો મોહ, હાય રે માધવની વેરભાવના અને ગદ્દારી! કેટલાય દિવસ સુધી પાટણ અગ્નિમાં ધમધમતું રહ્યું. વેરાન થઈ ગયું. સ્મશાન થઈ ગયું.

પાટણ લૂંટીને તુર્કો, અસાવલ, ધોળકા, સુરત, રાંદેર, ચાંપાનેર જેવાં તે સમયનાં મહત્ત્વનાં નગરો લૂંટવા ચાલ્યા ગયા. ગુજરાતના મોટા ભાગને ધમરોળીને તુર્કો સૌરાષ્ટ્ર તરફ ચાલ્યા. (7-71)

કરણઘેલા અને માધવમંત્રીના પાપે પૂરા ગુજરાતનાં કેટલાંય રજવાડાં અને કેટલાંય નગરોને લૂંટાવું પડ્યું. હાહાકાર થઈ ગયો.

સૌરાષ્ટ્રમાં તુર્કોએ મેગલપુર, મહુઆ, ઊના, દાઠા વગેરે અનેક સમૃદ્ધ નગરોને લૂંટી લીધાં અને બાળી મૂક્યાં. લોકો ચારે તરફ નાસભાગ કરવા લાગ્યાં. લૂંટ કરતાં પણ ગુલામ પકડાવાનો ભય અતિ ભારે હતો. તુર્ક સેના જે સ્ત્રી-પુરુષને ગુલામ પકડતી, તેની પાસેથી આકરું કામ કરાવતી, સ્ત્રીઓ સાથે મનફાવે તેવો વ્યવહાર કરતી તેથી લોકો જાન બચાવવા કરતાં ઇજ્જત બચાવવા માટે ચારે તરફ ભાગવા લાગ્યાં. જે લોકો ભાગીને દીવ બેટમાં જતાં રહ્યાં તે જ બચી શક્યાં. ગામો બાળવાથી પૂરા સૌરાષ્ટ્ર પર ધુમાડો છવાઈ ગયો. ઉલુઘખાંની સેનાની એટલી બધી ધાક હતી કે કોઈ સામું થતું નહિ. ચારે તરફ ભાગંભાગ મચી હતી. પહેલાં ઘણાં આક્રમણો થયાં હતાં પણ આવું ભયંકર આક્રમણ તો આ પહેલું જ હતું.

સુલતાની સેના સોમનાથ પ્રભાસપાટણ પહોંચી ત્યારે સોમનાથમાં ફરીથી નવું મંદિર બંધાઈ ચૂક્યું હતું. જૂનું અને ભવ્ય મંદિર તો મહમૂદ ગઝનીના હાથે ધ્વસ્ત થઈ ચૂક્યું હતું. તેના ગયા પછી હિન્દુઓએ તેનું પુનર્નિર્માણ કરાવી દીધું હતું, ફરીથી જૂની જાહોજલાલી મેળવી લીધી હતી. સોમનાથ હિન્દુઓનું સૌથી મોટું અને પહેલું પવિત્ર તીર્થધામ હતું. મુસ્લિમશાસકોએ તેને અનેક વખત ધમરોળ્યું હતું. તેમ કરવામાં તેમને બમણો આનંદ મળતો. એક તો અઢળક લક્ષ્મી મળતી અને બીજું, મંદિર-મૂર્તિ તોડવાનું પુણ્ય મળતું. તેઓ આ કામને પુણ્યનું કામ માનતા. હિન્દુઓ દુર્બળ હતા. સંગઠિત ન હતા. વ્યૂહબાજ ન હતા. તેથી સતત હારતા રહ્યા હતા. તુર્કોએ નગરને ચારે તરફથી ઘેરી લીધું. રાજપૂતોએ નગરના દરવાજા બંધ કરી દીધા. તુર્કોની સામે રાજપૂતોની સેના સાવ નાની હતી. ધર્મની રક્ષા કરવાવાળા, વાજા, જેઠવા, ચુડાસમા વગેરે સૌરાષ્ટ્રના રાજપૂતો આવી પહોંચ્યા હતા. તે બધા રાત્રે તુર્કી સેના પર છાપો મારી નુકસાન કરી પાછા કોટમાં પેસી જતા.

તુર્કોએ હાથીનો હલ્લો કરાવી દરવાજા તોડી નાખ્યા અને સેના અંદર પેસી ગઈ. ભયંકર લૂંટફાટ ચાલી. રાજપૂતોએ કેસરિયાં કર્યાં. રાજપૂતોનાં ત્રણ જીવનમૂલ્યો હતાંઃ 1. સામી છાતીએ લડવું. 2. નાસતા શત્રુનો પીછો ન પકડવો. અને 3. સ્ત્રીઓએ જૌહરવ્રત કરી આત્મવિલોપન કરી દેવું. આ ત્રણે ખરેખર મહાવ્રતો હતાં, પણ તેથી મુસ્લિમસેનાને જ ફાયદો થતો. સામી છાતીએ લડવાને કારણે તેઓ વ્યૂહ ન બનાવી શકતા. વ્યૂહ વિના વિજય ન મળે. શૌર્ય લડે પણ વિજય તો વ્યૂહથી જ મળે. વ્યૂહમાં છળ-કપટ પણ હોઈ શકે. નાની

સેના મોટી સેનાને છળાવામાં નાખીને જ ભારે નુકસાન પહોંચાડી શકે. સામી છાતીએ લડવાથી અને પીઠ ન બતાવવાથી જલદીથી આત્મવિનાશ થઈ જતો. મરાઠા આવું ન કરતા. તેઓ વ્યૂહથી લડતા, જરૂર પડે ત્યારે પીછેહઠ પણ કરતા, કારણ કે બચેલું સૈન્ય ફરીથી ઓચિંતું હુમલો કરી શકે. મરાઠા સ્ત્રીઓ જૌહર ન કરતી. તેથી ગુપ્ત રસ્તે ભાગી છૂટવાના ઉપાયો થતા. જેથી રોયલ બ્લડ બચી જતું, જે ફરીથી હુમલા કરતું. રાજપૂતો કેસરિયાં કરતા અને શહીદ થઈ જતા. આમ કરવાથી મુખ્ય યુદ્ધ આપોઆપ સમાપ્ત થઈ જતું જેથી શત્રુપક્ષ પાછળથી નિરાંતે રાજ કરી શકતો. કેટલીયે વાર રાજપૂતો જીતતા અને મુસ્લિમ સેના ભાગી છૂટતી, પણ રાજપૂતો પીછો ન કરતા. ભાગતાને શું પકડવો? અરે! તે તો ખુદ ભાગી રહ્યો છે. આમ શત્રુને જતો કરવાથી જીવતદાન મળતું, તે ફરીથી તૈયાર થતો અને ચડી આવતો. પૃથ્વીરાજ ચૌહાણ, રાણા પ્રતાપ વગેરેને ભાગવું પડ્યું હતું. પણ શત્રુઓએ પીછો કરીને બંનેની હત્યા કરી હતી કાં પછી પકડ્યા હતા. આવું શાહાબુદ્દીન, મહમૂદ વગેરે પણ નાઠા હતા પણ રાજપૂતોએ તેમને જવા દીધા હતા. પીછો પકડીને સમાપ્ત કર્યા હોત તો કદાચ ઇતિહાસ જુદો હોત.

રાજપૂતાણીઓ અતિવીરતાથી જૌહર કરતી. જો ન કરે અને જીવતી પકડાય તો વિજેતા મુસ્લિમો તેમના શિયળને નષ્ટ કરી દેતા. તેમનાં જીવનમૂલ્યો જુદાં હતાં. સ્ત્રીઓ પણ માલે-ગનીમત છે અર્થાત્ યુદ્ધમાં મળેલો હક્ક છે. તેને તમે ભોગવી શકો, તે તમારી મિલકત છે. તેને વેચી શકો. પ્રત્યેક યુદ્ધ પછી ગુલામ પકડાયેલી કાફર સ્ત્રીઓનું બજાર ભરાતું અને ગુલામ સ્ત્રીઓ વેચાતી. મહમૂદ ગઝનીની માતા ઝાબૂલી ગુલામ સ્ત્રી હતી. રાજપૂત-રાજપૂત વચ્ચે કે રાજપૂત-મરાઠા વચ્ચે કે રાજપૂત-અંગ્રેજો વચ્ચેનાં યુદ્ધોમાં જૌહર થયું જાણ્યું નથી. માત્ર મુસ્લિમો સામેનાં યુદ્ધોમાં જૌહર થયું દેખાય છે. કારણ કે સ્ત્રીઓ પ્રત્યેનાં સૌનાં મૂલ્યો જુદાં જુદાં હતાં. એક મહત્ત્વની વાત તરફ ધ્યાન આપવા જેવું છે કે ગુજરાતમાં ક્યાંય જૌહર થયું જાણ્યું નથી. પાટણમાં કરણ વાઘેલાએ કેસરિયાં કર્યાં કે સ્ત્રીઓએ જૌહર કર્યું લાગતું નથી. આવું જ સૌરાષ્ટ્રનાં નગરોમાં પણ જૌહર થયું દેખાતું નથી. હા, રાણપુર પાસે જળજૌહર થયું જણાય છે. તે પણ ગેરસમજથી, ગેરસમજ એટલા માટે કે રાજાએ કહેલું કે અમારી ધ્વજા નીચી પડી જાય એટલે સમજજો કે અમે હારી ગયા છીએ. મહેલની ઊંચી છત પર ચઢીને રાણીઓ ધ્વજાને જોતી રહી. એકાએક પવનના વેગથી ધ્વજા પડી ગઈ. રાણીઓએ માની લીધું કે અમારા પતિ હારી ગયા છે. તરત જ કિલ્લાના કૂવામાં એક પછી એક રાજપૂતાણીઓ કૂદી પડી હતી. ખરેખર રાજપૂતો હાર્યા ન હતા. ગેરસમજ પણ કેટલા અનર્થો કરતી હોય છે!

કોઈ કાયર યોદ્ધો લડતાં-લડતાં પીઠ બતાવીને ભાગી ન છૂટે તેટલા માટે સામી છાતીએ લડવાનો આદર્શ ઊભો કર્યો હતો તે યોગ્ય જ હતો, પણ તેમાં પણ અપવાદ હોય. જીતી શકાય તેવું હોય જ નહિ તોપણ ગાજર-મૂળાની માફક કપાઈ મરવું તેના કરતા પીછેહઠ કરીને સાબૂત રહી ફરી સંગઠિત થઈને ફરી પાછા આક્રમણ કરવું તે વધુ બુદ્ધિપૂર્વકનું યુદ્ધ કહેવાય.

રાજપૂતો ટકી શક્યા નહિ, સોમનાથનું પતન થયું. જે વારંવાર અનેક સ્થળે થતું આવ્યું છે તે સોમનાથમાં પણ થયું. અર્થાત્ મૂર્તિ તોડી, મંદિર તોડ્યું, લોકોને ગુલામ બનાવ્યા, સ્ત્રીઓ પર બળાત્કારો થયા, બધું ખેદાન-મેદાન થઈ ગયું. સામે જો મુસ્લિમસેના સિવાયની બીજી સેના હોત તો આવો અનર્થ ન થાત. મંદિરો, ધર્મસ્થાનો, સાધુ-સંતો અને સ્ત્રીઓનું આટલું ઘોર અપમાન ન થાત. પણ થયું એ હકીકત છે. આવું કરનારને ભીષણ દંડ આપનાર કોઈ નહિ હોય. કારણ કે રાજાઓ બહાદુર તો હતા, પણ એકતા વિનાના અને વ્યૂહ વિનાના હોવાથી કમજોર હતા. વર્ણવ્યવસ્થાના કારણે લડનારો યોદ્ધાવર્ગ નાનો હતો, પૂરી પ્રજા લડાયક ન હતી. રાજપૂત સિવાયની પ્રજા તો સસલાં-હરણાં જેવી ગભરુ હતી.

સોમનાથમાં રાજપૂતોએ સ્નાન કરી, તુલસીમાળા ધારણ કરી, મહાદેવની પૂજા કરી, કેસરિયાં કરી, આત્મબલિદાન આપી દીધું તે માટે તેમને શતશત નમન, પણ બોધપાઠ શું લેવાનો? ફરી ફરીને આવું જ થતું રહેવાનું? સોમનાથમાં જ માધવમંત્રીની પણ હત્યા થઈ ગઈ. ગમે તેટલા ઉચ્ચ હેતુ માટે પણ ગદ્દારી કરનારની આવી જ દશા થતી હોય છે. દોષ તો કરણઘેલાનો હતો, પૂરા ગુજરાતનો તો ન હતો ને! ફળ તો પૂરા ગુજરાતને ભોગવવું પડ્યું. ખરું વેર તો ત્યારે વાળ્યું કહેવાય જ્યારે કરણને ગાદીભ્રષ્ટ કરી કોઈ બીજાને ગાદીએ સ્થાપિત કરી દેવાયો હોત.

તુર્કોએ મંદિરના બેહાલ કરી દીધા. શિવલિંગની નીચે લોઢાની સાંગ નાખીને જોરથી તેને ઉખાડી નાખ્યું અને ટુકડા કરી નાખ્યા. પૂરા મંદિરમાં જે કોતરકામ કરેલું હતું તે બધું તોડી નાખ્યું. થાંભલા પર મૂકેલી બેનમૂન આરસની પૂતળીઓ ભાંગી નાખી. મંદિરના ઘુમ્મટ પર

ચઢીને હથોડા મારી મારીને તોડી નાખ્યો. હાથીઘોડા વગેરેનાં શિલ્પો પણ તોડી નાખ્યાં. કોઈ વસ્તુ સાબૂત રહેવા દીધી નહિ. હજારો કારીગરો અને કલાકારોએ બનાવેલી મંદિરની કલાકૃતિઓ જોત-જોતામાં નષ્ટ કરી દીધી અને બધા આનંદથી નાચવા લાગ્યા.

વિદાય થતાં પહેલાં ઉલુઘખાંએ ત્યાં એક થાણેદાર નીમ્યો તેને આજ્ઞા કરી કે હવે ફરીથી હિન્દુઓ અહીં મંદિર ન બનાવે તથા પ્રતિમાની સ્થાપના ન કરે. ઉલુઘખાં સોમનાથથી વિદાય થયો. તેને ખરી મુશ્કેલી ગુલામોની હતી, સેના કરતાં અનેકગણા ગુલામો વધી ગયા હતા. તુર્ક સેના જ્યાં જતી ત્યાં લૂંટફાટ—આગજની તો કરતી જ. સૌથી મોટો ત્રાસ ભાગવાથી રહી ગયેલાં સ્ત્રી-પુરુષોને પકડીને ગુલામ બનાવવાનો હતો. આનર્ત-લાટ અને સૌરાષ્ટ્રમાંથી કવિ કહે છે કે તેણે નવ લાખ ગુલામો પકડેલા. તેમાં બ્રાહ્મણો, ગોરાણીઓ, શેઠ-શેઠાણીઓ, રાજપૂતો-રાજપૂતાણીઓ અને બાકીની બધી પ્રજાનાં માણસો હતાં, આ બધાં ભાગી ન જાય તેટલા માટે દોરડેથી એક-બીજાનાં ગળાં બાંધી હાલરાં બનાવ્યાં હતાં. જે સિપાહીએ જેટલાં ગુલામ પકડેલાં તે તેનાં કહેવાય. એટલે આવાં હાલરાં પોતાના ઘોડાના જીન સાથે બાંધીને તે ચલાવતો. જો કોઈ ચાલવામાં ઢીલો પડે તો પાછળનો સિપાહી તેને ફટકારતો. જો કોઈ બીમાર થઈને ચાલી ન શકે તો કાં તો તેને મારી નખાતો કે પછી ભૂખ્યો-તરસ્યો મરવા માટે રસ્તામાં જ છોડી દેવાતો. નવ લાખનું આ ટોળું, તેમને ખવડાવવું. પાણી, શૌચક્રિયા, સૂવાનું આ બધી વ્યવસ્થા કેવી થતી હશે! હિટલરે સાઠ લાખ યહૂદીઓને ગૅસચૅમ્બરમાં પૂરીને ગૅસના દ્વારા ગૂંગળાવીને મારી નાખ્યા હતા. હું આવો એક કૅમ્પ પોલૅન્ડમાં—ઓસવીચ જોવા ગયેલો. પણ ગૅસચૅમ્બરમાં 10-15 મિનિટમાં જ માણસો મરી જતાં. પણ આ તો દિવસો અને મહિનાઓ સુધી રિબાવાની વાત છે. એક ફેરામાં ગુજરાતમાંથી જ નવ લાખ ગુલામો પકડ્યા હશે તો આવા તો કેટલાય ફેરા મહમ્મદ બિન કાસીમથી માંડીને અત્યાર સુધી થયા હશે. પ્રત્યેક ફેરામાં કેટલા ગુલામો પકડાયા હશે? સરવાળો કરો તો આંકડો કેટલે પહોંચે? કદાચ આંકડામાં અતિરેક હોય તોપણ આ રીતે લાખો હિન્દુઓ પકડાયા હશે અને રિબાયા હશે. ત્યારે રેડક્રોસ સંસ્થા ન હતી. ત્યારે માનવહક્ક પંચ ન હતું. ત્યારે મારે તેની તલવાર હતી. જેની તલવાર મોટી તેના જુલમ પણ મોટા, તલવાર વિનાની, અહિંસાવાદી ગુજરાતી પ્રજા તો રાંકડી હતી. રાંકડી પ્રજાનો કોઈ રણીધણી ન હતો. જે હતો તે ભાગી છૂટ્યો હતો. તે હતો ત્યારે તે પોતે પ્રજાને પીડતો હતો અને હવે તુર્કો પીડે છે. પ્રજાની કેવી દશા હશે?

સોમનાથના શિવલિંગના ટુકડા કરી નાખ્યા કારણ કે તે એટલું બધું મોટું વજનદાર હતું કે લઈ જવાતું ન હતું. તેને કેટલાય બળદો જોડીને ખેંચીને દિલ્હી લઈ જવાનું હતું. ત્યાં ભઠ્ઠીમાં નાખીને તેનો ચૂનો બનાવી પાનમાં ખાઈ જવાનો હતો કે પછી દીવાલોમાં પૂરી દેવાનો હતો. (93-100)

સોમનાથ આવતી વખતે તુર્કોએ જે રસ્તો લીધો હતો તે તો હવે ઉજ્જડ થઈ ગયો હતો, તેથી બીજો રસ્તો લીધો અને તે રસ્તે પણ હાહાકાર મચાવતું સૈન્ય આગળ વધવા માંડ્યું. ગિરનારનો કિલ્લો ધ્વસ્ત કર્યો, કચ્છને ધમરોળ્યું. કંથકોટ અને ઠઠ્ઠાને ખેદાનમેદાન કરી નાખ્યું. આંધીની માફક આ જુલ્મ વર્ષાવતી આંધી બધે ફરી વળી. બધા થરથર કાંપવા લાગ્યા. સૌથી મોટો પ્રશ્ન પોતાનાં બાળબચ્ચાંને કેવી રીતે બચાવવાં તે હતો. ક્યાં સંતાવું, ક્યાં છુપાવું. આ જુવાન સ્ત્રીઓના શિયળને કેમ સાચવવું? હા, એક રસ્તો છેઃ ધર્મ બદલી લો તો વાંધો નહિ આવે. કહેવાય છે કે તુર્કોનાં પાયખાનાં સાફ કરવાના કાજે ઊંચા વર્ણના લોકોને ફરજિયાત લગાડ્યા, જે પાછળથી હરિજન (ભંગી) થયા. આજે પણ તેમની અટક જાદવ, વાઘેલા, મહીડા વગેરે તેની શાખ પૂરે છે. હાય ગદ્દારી, હાય કમજોરી!

23-9-09

*

# 3. સૈન્ય મારવાડ તરફ

નવલાખ ગુલામોનું વિશાળ ટોળું લઈને ઉલુઘખાં અને નુસરતખાંએ મારવાડમાં પ્રવેશ કર્યો. ગુજરાત તો છૂટ્યું. હવે મારવાડનો વારો હતો. ગુલામોનાં હાલરાં કરવા માટે દોરડાં ખૂટ્યાં એટલે મરેલા ઘોડા વગેરે ઢોરોનાં ચામડાંમાંથી બનાવેલી વાધરીઓથી હાલરાં બનાવ્યાં. કાચા ચામડાની વાધરીઓ તલવારની માફક ગળામાં પેસી જાય. ભયંકર પીડા થાય, શું થાય? સૂર્ય પ્રચંડ તપી રહ્યો છે. ધરતી તવા જેવી લાય લાય થઈ ગઈ છે. ઉઘાડા પગે અને ઉઘાડા શરીરે ગુલામો ઘસડાઈ રહ્યાં છે. ચીસો પાડે છે. ભૂખ-તરસથી બધાં બેહાલ થઈ રહ્યાં છે. ઉપરથી ફટકા પડે છે. રડી રડીને કલ્પાંત કરીને પોતપોતાનાં દેવ-દેવીઓને આ નરકમાંથી છોડાવવા પ્રાર્થના કરે છે. જેને રોજ નિયમિત દીવા કર્યા હતા, થાળ ભોગ ધર્યા હતા, ઉપવાસો કર્યા હતા—ન જાણે કેટકેટલું કર્યું હતું. તે કોઈ સહાય માટે આવતું ન હતું. શું આ પૂર્વનાં કર્મોનું ફળ હતું? શું આ કલિયુગ કે પાંચમા આરાનું પરિણામ હતું? શું આ નિયતિ હતી? શું ઈશ્વરની આવી ઇચ્છા હતી? શું હતું આ? ખરેખર તો આમાંનું કશું જ ન હતું. ખરું કારણ હતું કમજોરી, રાજા તથા પ્રજાની કમજોરીથી આ પરિણામ આવ્યું હતું. પણ રાજા અને પ્રજા કમજોર કેમ હતાં! પૂછો ધર્મને, કે તેં કદી કોઈને બળવાન બનાવવાનું કામ કર્યું છે? તેં કદી પૂરી પ્રજાને સંગઠિત થવા દીધી છે? હજારો પંથો, સંપ્રદાયો, પરિવારોમાં અને ગુરુઓમાં વિભાજિત થયેલી પ્રજા કદી બળવાન થઈ શકે ખરી? સરવાળા વિના બળ આવે ક્યાંથી? પણ સરવાળો હતો જ ક્યાં? બાદબાકી જ બાદબાકી હતી. લ્યો હવે ભોગવો પરિણામ. અને હા, પ્રજા પાસે શસ્ત્રો જ ક્યાં હતાં? શસ્ત્રધારીઓ સામે શસ્ત્રધારીઓ જ ટકી શકે, લડી શકે અને પરિણામ મેળવી શકે. આ તો બધાં શસ્ત્ર વિનાનાં (એટલે શૌર્ય વિનાનાં પણ) બાપડાં હતાં. બાપડાં. (બિચારાં ડુંગળી-લસણ પણ ન ખાતાં.)

માર માર કરતું તુર્કોનું સૈન્ય નવ લાખ ગુલામોને પકડીને જે રસ્તે જતું હતું, ત્યાં આગળના લોકોને ખબર પડતાં ઘણા ભાગી છૂટતા, અગમચેતી જૈન લોકો પોતાનાં દેરાસરોમાંથી પ્રતિમાઓ ઉખાડીને જમીનમાં દાટી દેતા, જેથી તેમનું રક્ષણ થાય. સેંકડો વર્ષો પછી આજે જ્યારે જમીનમાંથી આવી પ્રતિમાઓ નીકળે છે ત્યારે સમજી લેવાનું કે કોઈ આતતાયી મૂર્તિભંજકથી બચાવવા આ પ્રતિમા અહીં દાટી દેવાઈ હતી. તે હવે પ્રગટી છે. કશો ચમત્કાર નથી. ત્યારે આ જ પ્રભુ પોતાનું રક્ષણ કરી શક્યા ન હતા.

આ ગુલામોમાં જગત મિથ્યા કરીને 'અહં બ્રહ્માસ્મિ' બોલબોલ કરનારા વેદાન્તીઓ પણ હતા. જે હવે ચૂપ થઈ ગયા હતા. કેટલાય સાક્ષાત્કારીઓ, કેટલાય આત્મજ્ઞાનીઓ, કેટલાય તપસ્વી યોગીઓ ગિરનારમાંથી પકડાયા હતા. હવે કોઈ કશો ચમત્કાર કરતા ન હતા. બધા વીલે મોઢે ત્રાસ સહન ન થાય ત્યારે હાયવોય કરતા હતા. જીવન કલ્પના-આધારિત નથી ચાલતું, વાસ્તવિકતાથી ચાલે છે. રાત પડે અને આક્રાન્તા સિપાહીઓ પોતાના માટે ગુલામડી સ્ત્રીને શોધે. આ રહ્યો ઢગલો. જેના પગની પાની કોઈ જોઈ ન શકતું તેની આવી દશા હતી. હાય, કમજોરી!

ઉલુઘખાંએ વિચાર કર્યો કે આવતી વખતે મારવાડના જાલોરના રાજા કાન્હડદેએ રસ્તો આપ્યો ન હતો, હવે બદલો લેવાનો મોકો આવ્યો છે. તેણે જાલોર નજીક સારી જગ્યા જોઈને પડાવ નાખ્યો.

આક્રમણ કરનાર સેનાપતિનો પ્રથમ વ્યૂહ 'પડાવ' છે. અર્થાત્ એવી જગ્યાએ પડાવ-છાવણી નાખો જે જગ્યા ઊંચી હોય, સુરક્ષિત હોય, પાણીની સગવડવાળી હોય. જરૂર પડે તો પીછેહઠ કરી શકાય તેવી હોય. પુરવઠો મેળવી શકાય તેવી હોય. શત્રુ પર ચાંપતી નજર રાખી શકાય તેવી હોય. જો ખોટી જગ્યાએ પડાવ નંખાય તો પારાવાર અડચણ થાય. શત્રુ પાછળથી હુમલો ન કરી શકે તેવી જગ્યા હોવી જોઈએ. કુશળ વ્યૂહકાર શત્રુને પોતાને ગમતી જગ્યાએ લડવા ખેંચી લાવે જેથી તેનો પરાજય થાય. બરાબર છાવણી ગોઠવાઈ ગયા પછી તેણે કાન્હડદેને ધમકીભર્યો પત્ર લખ્યો. યુદ્ધ મંત્રણાથી થવું જોઈએ. મંત્રણા નિષ્ફળ ગયા પછી યુદ્ધ કરવાથી પોતાના પક્ષે નૈતિક દોષ નથી આવતો. જો તમારે યુદ્ધ કરવું જ છે તો પછી એવી શરતોવાળી મંત્રણા કરો કે સામો પક્ષ પૂરી જ ન કરી શકે. ઉલુઘખાંએ કાન્હડદેને લખ્યું કે:

'હવે મર્દ થાજે, હું તારા દરવાજે આવી ગયો છું. તમારા ભગવાનની મૂર્તિને કેદ કરીને દિલ્હી લઈ જાઉં છું. જો તાકાત હોય તો છોડાવ તારા ભગવાનને, જો તારામાં ડહાપણ હોય તો સામે ચાલીને આવ અને માફી માગ, શરણાગતિ સ્વીકારી લે. નહિ તો પછી યુદ્ધ માટે

તૈયાર થઈ જા.'

કવિ પદ્મનાભ કહે છે કે કાન્હડદેને તે રાત્રે સ્વપ્ન આવ્યું. મા જગદંબાએ સ્વપ્નમાં કહ્યું કે આ મ્લેચ્છોનો સંહાર કર. શિવપ્રતિમાને છોડાવ, કલ્પાંત કરતા નવ લાખ ગુલામોને છોડાવ. હું તારી સાથે છું. (128-131)

કાન્હડદેએ રાજપુરોહિત સોમચંદ વ્યાસને સ્વપ્ન કહી સંભળાવ્યું અને અર્થ પૂછ્યો. સોમચંદે હિંમત કરીને લડી લેવાનો આદેશ આપ્યો. ઘણી વાર સ્વપ્નો પણ પ્રેરણાદાયી થઈ જતાં હોય છે. મોટાં કાર્યોમાં સૌથી મોટી જરૂર આત્મબળની હોય છે. જો માણસ આત્મબળથી ભરપૂર હોય તો જ વિઘ્નો અને કઠિનાઈઓની સામે ટકી શકે. અડગ રહી શકે. આ આત્મબળ દૈવી શક્તિથી આવતું હોય છે. દૈવી પ્રેરણાથી આ કાર્ય થઈ રહ્યું છે અને તે શક્તિ મારી સાથે છે તેવી દઢ શ્રદ્ધા પ્રબળ આત્મબળ જગાડે છે. જેનામાં આવું આત્મબળ ન હોય તે લાંબો સમય ઝઝૂમી શકતા નથી. રાજા કાન્હડદે આત્મબળથી ભરાઈ ગયો.

ઉલુઘખાંનો દૂત પત્ર લઈને કાન્હડદેની સભામાં આવી ગયો. પત્ર વાંચ્યો અને સૌ સ્તબ્ધ થઈ ગયા. હવે બે જ રસ્તા હતાઃ કાં તો શરણાગતિ કાં પછી લડી લેવું. કાન્હડદેએ બીજો રસ્તો પસંદ કર્યો. સભ્યતાપૂર્ણ પણ મક્કમતાભર્યો જવાબ આપ્યોઃ અમે યુદ્ધ કરવા તૈયાર છીએ. તૈયાર રહેજો. (128-131)

ઉલુઘખાંનું સૈન્ય પડાવ ઉઠાવીને કોટની નજીક આવી ગયું. ત્યારે નજીકથી જ યુદ્ધ કરાતું. વધુમાં વધુ દૂરી બાણ જાય તેટલી રહેતી. તેથી નજીક આવવું જરૂરી થઈ જતું. દારૂગોળાનો વિકાસ થયો ન હતો. કુશળ સેનાપતિ પ્રથમ ઉપાય પોતાની સેનાની રક્ષાનો કરે. સેનાને ઇંધણાંની માફક ભડકો કરીને બાળી મૂકવાની ન હોય. તેને વ્યાપારીની મૂડીની માફક સાચવી-સાચવીને વાપરવાની હોય. ઉલુઘખાંએ હિન્દુઓ ઓચિંતાનો હુમલો કરી પડાવમાં પેસી ન જાય તે માટે તેણે ચારે તરફ લાકડાનો કિલ્લો બનાવી દીધો. એટલું જ નહિ કિલ્લાને અડીને ઊંડી ખાઈઓ પણ ખોદી કાઢી, જેથી હિન્દુઓનો હુમલો ત્યાં જ અટકી જાય. એવું લાગે છે કે યુદ્ધની બાબતમાં હિન્દુ સેનાપતિઓ કરતાં તુર્ક કે મોગલ સેનાપતિઓ વધુ કુશળ હોય છે. દૂધના ઊભરાની માફક શૌર્યનો ઊભરો પેદા કરીને લડી મરવું એ જુદી વાત છે, પણ ધીરેધીરે બુદ્ધિપૂર્વક વ્યૂહ ગોઠવીને લડવું એ જુદી વાત છે. વળી તુર્કો રાત-દિવસ હાથી-ઘોડા-ઊંટ વગેરે ઉપર પલાણ નાખીને તૈયાર રહેતા, જેથી ઓચિંતાના હુમલા વખતે તરત જ લડી શકાય. પૃથ્વીરાજની સેના પર જ્યારે પરોઢિયે ઓચિંતાનો હુમલો શાહાબુદ્દીન ઘોરીએ કર્યો હતો ત્યારે બધા તૈયાર ન હતા. પોતાનાં ઘોડાં, શસ્ત્રો વગેરે શોધવાનો અને પલાણવાનો પણ તેમને સમય મળ્યો ન હતો. એથી હારી ગયા હતા. ઓચિંતાનો હુમલો જ વધુ સફળ રહેતો હોય છે. તૈયારીમાં કચાશ એટલે પરાજયની તૈયારી. (132-134)

આ તરફ કાન્હડદેએ પણ તૈયારી કરવા માંડી. તેની પાસે ચાર મોટા સેનાપતિઓ (જનરલો) હતા. 1. જયંત દેવડો, 2. લખણ સેભટો, 3. લૂણકરણ અને 4. સાલ્હુ શોભાવત. આ ચારેને ઉલુઘખાંના સૈન્યની ગુપ્ત માહિતી મેળવવાની જવાબદારી સોંપી. ગુપ્તચરો વિના ન તો યુદ્ધ લડાય ન રાજ કરાય. સૈન્યતંત્ર કરતાં પણ ગુપ્તચરતંત્ર વધુ સક્ષમ હોય તો જ યુદ્ધ કરી શકાય. પ્રત્યેક વ્યક્તિ અને સેનાની કોઈ ને કોઈ એકાદ કમજોર કડી હોય છે. ગુપ્તચરો આ કમજોર કડીને શોધી કાઢે અને સમય રહેતાં તેના પર પ્રહાર કરાય તો વિજય મળે.

જોકે પદ્મનાભ કવિએ રાસોમાં આ ચારેને ખાનની સેનામાં ખુલ્લેઆમ જતા, ખાન સાથે વાતચીત કરતા અને ઉગ્ર સંવાદો બોલતા બતાવ્યા છે. જે શક્ય નથી. યોગ્ય પણ નથી. પણ કવિ એટલે કવિ. કલ્પના ન કરે તો કવિ શાનો? ખાનના એક સિપાહીએ આકાશમાં ઊડતી એક પંખિણીને તીર મારીને વીંધી નાખી. અર્થાત્ આવા લક્ષ્યવેધી સૈનિકો મારી પાસે છે તેવું બતાવ્યું. પણ લખણ સેભટો ક્યાં ગાંજ્યો જાય તેવો હતો? પાણીની પખાલ ભરીને એક પખાલી મોટો પાડો લઈ જતો હતો, લખણે કચકચાવીને તલવારનો ઘા કર્યો તો પખાલને કાપીને પૂરા પાડાના બે ટુકડા કરી નાખ્યા. ખાનને નવાઈ લાગી. લખણે કહ્યું, અમારા બધા જ સૈનિકો આવા મારા જેવા બળવાન છે.

ખાન કદરદાન છે. તેણે લખણને ઇનામ આપવા માંડ્યું પણ લખણે વિવેકથી અસ્વીકાર કરી દીધો. કાન્હડદેના સરદારોએ ગુલામ થયેલાં નર-નારીઓને જોયાં. બધાં કલ્પાંત કરી રહ્યાં હતાં. બધાં ભૂખ્યાં-તરસ્યાં, વિલાપ કરી રહ્યાં હતાં. કેટલાંકના શરીર પર વસ્ત્ર પણ ન હતાં, તડકામાં બધાં મુરઝાઈ ગયાં હતાં. ઘણાં બીમાર હતાં, તેમને એક આશા હતી કે જાલોરનો વીર રાજા કાન્હડદે અમને આ જીવતા નરકમાંથી છોડાવશે પણ તેમના સરદારોને ફરતા જોઈને સૌ નિરાશ થઈ ગયાં. તે સમજી ગયાં કે હવે કાન્હડદેએ સંધિ કરી લીધી છે એટલે હવે અમારી મુક્તિ નહિ થાય. પહેલાં જ્યારે યુદ્ધો થતાં ત્યારે સૈનિકોની અને પરાજિત પ્રજાની કેવી દુર્દશા થતી હશે તેનો ખ્યાલ આવશે. બીમાર, અર્ધમરેલા, અપંગ થયેલા, લોહી નીંગળતા, હજારો સૈનિકો યુદ્ધના મેદાનમાં પડ્યા રહેતા. ભારે દુઃખ સહન કરતા, અને

મરી જતા. આવું જ પ્રજાનું પણ થતું. તેમાં પણ પકડાયેલ ગુલામ થયેલી પ્રજા પર તો કેવું કેવું વીતે તેની કલ્પના માત્રથી ધ્રુજારી વછૂટે છે. દુષ્ટોને સમજાવવાથી યુદ્ધો અટકતાં નથી. તેમનો નાશ કરવાથી જ યુદ્ધો અટકે છે. તે માટે જરૂરી છે સજ્જનોની પ્રબળ સેના, પ્રબળ સેનાનાયક, મહાન રાજા, અદ્યતન શસ્ત્રો અને વીરતાની. આ બધી તૈયારી હોય તો જ દુષ્ટોને દૂર રાખી શકાય. નજીક આવે તો એવો બોધપાઠ અપાય કે ફરી યુદ્ધ કરવાની ખોડ જ ભૂલી જાય. રાણી પદ્મિની કે કમલાદેવી માટે ચઢી આવતા અધમ ઇરાદાવાળાઓને અધમતાથી મુક્ત કરી શકાય, પણ હા, જો વીરતાનો પ્રચાર કરાય તો. અહિંસાના પ્રચારથી તો શત્રુને ફાવતું જડે. આ જોઈ લ્યો, વલવલતા ગુલામોમાં રીંગણાં-બટાકાં સુધ્ધાં નહિ ખાનારાં ધર્મનિષ્ઠો વલોપાત કરી રહ્યાં છે. તેમના ગુરુઓ હવે પૂર્વનાં કર્મો કે કપરાકાળનું બહાનું કરે તોપણ વલોપાત ઓછો થતો નથી. સાચા ઉપદેશથી પ્રજાનું સાચું ઘડતર થતું હોય છે. કલ્પનાના ઘોડા દોડાવવાથી તો પ્રજા મરી જ જતી હોય છે. બિચારા કેટલાય સાચા સાધુ-સંતો-સાધ્વીઓ પણ આમાં પકડાયાં છે. કોણ તેમની મર્યાદા રાખે? કોણ તેમને માન-સન્માન આપે! ઉલુઘખાંના એક લાખના લશ્કરની સામે તેઓ બધાં નવ લાખ છે. ધારે તો સંગઠિત થઈને દેકારો મચાવે તોપણ ઘણાં છૂટીને ભાગી શકે છે. પણ એવું ઘડતર જ નથી થયું. કતલખાને જતી બકરીઓએ કદી ક્રાન્તિ કરી જાણી છે? તે તો બિચારી, વગર મોતે અને ઘસડાઈ ઘસડાઈને કતલ થવા જ જન્મી છે. આવું જ અસંગઠિત અને વીરતા વિનાનાં માણસોનું થઈ રહ્યું છે. બે દિવસમાં યુદ્ધ કરવા આવીશું તેવું કહીને ચારે સરદારો વિદાય થયા. અને જાલોર કિલ્લામાં જઈને કાન્હડદેને બધી માહિતી આપી. ગુલામોની સ્થિતિ સાંભળીને તથા ભગવાન સોમનાથની પ્રતિમાની દશા સાંભળીને તેનું હૃદય ભરાઈ આવ્યું. તેણે તરત જ પ્રતિજ્ઞા કરી કે હવે તો હું ત્યારે જ અન્ન ખાઈશ કે જ્યારે ભગવાન સોમનાથને અને ગુલામ પકડાયેલાં નર-નારી-બાળકોને છોડાવીશ.' (આવી પ્રતિજ્ઞા ન કરાય, આ રાજપૂતી ઉતાવળ કહેવાય.) (180-182)

કાન્હડદેએ ચારે તરફ પત્રો લખી રાજપૂતોને બોલાવ્યા. (ખરેખર તો આ કામ ઘણું પહેલાં થઈ જવું જોઈતું હતું.) જ્યારે તેણે માર્ગ આપવાની ના પાડી ત્યારે જ તેને ખ્યાલ આવી જવો જોઈએ કે હવે યુદ્ધ કરવું જ પડશે. સોમનાથના સમાચાર સાંભળ્યા પછી અને ખાન આ તરફના માર્ગે દિલ્હી જવા આગળ વધી રહ્યો છે તેવું જાણ્યા પછી તો એક પળની પણ વાર કરાય નહિ. આપણે છેવટની ઘડીએ તૈયારી કરનારી પ્રજા છીએ. ખરેખર તો સામે ચાલીને ખાનને પ્રતિકૂળ હોય તેવી જગ્યાએ વ્યૂહ રચવો જોઈએ. જેથી નગર તથા પ્રજા બચી જાય.

તે વખતે છત્રીસ રાજવંશો ચાલતા હતા. તે બધા રાજપૂતોને ભેગા કર્યા. તે વખતના ઘોડાઓનાં નામ કવિએ આવાં લખ્યાં છે. ખુરાસાની, તુરકી, સૂડાપંખા, કિહાડા, નીલડા વગેરે. બધાએ પલાણ ઉપર કંકુના થાપા લગાવ્યા. ફૂમતાં લટકાવ્યાં, દાગીના પહેરાવ્યા, ઘૂઘરીઓ બાંધી, સજીધજીને રણબંકા જાનમાં જતા હોય તેમ વિદાય થયા. રાજપૂતોએ બખતર પહેર્યાં હતાં, બધાં—જાતજાતનાં શસ્ત્રો સજ્યાં હતાં. મા આશાપુરાની પૂજા કરી, આશીર્વાદ માગ્યા. હે મા, અમને જિતાડજે. (183-191)

સેનાની પૂરી વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી હોય છે. રોજ મોટાં-મોટાં કડાયાંમાં રસોઈ થતી. માતાજીને નૈવેદ્ય ધરાવાતું. અને પછી સૌને પ્રેમથી જમાડાતાં. કાન્હડદે પોતાના હાથે સૌને પાનનાં બીડાં આપતા.

ઘોડાઓને ગંગાજળથી નવરાવ્યા. બખતર પહેરાવ્યાં જેથી શત્રુનો ભાલો, બાણ કે તલવાર અસર ન કરે. પચીસ વર્ષથી ઉપર અને પચાસ વર્ષથી નીચેના ક્ષત્રિય યોદ્ધાઓ ઘોડે ચઢ્યા. કવિ તેમના અનેક ગુણોને વખાણે છે તેમાં 'પરનારી સહોદર' શબ્દ મૂક્યો છે. અર્થાત્ પરનારીને સગા ભાઈ જેવા. આ રાજપૂતી સંસ્કૃતિ છે. જે મુસ્લિમો પાસે નથી. બંનેની સંસ્કૃતિ અને જીવનમૂલ્યોમાં આકાશ પાતાળનું અંતર છે. તેથી તેમના માટે કવિ ઘણી વાર મ્લેચ્છ શબ્દ પણ વાપરે છે. ભલે બળના જોરે તેમણે રાજ કર્યું પણ પ્રજાનું હૃદય તેઓ ભાગ્યે જ જીતી શક્યા હતા. કવિ કહે છે કે કાન સુધી લાંબી થયેલી આંકડો ચઢાવેલી મૂછોવાળા (આકર્ણાંત મુછાળા) અને નાભિ સુધી લાંબી દાઢીવાળા યોદ્ધાઓ ચારે તરફ તૈયાર થઈ ગયા. પ્રાચીનકાળથી પૂરા વિશ્વમાં દાઢીમૂછ વધારવાનો રિવાજ હતો. પશ્ચિમમાં પણ જૂના રાજાઓનાં ચિત્રો દાઢીમૂછવાળાં દેખાય છે. ભારતમાં પણ રાજપૂતો (સામાન્ય પ્રજા પણ) દાઢીમૂછ રાખતા, વારંવાર આમળા દેવાથી મૂછ ઊંચી અણીદાર થઈ જતી. તેથી રાજપૂતોનું વ્યક્તિત્વ દીપી ઊઠતું. વીરતા પ્રગટ થતી. સામાન્ય પ્રજા મૂછને આંકડો ન દઈ શકતી. મુસ્લિમોએ દાઢીમૂછને એવી રીતે કપાવી કે જેથી ખાવા-પીવામાં સ્વચ્છતા રહે. અને તેમની વિશેષ ઓળખ થઈ જાય. તે બહુ લાંબી દાઢી નથી થવા દેતા. શીખો દાઢીને એવી રીતે વળ ચઢાવીને વાળી દે છે કે તે લટકતી ન રહે. કાળાંતરે ગોરી પ્રજાએ રેઝરનો વિકાસ કર્યો.

રોજેરોજ દાઢી કરવાની તેમની પ્રથા છે. પછી તો દાઢીમૂછ સફાચટ થઈ ગઈ. દાઢીમૂછ વિનાના ચહેરાની સાફ-સફાઈ સારી રહે. હિન્દુઓએ જેમ ચોટીને ધર્મનું અંગ માની લીધું તેમ મુસ્લિમોએ પણ દાઢીને ધર્મ સાથે જોડી દીધી. આમ કાન્હડદેના સૈનિકો લાંબી દાઢીવાળા હતા. કવિએ એક વિશેષણ બહુ પ્રેરક આપ્યું છે.

## 'પડ્યા નઈ શવભણી નમસ્કાર કરઈ'

અર્થાત્ જે ઘાયલ થઈને પડેલો યોદ્ધો છે તેના પ્રત્યે માન અને દયા ધરાવનાર તથા યોદ્ધાના શબને નમસ્કાર કરનારા યોદ્ધાઓ હતા.

યુદ્ધોમાં પણ જીવનમૂલ્યો તો હોય જ છે. શસ્ત્રવિનાનો, પડેલો, ઘાયલ વગેરે યોદ્ધા સાથે યુદ્ધ ન કરાય. તેને બંદી બનાવાય કે પછી મદદ કરાય. અને જે યોદ્ધો મરણ પામ્યો છે તેના શબને માન અપાય. નમસ્કાર કરાય. ધન્ય છે. યુદ્ધભૂમિમાં તું શહીદ થયો એમ કહીને તેને વંદન કરાય. ભલે તે શત્રુપક્ષનો જ યોદ્ધા કેમ ન હોય.

આવા અનેક શૂરવીર અને નીતિવાળા યોદ્ધાઓના મોટા કટકે બખ્તર ધારણ કર્યાં. અને છત્રીસ પ્રકારનાં શસ્ત્રો ધારણ કર્યાં. તે વખતે નજીકની લડાઈ લડાતી. તેમાં છત્રીસ પ્રકારનાં કયાં કયાં શસ્ત્રો હતાં તેનો ઉલ્લેખ મળ્યો હોત તો સારું થાત. આ કટકના ચાલવાથી એટલી બધી ધૂળ ઊડી કે સૂર્ય ઢંકાઈ ગયો. બંદીજનો શૂરાતન ચઢાવનારી બિરદાવલી ગાતા ગાતા સાથે ચાલ્યા. યોદ્ધા યુદ્ધ નથી કરતા, તેનું ઝનૂન યુદ્ધ કરે છે. ઝનૂન વિનાનો માણસ યુદ્ધ ન કરી શકે. બધાં માણસોમાં ઝનૂન નથી હોતું. તે ઠંડા માણસો વ્યાપાર-ધંધો તો કરી શકે, યુદ્ધ ન કરી શકે. માણસ ભીમ જેવો પહેલવાન હોય પણ ઝનૂન વિનાનો હોય તો યુદ્ધ ન કરી શકે. ઝનૂન ચઢતું-ઊતરતું હોય છે. ઝનૂન ઊતરી જાય તો સેના સારી રીતે યુદ્ધ ન કરી શકે. જ્યારે ભરપૂર ઝનૂન ચઢ્યું હોય ત્યારે યોદ્ધાને પકડી રાખવો પડે તેટલો ધસારો કરે. સતી થનાર સ્ત્રીને પણ ઝૂનન ચઢે. ઝનૂન વિનાની સ્ત્રી સતી ન થઈ શકે. માત્ર ડહાપણથી યુદ્ધ ન થઈ શકે. હા, વ્યૂહ થઈ શકે. આવા ઝનૂનને ચઢાવવા માટે યુદ્ધમાં બારોટ, ચારણ, ગઢવી વગેરે વારંવાર શૂરાતનવાળાં ગીતો ગાતા. વાજિંત્રો વાગતાં, જેથી યોદ્ધાઓ ઘરનો, બાળબચ્ચાંનો મોહ ભૂલીને ગાંડા થઈને શત્રુઓ પર તૂટી પડતા. સેનામાં ભરતી કરતી વખતે માત્ર તેની શારીરિક સ્થિતિ જ જોવાની ન હોય. તેનું ઝનૂન પણ જોવાનું હોય. દૂબળો-પાતળો પણ જો ઝનૂની હશે તો પરાક્રમ કરશે અને શત્રુ પર તૂટી પડશે. ઝનૂન વિનાના લોકો ભાગી છૂટવાનો લાગ શોધતા હોય છે. તેમનાથી વિજયી પરિણામો ન મેળવી શકાય. કવિ કહે છે કે કાન્ડહદેની સેનામાં અનેક વીર યોદ્ધાઓ પૂરા ઝૂનન સાથે યુદ્ધ કરવા નીકળી પડ્યા.

## ઉલુઘખાંનો પરાજય

યુદ્ધ શરૂ થઈ ગયું. હાથી, ઘોડા, પાયદળ સૈનિકો મરણિયો હુમલો કરવા લાગ્યા. મોટા ભાગના કિલ્લાઓ ઊંચા ડુંગરા ને ટેકરા પર બંધાયેલા હોય છે. જેથી શત્રુને યુદ્ધ કરવામાં અડચણ પડે અને પોતાનું રક્ષણ થાય. અહીં કાન્હડદે તો ગઢથી નીચે ઊતર્યો છે. નીચે તળેટીમાં ખાનનું સૈન્ય તૈયાર ઊભું છે.

જયંત દેવડો ઊકળી ઊઠ્યો છે. તેણે આજ્ઞા લઈને ખાનની સેના પર પ્રથમ હુમલો કરી દીધો. ગુપ્તચરોની બાતમીના આધારે દેવડાએ વ્યૂહ ગોઠવ્યો. બીજી તરફ કાન્હડદેના ભાઈ માલદેએ પણ ભારે કરી. રાતનો સમય હોવાથી એક તરફ ચાર હજાર દીવા પ્રગટાવ્યા જેથી ખાનની સેના સમજે કે રાજપૂત સેના આ તરફથી આવી રહી છે. સાતસો ઢોલ વગાડ્યા. ભારે હોહાકારો મચાવ્યો. ખાનનું લશ્કર તે તરફ લડવા ભાગ્યું તો આ તરફથી માલદેએ ત્યારે હુમલો કરીને ખાને જે લાકડાનો કિલ્લો બનાવ્યો હતો તે તોડી નાખ્યો. અને સળગાવી દીધો, માલદેનું લશ્કર અંદર પેસી ગયું. ચારે તરફ મારો-કાપો મચી ગયું. હાહાકાર થઈ ગયો. ખાનનું લશ્કર મરવા-કપાવા લાગ્યું. ભાગંભાગ મચી ગઈ. (196-204)

એક ખવાસે જઈને ઉલુઘખાંને બધા સમાચાર આપ્યા. તે સફાળો તૈયાર થયો અને જે તરફ દીવા બળતા હતા તે તરફ સેના લઈને ચાલ્યો. ચારે તરફથી રાજપૂતો તૂટી પડ્યા. રાતના બાર વાગ્યે લડાતા આ યુદ્ધનું કવિએ ગજબનું વર્ણન કર્યું છે. ખાનના સૈનિકો એટલા બધા કપાઈ ગયા હતા કે ક્યાંય પગ મૂકવાની જગ્યા રહી ન હતી. પૂરી છાવણીને નષ્ટભ્રષ્ટ કરી નાખી હતી.

રાજપૂતો પેલા ગુલામોના વાડામાં પહોંચી ગયા અને એકેએકનાં ચામડાની વાધરીઓવાળાં બંધનો કાપી નાખ્યાં. બધાંને મુક્ત કરી દીધાં. આ વખતે ગુલામ થયેલાં સ્ત્રીપુરુષોને જે આનંદ થયો તેની કોઈ ઉપમા આપી શકાય નહિ. આ જ કારણે હિન્દુઓ ઉદ્ધારકોને ભગવાન

માનતા હશે.

રાજપૂતોએ કેટલાય સરદારોને કેદ પકડ્યા. કેટલાયને મારી નાખ્યા. મોટો સરદાર ઉમરાવ સાદી મલેક રણમાં મરાયો. હવે ઉલુઘખાં એકલો જ બચી ગયો અને તે જીવ બચાવવા નાઠો. સવાર પડી ગયું. અજવાળામાં હજારો શબો જોયાં, શોધીને ભગવાન સોમનાથની પ્રતિમા મુક્ત કરાવી. નવ લાખ ગુલામો આનંદની કિકિયારીઓ પાડવા લાગ્યાં. ભાટ-ચારણોએ ગાયુંઃ કાન્હડદે સાક્ષાત્ ભગવાન કૃષ્ણનો અવતાર છે. (215-236)

વિજય મેળવીને ભગવાન સોમનાથને લઈને કાન્હડદે જાલોર નગરમાં પાછો ફર્યો. નગરવાસીઓએ સર્વત્ર વધામણાં કર્યાં. ચારે તરફ આનંદ-આનંદ થઈ ગયો. બધાં ગુલામીથી મુક્ત થયેલાં નર-નારીઓને ભાથાં બંધાવીને પોત-પોતાના ગામ વિદાય કરી દીધાં.

તુર્કોએ ભગવાન સોમનાથના પાંચ ટુકડા કરેલા તેમાંથી એકને સોરઠ, એક વાગડ, એક આબુ, એક જાલોર, અને એક ખંડને પોતાના મહેલમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. આમ પાંચ સ્થળે શિવપૂજા થવા લાગી. (250-256)

આ રીતે કાન્હડદેએ વિજય પ્રાપ્ત કર્યો. તેનો પ્રથમ ખંડ કવિએ પૂરો કર્યો.

23-9-09

*

## 4. પરાજયથી કોપાયમાન બાદશાહનું પુનઃ આક્રમણ

કેટલીક વાર અતિઆદર્શવાદ, આત્મઘાતી પણ થઈ શકે છે. તુર્કોનું સૈન્ય અને ઉલુઘખાં બંને હારીને દિલ્હી તરફ ભાગ્યાં. પણ રાજપૂતોએ તેમનો પીછો કરીને નાશ ન કર્યો. કારણ કે ભાગતાનો નાશ ન કરવો તેવો આદર્શ હતો. ચાણક્યનું તો કથન છે કે શત્રુરૂપી કાંટાને મૂળમાંથી ઉખાડી નાખવો. તેને જીવતો ન રહેવા દેવાય. ભાગેલું સૈન્ય જેમતેમ કરીને કેટલાય દિવસે દિલ્હી પહોંચ્યું. હાર નામોશીભરી હોય છે. હારને કોઈ વધાવતું નથી. હારને પચાવવી બહુ કઠિન હોય છે. પણ જ્યાં વિજય હોય ત્યાં પરાજય પણ હોઈ શકે છે. ઉલુઘખાં મોઢું સંતાડીને રાત્રિના સમયે દિલ્હીમાં પેસી ગયો. તુર્ક યોદ્ધાઓની વિધવા થયેલી બેગમોએ હાહાકાર મચાવ્યો. યુદ્ધમાં માત્ર યોદ્ધો જ નથી મરતો, તેની સાથે તેનો પરિવાર પણ જીવતો મરી જાય છે. પત્ની અને બાળકો અનાથ થઈ જાય છે. વિજય પણ પાછળ ઘણા પ્રશ્નો મૂકે છે, તો પરાજયની તો વાત જ શી કરવી? પરાજય પછી જીવિત બચેલા યોદ્ધાઓ અપમાનિત જીવન જીવતા થઈ જતા હોય છે. સ્વમાની વ્યક્તિઓ માટે જીવનભર અપમાનનું કલંકિત જીવન જીવવું બહુ જ ત્રાસદાયી થઈ જતું હોય છે. યશસ્વી જીવન, બધાના નસીબમાં કાયમ લખાયેલું નથી હોતું. પરાજયમાં દોષનો ટોપલો કોઈ ઉપાડવા તૈયાર નથી હોતું. સૌ એકબીજાના ઉપર દોષ ઢોળતા હોય છે.

ઉલુઘખાંની સ્થિતિ બહુ કફોડી થઈ ગઈ. તે બહુ મહાન સેનાનાયક હતો. તેણે કેટલાય વિજયો પ્રાપ્ત કર્યા હતા. જેમાં મંગોલોની સાથે કેટલીયે વાર ક્રૂર યુદ્ધો કરીને મંગોલોને મારી હઠાવ્યા હતા તથા દિલ્હીને બચાવી હતી. પણ દુનિયાનો એક વિચિત્ર નિયમ હોય છે. ‘તમારી નિષ્ફળતા, પહેલાંની હજાર સફળતાઓને ધોઈ નાખે છે.’ છેવટે વાત બાદશાહ પાસે પહોંચી. અલાઉદ્દીન ખિલજીને ભારે આઘાત લાગ્યો. આજ સુધી ખિલજીની સેના કદી હારી નથી. અરે, તેની ધાક જ એટલી બધી છે કે લોકો યુદ્ધ કર્યા વિના જ હાર માનીને ખંડણી આપતા થઈ જાય છે. જોયું નહિ, પાટણનો રાજા કરણ વાઘેલો યુદ્ધ કર્યા વિના જ પાટણ છોડીને ભાગી ગયો! અરે તેની મહારાણી કમલાદેવીને બંદી બનાવી તરત જ માનસન્માન સાથે દિલ્હી મોકલી દેવાઈ. પાટણથી દિલ્હી જતાં એક મહિનો તો જરૂર લાગે. પણ રસ્તામાં કોઈ રાજપૂત રાજાઓએ તેનો બચાવ ન કર્યો. ધાર્યું હોત તો કોઈ સાહસી વીર તેને છાપો મારીને પણ છોડાવી શક્યો હોત. પણ બાદશાહની ધાક એવી હતી કે કોઈ કશું જ ન કરી શક્યો. આવી સેનાને જાલોરના ચૌહાણ રાજાએ ભૂંડી રીતે હરાવી ભગાડી મૂકી તે ઓછી શરમની વાત ન કહેવાય.

પરાજિત સેના માત્ર ભાગીને જાન જ નથી બચાવતી, તે લૂંટાઈ પણ જાય છે. તેના હાથી-ઘોડા, સર-સામાન, શસ્ત્રો વગેરે બધું જ ચૌહાણોએ લૂંટી લીધું હતું, જેને ફરીથી મેળવવું ઘણું કઠિન કામ થઈ જતું હોય છે. સેનાની એક રેજિમેન્ટ કે બ્રિગેડ જ ઊભી કરવી એ એક મોટા કારખાનાને ઊભા કરવા જેવું અથવા મોટા ડેમને ઊભા કરવા જેવું ખર્ચાળ અને કઠિન કામ હોય છે. સૌથી મોટું નુકસાન તો પરાજિત પક્ષને પ્રભાવહીનતાનું થતું હોય છે. પરાજિત રાજા પ્રભાવહીન થઈ જતો હોય છે. તેના બીજા ખંડિયા રાજા સ્વતંત્ર થઈ જતા હોય છે. તેના આડોશી-પાડોશી માથું ઊંચકતા હોય છે. વર્ષોની મહેનત પછી પ્રભાવ જામતો હોય છે. પરાજય થતાં જ તે પ્રભાવ નષ્ટ થઈ જતો હોય છે. પ્રભાવહીન જીવન મરણ જેવું થઈ જતું હોય છે.

બધા સમાચાર સાંભળીને બાદશાહ કોપાયમાન થઈ ગયો. મોઢામાંથી પાનનું બીડું થૂંકી દીધું. ‘હવે ઉલુઘખાં મને મોઢું ન બતાવે તો સારું.’ તેવી ગર્જના કરી. રાજા કદી પણ કોઈનો મિત્ર હોતો નથી. તે માત્ર સ્વાર્થનો જ મિત્ર હોય છે. જો સ્વાર્થ પૂરો ન થાય અને નુકસાન થાય તો ગમે તેને ઘીમાં પડેલી માખીની માફક ફેંકી દેતાં વાર નથી કરતો. અનેક વિજયો અપાવનાર ઉલુઘખાંની આવી જ દશા થઈ.

બાદશાહે તરત જ ગુપ્તમંત્રણા બોલાવી જેમાં નાહર મલિક અને ભોજલ ખાંડાધર મુખ્ય હતા. કુશળ-મુત્સદ્દી રાજા મંત્રણા કર્યા વિના કોઈ મહત્ત્વના કાર્યનો નિર્ણય ન લે. જે વગરમંત્રણાએ મહત્ત્વના નિર્ણયો કરી લેતા હોય છે, તે ઘણી વાર ભૂલો કરી બેસતા હોય છે. કાર્યની નિષ્ફળતા વખતે બધો ટોપલો તેમને ઉપાડવો પડતો હોય છે. મંત્રીઓની સ્વીકૃતિ લીધા વિના કાર્ય કરવાથી મંત્રીઓ, સેનાપતિઓ નારાજ રહેતા હોય છે અને મન મૂકીને કામ કરતા નથી હોતા. એટલે ભલે પોતાનું ધાર્યું કરે પણ રાજાએ મંત્રીઓ તથા સેનાપતિઓની સાથે મંત્રણા તો જરૂર કરવી જોઈએ.

## જાલોર પર ફરી આક્રમણ

મંત્રણાને અંતે નક્કી થયું કે જાલોર પર ફરી આક્રમણ કરવું, ચૌહાણોનો ગર્વ ઉતારવો; ભલે ગમે તેટલો ખર્ચ થાય કે ગમે તેટલી જાન જાય પણ પરાજયના કલંકને અવશ્ય ધોઈ નાખવું.

નાહર મલિકની આગેવાની નીચે મોટું લશ્કર તૈયાર થયું. આટલું મોટું લશ્કર પહેલાં કદી લડાઈ કરવા ચઢ્યું ન હતું. સૌમાં ભારે ઉત્સાહ હતો. બાદશાહની આગળ જાલોરના ચૌહાણો તો મગતરા બરાબર હતા તેવું તે બધા માનતા હતા. અંતે સેના ઊપડી. ઢોલ-નગારાં-ત્રાંસા વગાડતાં-વગાડતાં સેના જ્યાંથી પસાર થતી તે ગામોને, ખેતરોને જંગલને સાફ કરી નાખતી. પહાડો ચઢીને અંતે તુર્ક સેના સમિયાણા નગર પહોંચી.

## સમિયાણા યુદ્ધ

સમિયાણામાં કાન્હડદેનો ભત્રીજો સાંતલદે રાજ કરે છે. જાલોર જીતતાં પહેલાં નાહર મલિક સમિયાણાને જીતવા માગે છે. સાંતલને જ્યારે ખબર પડી કે તુર્કો મારા રાજ્યમાં આવી પહોંચ્યા છે ત્યારે તેના ક્રોધનો પાર ન રહ્યો. તેણે પણ પોતાનું સૈન્ય તૈયાર કર્યું. ગામેગામથી રાજપૂતો શસ્ત્ર સજીને આવી પહોંચ્યા. કાન્હડદે પણ તૈયાર ઊભો છે. સાંતલનો સંદેશો આવે કે તરત જ કુમક મોકલવા તૈયાર છે.

સમિયાણાના ચૌહાણને મંજોહરા ચૌહાણ કહેવાય છે. પોતાના સાથીઓ સાથે મંજોહરા તુર્કો પર તૂટી પડ્યા. તુર્કોને પાછળ ધકેલી દીધા. સાંતલે 600-700 ઘોડાઓ પડાવી લીધા. તે ઘોડા તેણે જાલોર ભેટ મોકલી દીધા. ભત્રીજાનું પરાક્રમ જાણીને કાકાની છાતી ગજગજ ફૂલી ઊઠી.

સાંતલ તુર્કોની છાવણી પર તૂટી પડ્યો. ઘણા તુર્ક સરદારોને મારી નાખ્યા અને સેનાને નસાડી મૂકી. ફરી પાછી એ જ ભૂલઃ ‘ભાગતાને મરાય નહિ’ રાજપૂતો શાંત થયા. પણ નાહરે થોડે દૂર જઈને ફરીથી સેનાને એકઠી કરી અને ફરીથી પ્રબળ હુમલો લઈ આવ્યો. યુદ્ધ, સેનાપતિ લડતો હોય છે. સૈન્ય તો શૌર્ય બતાવે પણ સેનાપતિ વ્યૂહ બતાવે. પરાજિત સેનાનું ફરીથી સંગઠન કરવું. ફરી ઝનૂન પેદા કરવું અને લડવું એ કુશળ સેનાનાયક જ કરી શકે. સામાન્ય રીતે એક વાર જો સેનાના પગ ઊપડી જાય તો તબડક તબડક કરતી સેના અવ્યવસ્થિત રીતે ભાગી જાય, તેને ભેગી ન કરી શકાય. પણ નાહરે ફરીથી સેના ભેગી કરી અને ફરી પાછો હુમલો કરી દીધો. સમિયાણાને ચારે તરફથી ઘેરો ઘાલી દીધો. કાન્હડદેને કોઈએ સમાચાર આપ્યા કે સાંતલ કિલ્લામાં ઘેરાઈ ગયો છે. તરત જ સવા લાખ યોદ્ધાઓ સાથે મારમાર કરતો કાન્હડદે સમિયાણા આવી પહોંચ્યો. આવી જ રીતે જો રાજપૂત રાજાઓ એકબીજાની મદદે દોડી આવ્યા હોત તો દિલ્હી પર તુર્કોનું રાજ્ય ન હોત.

સાંતલદે ગઢ પરથી પોતાનું સૈન્ય લઈને તુર્કોનો ઘેરો તોડવા નીચે ઊતર્યો તો બીજી તરફ કાન્હડદે સેના સાથે ચઢી આવ્યો. તુર્કો હવે ચારે તરફથી ઘેરાઈ ગયા. ભયંકર યુદ્ધ થયું. નાહર મલિક મરાયો. બીજા પણ કેટલાય સરદારો મરાયા. રાજપૂતોમાં વીરયોદ્ધો સિંઘલ પણ વીર ગતિને પ્રાપ્ત થયો. ભોજલ ખાંડાધર પણ મરાયો. તુર્કોનો નાશ કરીને કાન્હડદે પાછો જાલોર આવ્યો. સાંતલ પણ પાછો સમિયાણા પહોંચી ગયો.

## અલાઉદ્દીનનો રોષ

તુર્કોના પરાજયના સમાચાર જાણીને અલાઉદ્દીન ખિલજી બેબાકળો થઈ ગયો. તેણે તરત જ સરદારો સાથે મંત્રણા કરી. ખાનજહાઁ, મલેક ઇમાદલ, મલેક નેબ અને મલેક કમાલુદ્દીનને બોલાવ્યા. સૌને કહ્યું કે કાન્હડદે સામે આપણે બે વાર હાર્યા છીએ. (2-57-61) અત્યાર સુધી મેં ગૌડ, ચોલ, ગજની, કનોજ, મહારાષ્ટ્ર, લાટ, સિંધ, સવાલખ, ગુજરાત, સોરઠ વગેરે દેશો જીતી લીધા છે. માળવા, ચંદેરી, માંડવ, સારંગપુર, નાગોર, રણથંભોર અને ચિતોડ જેવા મોટા મોટા દુર્ગો પણ કબજે કર્યા છે. યમુના તીરે મથુરા, કાકપુર, ભોજપુર, ઉડિસા વગેરેને બળપૂર્વક કબજે કર્યાં છે. હિન્દુસ્તાન, પાંડ્ય દેશ, જાલંધર, કાશ્મીર, કામરૂપ, હિમાચલ, મારા વશમાં છે. ખુરાસાનને ખૂંદી નાખ્યું છે. તેના ભંડારો લૂંટી લીધા છે. મંગોલોનાં ધાડાં ભાગ્યાં છે. મુલતાન મારા કબજામાં છે. ચીન (તિબેટ) ભૂતાન અને દંડૂરના રાજાઓ દિલ્હીમાં સેવા કરવા આવે છે. દક્ષિણમાં છેક સમુદ્ર સુધી અમે ખંડણી ઉઘરાવીએ છીએ. કલવગુંદ્ર, અનાગુંદી બેદર અને તેલંગાણ જ્યાંના લોકો રત્નો પહેરે છે અને મીઠી વાણી બોલે છે એ બધી ભૂમિ મેં તલવારના જોરે કબજે કરી છે. અરે, દેવગિરિના રાજાએ તો મને

પોતાની રાજકુંવરી પણ પરણાવી છે. (2-67-72)

સિંહલદ્વીપનો રાજા હાથીઓ ભેટ આપે છે. કૂચી, કલહત્થ, જાવાબંદર અને હોરમજ અમને ભેટો મોકલાવે છે. સેતુબંધ રામેશ્વરમાં અમારી આણ વર્તે છે. ભારતના બધા દુર્ગો ધ્વસ્ત કરી દીધા છે. હવે માત્ર જાલોરના ચહુઆણોને જ જીતવાના બાકી છે. જે દુર્ગમ લાગે છે. આપણે બેચાર વાર હાર્યા છીએ. આટલું વિશાળ રાજ્ય હોવા છતાં આપણે વારંવાર હાર્યા છીએ તેથી આપણે શરમાવું પડે છે.

## બાદશાહનું જાલોર તરફ પ્રયાણ

હવે તો હદ વળી ગઈ. હવે તો મારે જાતે જવું પડશે અને સોનગિરિ (જાલોર)ના દુર્ગને ધ્વસ્ત કરવો પડશે. બાદશાહે એક કાસદને મારતે ઘોડે પાટણ મોકલ્યો. તેને સેના સજ્જ કરવાનો હુકમ મોકલ્યો. ચારે તરફ ખંડિયા રાજાઓ તથા ખાનોને પણ ફરમાન મોકલ્યાં. બધા ખંડિયા રાજાઓ પોત-પોતાનું સૈન્ય લઈને આવી ગયા. અને બાદશાહે વિશાળ સેના સાથે પ્રયાણ કર્યું. તે જ્યાં છાવણી નાખતો ત્યાં સાત ગાઉ સુધી તેની સેના ફેલાઈ જતી. હાથી, ઘોડા વગેરે સાથે તે જાલોર જીતવા નીકળી પડ્યો.

એક મુદ્દો સૌએ સમજી લેવો જરૂરી છે. મુસ્લિમો ભલે હાર પામે પણ જ્યાં સુધી જીતી ન જાય ત્યાં સુધી તે જંપીને બેસતા નથી. તે વારંવાર ચઢી આવે છે અને યુદ્ધો કરે છે. તેમની સાથે થયેલી સંધિ વિશ્વાસપાત્ર નથી હોતી તે ગમે ત્યારે સંધિ તોડી નાખે છે. તે એક વારના વિજયને કાયમી વિજય બનાવે છે. રાજપૂતો યુદ્ધમાં જીતે તોપણ તે વિજયને કાયમી વિજય નથી બનાવી શકતા. હારેલા શત્રુને જતો કરે છે. જડમૂળથી કાંટો કાઢી નથી શકતા. કાંટો ચાલુ રાખે છે. આ તેમની કમજોરી જ કહેવાય.

## બાદશાહના લશ્કરનું વર્ણન

બાદશાહનું જે લશ્કર જાલોર તરફ ચાલ્યું તેનું વર્ણન કવિ આ રીતે કરે છે. તેમાં અસંખ્ય નોકરો હતા. પાણીવાળા પખાલીઓ, ભોઈ, કહાર, મેહર, ઠાઠિયા, કમાનિયા, ત્રીસ હજાર તો વ્યાપારીઓ સાથે ચાલતા, જે છાવણીમાં દુકાનો લગાવી સિપાહીઓને માલ-સામાન પૂરો પાડતા. ઘાણીવાળા ઘાંચીઓ, મોચીઓ, ગાંછા, સથવારા, માળી, દરજી, હજામ, ઓડ, તંબોળી, કાવડિયા, ભઠ્ઠીવાળા ખમાર, ભઠિયારા, લુહાર, સલાટ, ચુનારા, વહોરા, કાગળકૂટા, તુનારા, વાણિયા, ઓળગાણા આ બધા સેનાની સાથે ચાલતા હતા જેથી કોઈને કશી અડચણ ન પડે. આ બધી જ્ઞાતિઓ ત્યારે પણ હતી અને સૌ જન્મજાત પોત-પોતાનું કામ કરતા હતા.

ભયંકર હબસીઓ, ફરસીધારીઓ, ઢોલ-નગારાં જેવાં અસંખ્ય વાજિંત્રો હતાં. બાદશાહની સેનાના ભયથી લોકો ઘરબાર છોડીને ચારે તરફ નાસી છૂટ્યાં. આવી રીતે વારંવાર યુદ્ધો થવાથી તથા સેનાનું સંચાલન થવાથી લોકો સ્થિર રહી શકતા નહિ. ભાગંભાગ ચાલતી રહેતી. આ સ્થિરતા અંગ્રેજોના રાજ્યના પાછલા ભાગમાં થઈ, જ્યારે પૂરા ભારતમાં લગભગ યુદ્ધો બંધ થઈ ગયાં અથવા બહુ ઓછાં થવા લાગ્યાં. કારણ કે લોર્ડ વેલેસ્લીની સંધિથી બધાં રજવાડાં અંગ્રેજોને આધીન થઈ ગયાં હતાં અને અંગ્રેજોની ઇચ્છા વિરુદ્ધ કોઈ યુદ્ધ કરી શકતું નહિ તેથી તેમનો છેલ્લો કાળ શાંતિકાળ હતો.

તુર્ક સેના મારવાડ પ્રદેશમાં પેસી ગઈ. પહેલાં સમિયાણામાં છાવણી નાખી. પહેલાં સમિયાણા લઈને અહીં આપણું થાણું કાયમ કરીને પછી જાલોર જઈએ તેવું સુલતાને કહ્યું.

ગઢ ઉપર ભરપૂર વ્યવસ્થા હતી. સાઠ વરસ ચાલે તેટલું તો અનાજ ભર્યું હતું. પહેલાં લગભગ પ્રત્યેક યુદ્ધમાં ગઢને ઘેરો ઘલાતો. અન્ન-પાણી અટકાવીને કે પછી ખુટવાડીને ગઢની સેનાને ગૂંગળાવીને ગઢ કબજે કરી લેવાતો, એટલે ગઢની રક્ષા માટે રોજની જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓ ભરપૂર રાખવી જોઈએ. સાંતલ પહેલાં તુર્કો સામે જીતી ચૂક્યો હતો. તે બહાદુર અને કુશળ સેનાપતિ હતો. આ વખતે પણ તેણે પૂરેપૂરી તૈયારી કરી રાખી હતી. ચણા, ઘાસ, કડબ વગેરે પાંચહજાર ઘોડાઓ માટે ભરપૂર રાખ્યાં હતાં. અરે ઈંધણાં અને મીઠાનો પણ ભંડાર ભરી દીધો હતો. રોજ ત્રણ વાર જમવાનો સાદ પડતો જેથી કોઈ સૈનિક ભૂખ્યો ન રહે. જળનાં સરોવર પણ ભરપૂર હતાં. (2-96-103)

સાંતલ દુર્ગના ઊંચા ભાગ પર ચઢ્યો અને સુલતાનની છાવણી જોઈ ચકિત થઈ ગયો. અધધધધ—કેટલું મોટું સૈન્ય છે! સાંતલે કિલ્લાના કોઠા-કોઠા પર રક્ષકો મૂક્યા. ઉપર પથ્થરો ચઢાવ્યા. પથ્થરમારો કરવાનાં યંત્રો ગોઠવ્યાં. તપાવેલા લાલચોળ ગોળા ફેંકનારી ઢીકલીઓ ગોઠવી સૌને પોતપોતાની જગ્યાની ચોકી કરવાની કડક સૂચના આપી.

યુદ્ધના સમયે સેના અને સામાન્ય દિવસોમાં પોલીસ જો કર્તવ્યો પ્રત્યે ઉદાસીન થઈ જાય તો રાષ્ટ્ર અને પ્રજાનો નાશ થઈ જાય. આ રક્ષકો છે. રક્ષકો ચુસ્ત કર્તવ્યપરાયણ હોવા જોઈએ. ત્યાગ-વૈરાગ્યથી બાવા થવાય, સિપાહી ન થવાય. સિપાહી તો કર્તવ્યપરાયણતા અને બલિદાનથી થવાય. ભારત દેશ બાવા થવા તરફ વળ્યો. જેથી તેમનાં ટોળેટોળાં થઈ ગયાં. ત્યાગ વૈરાગ્ય વળી પાછો પરાવલંબી થયો. અર્થાત્ પારકે રોટલે જીવતો થયો તેથી અનુત્પાદક પણ થયો. જો આટલું મોટું ટોળું સિપાહી થવા તરફ વળ્યું હોત અને કર્તવ્ય-પરાયણતાનો આદર્શ અપાયો હોત તો આ દેશ કદી પણ ગુલામ ન થાત. જો પ્રજા કર્તવ્યચુસ્ત ન હોય તો બધું નિષ્ફળ જાય.

સામે સુલતાનની છાવણી હતી. છાવણી એટલે દૂર રાખવી જોઈએ જેટલે ગઢનાં અસ્ત્ર-શસ્ત્રો ન પહોંચે. જો બહુ દૂર છાવણી રાખો તો તમારાં અસ્ત્રશસ્ત્ર ગઢની દીવાલ સુધી ન પહોંચે. એટલે સુલતાનના સૈનિકો દોટ મૂકીને ગઢની દીવાલ તરફ જતા અને જલદી-જલદી પ્રહાર કરીને પાછા રક્ષિત રેંજમાં આવી જતા. પણ ગઢ પર સાબદા થઈને બેઠેલા સૈનિકો તરત જ ધનુષબાણનો ઉપયોગ કરીને નજીક આવેલા સિપાહીઓને તો મારી નાખતા કાં પછી પાછા ભગાડી દેતા. ગઢમાં રહેલા સૈનિકો ગઢથી રક્ષિત હતા, ગઢમાં એવાં કાણાં રખાયેલાં કે જેમાંથી પ્રહાર તો કરી શકાય પણ સામેવાળો સિપાહી તે કાણામાંથી પોતે પ્રહાર ન કરી શકે. ન ફાવી શકે.

ઘણી વાર ગઢ પરથી ઊતરીને રાજપૂતો સુલતાનની છાવણી પર હુમલો કરતા. બધું છિન્નભિન્ન કરી નાખતા. અંધારામાં હાહાકાર મચાવી દેતા અને વળી પાછા ગઢ પર આવી જતા. આવી જ રીતે સુલતાનની સેના પણ ગઢ નજીક ધસી જઈને હુમલા કરતી. બંને પક્ષના અનેક સરદારો તથા સૈનિકો મરાયા. ઘેરો ઘાલ્યાને સાત વરસ વીતી ગયાં. પણ કોઈ મચક આપતું ન હતું. (2-110-115)

જ્યારે બેચાર કલાકનું જ યુદ્ધ થાય ત્યારે તેને ધીંગાણું કહેવાય. હૈસો હૈસો કરીને બંને પક્ષના માણસો એકબીજા પર ચઢી આવે અને નજીકથી મારા-કાપી કરી મૂકે. પાંચ-પચીસની લાશો પડી જાય અને વાત પૂરી થઈ જાય તેવાં ધીંગાણાં અવાર-નવાર આ દેશમાં ઘણી જગ્યાએ થતાં રહ્યાં છે. ધીંગાણાં ત્યાં જ થતાં હોય છે જ્યાં લોકો સામાં થતાં હોય છે. પણ જ્યાં એક પક્ષ હુમલો કરે અને બીજો પક્ષ સામો જ ન થાય, માર ખાઈ લે અથવા લૂંટાઈ જાય ત્યાં ધીંગાણાં થયાં જોયાં નથી. જેમ કે બહારવટિયા ચઢી આવે અને રાજપૂતો સામા થાય ત્યારે ધીંગાણું થાય. પણ રાજપૂત સિવાયની બીજી પ્રજા હોય અને શસ્ત્ર વિનાની, શૌર્ય વિનાની હોય ત્યાં ધીંગાણું ન હોય, ત્યાં બિન્દાસ્ત રીતે લૂંટફાટ અને અત્યાચાર થાય. પીંઢારા ગામો પર ચઢી આવતા ત્યારે ભાગ્યે જ તેમનો સામનો થતો. આવું જ મંગોલોનું પણ કહેવાય. બંને પક્ષો જ્યારે શસ્ત્રધારી અને શૂરાતનવાળા હોય ત્યારે જ ધીંગાણું થઈ શકે. ભારતમાં બધી પ્રજા શસ્ત્રધારી અને શૂરાતનવાળી નથી. તેથી બધી કોમોના પાળિયા પણ નથી. માત્ર શૂરાતનવાળી કોમોના જ પાળિયા દેખાય છે. જેના પાળિયા હોય તે જ રાજ કરે. પાળિયા વિનાની પ્રજા રાજ ન કરી શકે. કદાચ કરે તો તે માતાજીના ભક્તો જેવું રાજ હોય, કારણ કે રાજ કરવા માટે તો અનિવાર્ય ગુણ પરાક્રમ છે. પરાક્રમ ન હોય તો મોરલ પણ ન હોય, આ બંને ગુણોને યાદ કરો તો પછી મુત્સદ્દીગીરી એ લુચ્ચાઈ જ થઈ જાય. આવા શાસકો પૂર્ણ રાજા ન થઈ શકે. ન તો એ પરાક્રમ- ભર્યાં યુદ્ધો કરી સીમાડાને સાચવી શકે, ન તો એ આંતરિક ગદ્દારોને પહોંચી શકે. કારણ કે પરાક્રમ જ નથી.

પણ જ્યારે લાંબું યુદ્ધ ખેંચાય એટલે બધું ઢીલું પડી જાય. સામાન્ય થઈ જાય. જે ઉશ્કેરાટ શરૂ શરૂમાં હોય તે લાંબા સમય પછી ન હોય. ઢાળ પરથી ઊતરતું પાણી ધોધ બને પણ સમતલ મેદાનમાં ચાલતું પાણી ધોધ નહિ, નદી થઈ જાય. સાત-સાત વર્ષથી ઘેરો ઘાલ્યો હોવાથી, હવે યુદ્ધ અને સામાન્ય જીવન સાથે ચાલવા લાગ્યાં. ગઢ પર રોજ રોજ સંગીત-નાટક વગેરે થવા લાગ્યાં કારણ કે માણસને મનોરંજન તો જોઈએ જ. એટલું જ નહિ શૂરાતન ચઢાવનારું અને લક્ષ્યને દઢ કરનારું પ્રેરણાબળ પણ જોઈએ. નહિ તો પ્રજા ડલ થઈ જાય.

ગઢમાં સાંતલને ત્યાં પણ આવું ચાલવા માંડ્યું. રોજ રોજ નવું નવું સંગીત, નવી નવી નર્તકીઓ અને નવાં નાટકો થવા લાગ્યાં. માણસની એક ખાસ કમજોરી પણ છે કે તે આવા પ્રસંગોનો ઉપયોગ માત્ર પોતાનાં સગાં-મિત્રોને આનંદ આપવા જ નથી કરતો પણ વિરોધીઓ, શત્રુઓને બાળવા માટે પણ કરે છે. આ બાળવાની વૃત્તિથી શત્રુતા વધે છે અને નવા નવા કાંડો ઊભા થવા લાગે છે. આનું નામ રાગ-દ્વેષભર્યો સંસાર.

સાંતલ એવી જગ્યાએ ગઢ પર નૃત્યાદિ ગોઠવે છે જ્યાંથી બાદશાહને બરાબર દેખાય. એક બીજો મુદ્દો પણ યાદ રાખવા જેવો છે. જો યુદ્ધ જ કરવું છે. મરવું જ છે તો પછી એન્જોય કરીને મરો. હાય... હાય... કરીને ન મરો. જીવન માણવા જેવી વસ્તુ છે. ભરપૂર માણીને

મરો. મર્યા પહેલાં જ ન મરી જાવ. ત્યાગ-વૈરાગ્યવાળા એન્જોય નથી કરી શકતા. તે જીવનને માણી નથી શકતા. તે જીવનથી ભાગે છે અને લોકોને પણ ભગાડે છે. કેમ કે તે જીવનને નરક માને છે. બીજાને માટે હોય કે ન હોય પણ આવા લોકો પોતાને માટે તો જીવનને જરૂર નરક બનાવી દેતા હોય છે.

સાંતલનું નૃત્ય-સંગીત બાદશાહ પણ દૂરથી જોયા કરે છે. તે બળે છે, તેનાથી જોયું જતું નથી તેથી તેણે તીરંદાજોને બોલાવી આ સંગીતનું પેખણું બંધ કરાવવા હુકમ કર્યો. આ બાળવાનું પરિણામ હતું. સુખ ભોગવવાનું પણ કોઈને બાળીને નહિ. ભજન, ભોજન અને ભોગ એકાન્તમાં જ શોભે. જે લોકો સુખનું પ્રદર્શન કરીને ભોગવે છે, તે શત્રુઓ ઊભા કરે છે. કારણ કે સુખ ઈર્ષ્યા વિનાનું હોતું નથી. ઈર્ષ્યાળુ ઉત્પાત મચાવતો જ હોય છે. બીજું કશું ન કરી શકે તો નિંદા તો કરતો જ હોય છે. નિંદાથી કશું વળતું નથી હોતું તે વાત સાવ સાચી નથી. નિંદાથી હવા ઊભી થતી હોય છે. અને હવાથી વ્યક્તિને માન-અપમાન મળતાં હોય છે. હવા મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. એટલે કાં તો સુખ વહેંચીને ભોગવવાં કાં પછી એકાન્તમાં ભોગવવાં.

બાદશાહનો હુકમ માનીને મલેક અમાદલનો નોકર હબાખાં મીર તૈયાર થયો. તે કુશળ તીરંદાજ હતો. તેણે બરાબર ખેંચીને તીર છોડ્યું. તે તીર નર્તકીના હાથ અને ખભા પર વાગીને પાર થઈ ગયું. નર્તકી ઢળી પડી નૃત્ય-સંગીત બંધ થઈ ગયું. સારું થયું કે તીર સોઢી નર્તકીને વાગ્યું. જો સાંતલને વાગ્યું હોત તો? આવું જ ચિતોડમાં જયમલ રાઠોડે કર્યું હતું, રાણા સાંગાનો પુત્ર અને રાણા પ્રતાપનો પૂર્વજ ઉદયસિંહ ત્યારે ચિતોડ પર રાજ કરતો હતો. અકબર ચઢી આવ્યો અને કિલ્લો ઘેરી લીધો. ઉદયસિંહમાં પૂરા પરાક્રમના ગુણો ન હતા તેથી સેનાપતિ જયમલ રાઠોડને કિલ્લો સોંપીને તે વનમાં ચાલ્યો ગયો. જયમલે કિલ્લો પૂરી રીતે સંભાળ્યો. એક વાર કિલ્લામાં પડેલા ગાબડાને જયમલ સમરાવતો હતો. તેણે બે ભૂલો કરીઃ એક તો સમારકામના સ્થળે પોતે જાતે ઊભો રહ્યો અને બીજી ભૂલ એ કરી કે રાજાના પોશાકમાં ઊભો રહ્યો. નીચે છાવણીમાંથી અકબરે જોયું કે આ કોઈ કડિયો મજૂર નથી, જરૂર કોઈ મોટો માણસ છે. નિશાનબાજ અકબરે પોતાની લાંબી બંદૂક હાથમાં લીધી અને બરાબર તાકીને ગોળી મારી, પેલી વ્યક્તિ ચીસ પાડીને ઢળી પડી. થોડી જ વારમાં ગઢમાંથી ધુમાડો નીકળવા માંડ્યો. રાજા ભગવાનદાસે અકબરને કહ્યું કે આ ધુમાડો રાજપૂત સ્ત્રીઓના જૌહરનો છે. મરનાર વ્યક્તિ જયમલ રાઠોડ હતો. સિસોદિયા રાઠોડો તથા ચૌહાણોની સ્ત્રીઓ માટે અલગ-અલગ અગ્નિકુંડો બનાવ્યા અને સેંકડો કદાચ હજારો સ્ત્રીઓ અગ્નિમાં કૂદી પડી. એક જ ભૂલ—જયમલ, રાજાનો પોશાક પહેરીને સમારકામની નજીક ગયો તે. યુદ્ધકાળમાં તો શું સામાન્યકાળમાં પણ મહત્ત્વના માણસે પોતાનો જીવ જોખમમાં નાખવો ન જોઈએ. તેનું મૃત્યુ એ માત્ર તેનું જ મૃત્યુ નથી હોતું પણ રાષ્ટ્રનું મૃત્યુ થઈ જતું હોય છે. એટલે તેની રક્ષા એ રાષ્ટ્રની જ રક્ષા કહેવાય. રાજપૂતો કેટલીક વાર વધુ પડતી બહાદુરીનું પ્રદર્શન કરવા આવી ભૂલ કરી બેસતા હોય છે. આવી ભૂલ અંગ્રેજો ન કરે. શૌર્યની સાથે ચતુરાઈ પણ જરૂરી છે. જે મહારાજા શિવાજીમાં દેખાય છે.

પોતાની નર્તકીની હત્યા તથા રંગમાં ભંગ પડાવવાની દુષ્ટતાથી સાંતલ કોપાયમાન થયો. તેણે રાવત રામસિંહને બોલાવ્યો. તેણે બરાબર તાકીને તીર માર્યું. મીર હબાખાંનો ખભો કપાઈ ગયો. તીર જઈને સુલતાનના સિંહાસન સાથે અથડાયું. સુલતાન ચેતી ગયો. તરત જ તેણે તે સ્થાન છોડી દીધું. જુઓ બીજી ભૂલ—હબાખાં કરતાં સુલતાનને જ તીર માર્યું હોત તો!! યુદ્ધનો અંત આવી જાત. સુલતાન ચેતી ગયો. નજીક જવાની ભૂલ સુધારી લીધી. (2-116-124)

જેના પર શત્રુઓની કે સરકારની ધોંસ હોય તેણે એક જગ્યાએ લાંબો સમય રહેવું નહિ. તેણે જગ્યા બદલતા રહેવું જોઈએ. જેથી તેની સુરક્ષા રહે. સવાર થતાં જ તુમુલ યુદ્ધ શરૂ થઈ ગયું. બંને તરફથી ભયંકર પ્રહારો થવા લાગ્યા. રાજપૂતોના પ્રહારથી સુલતાનની સેના ખાખાવીખી થઈ ગઈ. બધા વિચારવા લાગ્યા કે હવે ઘેરો ઉઠાવીને દિલ્હી ચાલ્યા જવું જોઈએ. (2-125-130)

સાંતલ માતા આશાપુરાનો ભક્ત છે. મુસ્લિમો નાસ્તિક નથી હોતા. ઇસ્લામમાં નાસ્તિકતાને માટે જગ્યા જ નથી. યુદ્ધમાં અને જીવનમાં પણ આસ્તિકતા બહુ મોટું સંબલ પૂરું પાડે છે. નાસ્તિક માણસ બહુ જલદી હારી-થાકી જતો હોય છે કારણ કે તેને કોઈ અંતરબળ નથી હોતું. માત્ર સ્વબળથી જીવન જિવાતું નથી. બધું સારે સારું હોય ત્યાં સુધી તો ઠીક ચાલે પણ જ્યાં આપત્તિઓ અને વિપત્તિઓ આવવા માંડે એટલે માણસ હિંમત ખોઈ બેસે. જ્યારે શ્રદ્ધાવાળો, ઈમાનવાળો આવા વિકટ સમયમાં પણ ટકી રહી શકતો હોય છે. 'પ્રભુની આવી મરજી હશે' એ તેનું મોટું આશ્વાસન હોય છે. અથવા 'તે કસોટી કરતો હશે' એમ માનીને મક્કમ થઈ શકતો હોય છે. નાસ્તિકો પાસે આવું આશ્વાસન નથી હોતું. આવા આશ્વાસનથી પ્રયત્નોમાં કમી નથી થતી હોતી. પ્રયત્નો તો ચાલતા જ હોય છે. માત્ર માણસ ભાંગી

પડતો નથી. ટકી રહે છે. મક્કમ રહે છે. મુસ્લિમોની અનેક શક્તિઓમાં એક શક્તિ છે 'અલ્લાહ'. હિન્દુઓ પાસે પણ અલ્લાહ છે જ પણ તે અનેક રૂપમાં—અનેક આકારમાં છે. સાંતલ આશાપુરા માતાજીને માને છે. તેણે માતાજીને પ્રાર્થના કરી. કોઈ એવું ન માની લે કે આ શ્રદ્ધા કે ઈમાન કાલ્પનિક આશ્વાસનમાત્ર છે. ના, તેમાં વાસ્તવિકતા પણ છે જ. એક સુપરશક્તિ તમારી સાથે છે. તમે ધારો તો તેનું માર્ગદર્શન અને સહાયતા લઈ શકો છો. તે સાચો રસ્તો બતાવનાર પણ છે જ. કવિ પદ્મનાભ કહે છે કે માતાજીએ સાંતલને દર્શન આપ્યાં, અને ગુપ્ત રીતે સામેની સુલતાનની સેનામાં તેને લઈ ગઈ. સુલતાન ઘસઘસાટ ઊંઘી રહ્યો છે. અત્યારે તે ધારત તો સુલતાનને મારી શક્યો હોત. પણ તેણે તેવું ન કર્યું. માત્ર નિશાની રૂપે ગુર્જ શસ્ત્ર લઈ લીધું. તે પાછો ગઢ ઉપર આવી ગયો. અને મનોમન વિચારવા લાગ્યો કે સુલતાન હારશે નહિ. કારણ કે તે રુદ્રરૂપ છે. તોપણ મારે માન રાખવા યુદ્ધ તો કરવું જ જોઈએ. (2-131-138)

મને લાગે છે કે કાવ્યમાં કવિએ આ પ્રસંગ કાલ્પનિક રીતે જોડી કાઢ્યો છે. આવું કરવા પાછળ કવિનો શો હેતુ છે તે સમજાતું નથી. ઊલટાનું આવા પ્રસંગથી સાંતલનું મોરલ ઠંડું પડી શકે છે.

## હિન્દુઓની કમજોરી

સાત-સાત વર્ષ વીતી ગયાં છતાં ઘેરો સફળ રહ્યો નથી તેથી તુર્કોમાં નિરાશા આવે તે સ્વાભાવિક છે. તેવામાં એક માણસે યુક્તિ સુઝાડી. 'હિન્દુઓની ઘણી ધાર્મિક કમજોરીઓ છે. તેમાંની એક કમજોરી 'ગાય' છે. હિન્દુઓ ગાયને માતા સમજીને પૂજે છે. તેને અત્યંત પવિત્ર માને છે, ગૌહત્યાને તે સહન કરી શકતા નથી. રાજપૂતો માટે 'ગોબ્રાહ્મણ પ્રતિપાળ' શબ્દ વપરાય છે. એવું કરવામાં આવે કે ગઢમાં પાણીનો એક જ સ્રોત છે, તળાવ. જો તળાવને ગૌરક્તથી દૂષિત કરવામાં આવે તો હિન્દુઓ પાણી પીશે નહિ, તરસે મરવાથી તે શરણાગતિ સ્વીકારી લેશે, પણ ગઢ પરના તળાવને દૂષિત કરવું કેવી રીતે? તરત જ યુક્તિ સૂઝી. હજારો બોરીઓ ભેગી કરીને ગઢની દીવાલ સાથે ખડકી દીધી, તેના પર યંત્રો ગોઠવ્યાં અને સેંકડો ગાયોની કતલ કરી તેમનાં માથાં પેલા યંત્ર વડે તળાવમાં ફેંકાવી દીધાં.

સવાર થયું. ગઢનાં લોકો પાણી ભરવા ગયાં. જોયું તો તળાવ લાલઘૂમ. ગાયનાં માથાં પાણી પર તરી રહ્યાં છે. હવે શું કરવું! આ પાણી તો હરામ કહેવાય. બીજું સરોવર કે વાવડી હતી નહિ. પાણી વિના જિવાય નહિ. બધાં તરસે મરવા લાગ્યાં. રાજપૂતો ભેગા થયા. હવે તો કેસરિયાં ને જૌહર જ એકમાત્ર રસ્તો બચ્યો હતો. આવી પરિસ્થિતિમાં કિલ્લામાંથી ભાગી છૂટવા ગુપ્ત માર્ગો બનાવ્યા હોય છે. પણ આ ગઢમાં તેવો ભોંયરામાર્ગ નહિ હોય. યુદ્ધની બધી તૈયારીઓમાં આ પણ એક રક્ષા તૈયારી કહેવાય, તે ન હતી. બીજું, યુદ્ધ વખતે જેને સર્વોચ્ચ મહત્ત્વ હોય તેવો પુરવઠો ગઢની દીવાલ નજીક ન રખાય. દૂર રખાય. જેથી શત્રુ સરળતાથી પહોંચી ન શકે. વર્તમાનમાં પેટ્રોલ કે શસ્ત્રાગાર રક્ષિત દૂરીએ રખાય. નજીક ન રખાય. તળાવ કિલ્લાની નજીક જ હતું. તે પણ અરક્ષિત હતું. ત્યાં રક્ષાસેના ચોવીસે કલાક તૈનાત હોવી જોઈએ પણ ન હતી.

રાજપૂતાણીઓ જૌહર માટે તૈયાર થઈ ગઈ. જે રાણીઓ ભોગ-વિલાસ ભોગવી શકે છે તે રાણીઓ સમય આવતાં હસતાં આત્મ-બલિદાન પણ આપી શકે છે. કૂતરીઓ અને સિંહણોમાં આ જ ફરક છે. સાંતલની રાણીઓએ કાન્હડદેની રાણીઓને પત્ર લખ્યો કે અમે જૌહર કરીએ છીએ. કાન્હડદેની રાણીઓનાં નામ છે. ઉમાદે, કમલાદે, જયતલદે અને ભાવલદે. નામની પાછળ દે અક્ષર દેવીનું ટૂંકું રૂપ લાગે છે. આવું જ રાજપૂત પુરુષના નામની પાછળ 'ભા' અક્ષર ભાઈનું ટૂંકું રૂપ લાગે છે. તેજુભા, હીરુભા, વગેરે.

જૈન કુમારિકાઓ કે સ્ત્રીઓ કે પુરુષો જ્યારે સંસારત્યાગની દીક્ષા લે છે. ત્યારે પહેલાં છેલ્લો શણગાર સજે છે. રાજા-મહારાજાની માફક બૅન્ડવાજાં સાથે નગરયાત્રા કરે છે પછી કાયમ માટે બધા શણગાર છોડીને માથું મૂંડાવીને દીક્ષા લઈ લે છે. આ મોજશોખનો ત્યાગ કર્યો કહેવાય.

## રાજપૂતાણીઓનું જૌહર

બીજી તરફ જ્યારે રાજપૂતાણીઓ જૌહરવ્રતની દીક્ષા લે છે ત્યારે પણ સોળ શણગાર સજે છે. રોતાં-રોતાં નહિ, હસતાં હસતાં, ઇષ્ટદેવની પૂજા કરે છે. અમને આવા દિવસ કેમ દેખાડ્યા તેવી ફરિયાદ નથી કરતી પણ પ્રાર્થના કરે છે કે હે મા, અમને શક્તિ દેજે, બહાદુરી દેજે, અમે જરાય મોળાં ન પડીએ ચિતાના અંગારાને ફૂલોનો ઢગલો સમજીને ચઢી જઈએ. જય અંબે જય અંબે કરતાં કરતાં સ્વાહા થઈ જઈએ. સાંતલની રાણીઓ નારિંગદે અને પ્રેમાદેએ ભડભડતી અગ્નિમાં કૂદકો માર્યો સાથે સેંકડો રાજપૂતાણીઓ પણ કૂદી

પડી. ભડભડ કરતા અગ્નિએ સૌને સ્વીકારી લીધી. જીવતા રહીને શિયળભ્રષ્ટ થવું તેના કરતાં મરીને શિયળરક્ષા કરવી એ જ સાચો ત્યાગ છે. એ જ વૈરાગ્ય છે. એ જ સંસારત્યાગની સાચી દીક્ષા છે. અને આ જ સાચો મોક્ષમાર્ગ છે. અને આ માર્ગે મોક્ષ ન મળતો હોય તો બીજો કોઈ માર્ગ બાકી નથી રહેતો. સેંકડો રાજપૂતાણીઓના જીવનત્યાગને સૂર્ય ઊભો રહીને જોતો રહી ગયો. ધન્ય છે! ધન્ય છે!

સાંતલ અને રાજપૂત યોદ્ધાઓ આ જૌહરને જોઈ રહ્યા. જેટલું કપરું કામ અગ્નિપ્રવેશનું હતું તેથી પણ વધુ કપરું કામ પોતાની પ્રિયપત્નીઓ, કુમારિકાઓ વગેરેને ભડભડ બળતી જોતા રહેવાનું પણ હતું. વજ્ર-હૃદય સિવાય જોઈ ન શકાય. કાયર માણસ તરત જ દોટ મૂકે અને પોતાની પત્નીને રોકે, બચાવે. જરૂર પડે તો ભાગી છૂટે, સંતાઈ જાય. પણ ના, મક્કમ અને દૃઢ મનોબળના વીર યોદ્ધાઓ આ બલિદાનને ભારે હૃદયથી જોતા રહ્યા. હવે તેમને અમારાં બાળબચ્ચાંનું શું થશે તેની ચિંતા ન હતી. હવે ફનાગીરી સરળ થઈ જશે. આથી મોટો બીજો ત્યાગ-વૈરાગ્ય ન હોય.

કૂતરીઓને શિયળ હોતું નથી, તે તો રોજ નવા-નવા કૂતરા શોધ્યા કરતી હોય છે. તેના પાળિયા ન હોય, તેનાં સ્મારકો ન હોય. શિયળ તો સિંહણોમાં જ હોય, જેને પ્રાણ કરતાં પણ શિયળ વહાલું હોય તે સિંહણ કહેવાય. જેને સુખસગવડો કરતાં પણ શિયળ વહાલું હોય તે સિંહણ કહેવાય. તેથી તો સિંહણોનો ઇતિહાસ હોય છે. કૂતરીઓનો કશો ઇતિહાસ ન હોય.

મારી ઇચ્છા છે કે એક વર્ષ સમિયાણા જાઉં અને આ સિંહણોના જૌહરવ્રતની ભૂમિને વંદન કરું. એ કેસરિયાં કરનારા રાજપૂતોની શહીદ ભૂમિની ધૂળ માથા પર ચઢાવું. ધન્ય છે એ વીર લોકો ને! હવે પુરુષોનો વારો હતો, સાંતલે પેલું ગુર્જ સુલતાનને મોકલાવ્યું અને કહ્યું કે 'મેં ધાર્યું હોત તો તે રાત્રે તને મારી શક્યો હોત પણ અમે સૂતેલા માણસને મારતા નથી તેથી તને જતો કર્યો. તેની ખાતરી કરાવવા આ ગુર્જ લઈ આવ્યો હતો. તે સંભાળ. ગુર્જ જોઈને સુલતાન ચકિત થઈ ગયો. તેણે પાછું કહેવડાવ્યું કે 'જો સાંતલ, અમારા પક્ષમાં આવી જાય તો આખું ગુજરાત તને આપું. ગુજરાતનો રાજા બનાવું.'

સાંતલે જવાબ આપ્યો કે જો હું તેવું કરું તો મારો ચૌહાણવંશ લાજી મરે. અમે માનથી જીવીએ છીએ અને માનથી મરીએ છીએ. અમને લલચાવશો નહિ, કોઈ ગદ્દારને ખોળી લેજો.'

હવે સાંતલ અને રાજપૂતોએ કેસરી વસ્ત્રો ધારણ કર્યાં. કેસરી સાફા અને કેસરી ડગલો પહેરીને જાણે લગ્નની જાનમાં જતા હોય તેમ પૂરી ખુમારી અને પૂરા ઝનૂનથી શસ્ત્રો સાથે બધા થનગની ઊઠ્યા. સ્નાન કરીને શાલિગ્રામની પૂજા કરી. રામનામ જપ્યું, કંઠમાં તુલસીની માળા પહેરી. એકબીજાને ભેટ્યા. લ્યો બોલ્યુંચાલ્યું માફ કરજો. આજે હવે સાથે જ સ્વર્ગનો રસ્તો પકડશું. મરતાં પહેલાં પરસ્પરનો વેરભાવ દૂર કર્યો. અને હરહર સોમનાથ, હરહર મહાદેવ કહીને તુર્કોની સેના પર તૂટી પડ્યા. તુમુલ યુદ્ધ થયું. મરણિયો માણસ જ ખરી લડાઈ લડતો હોય છે. એક મરણિયો સોને ભારે પડે. તે કહેવત આજે પ્રત્યક્ષ દેખાઈ. રાણીઓ અને રાજપૂતાણીઓનું જૌહર જોઈને સૂર્યદેવ માંડ પાંચ ડગલાં ચાલ્યા હશે ત્યાં આ રાજપૂતોનાં કેસરિયાં જોઈને વળી થંભી ગયા. અરે, આવું દૃશ્ય ક્યાં જોવા મળશે! એક પછી એક યોદ્ધાઓ વીરગતિ પામ્યા. સાંતલની બહાદુરીથી સુલતાન પોતે એટલો પ્રભાવિત થયો કે તેણે સાંતલનું રક્ત માથે ચઢાવ્યું. (2-164-168)

આ રીતે પદ્મનાભ કવિએ બીજો ખંડ પૂરો કર્યો.

## કેટલાક પ્રશ્નો

સાંતલ, રાજપૂત યોદ્ધાઓ અને રાજપૂતાણીઓનાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં કહેવાય. પણ અહીં થોડાક પ્રશ્નો પણ થાય છે.

1. તળાવ કિલ્લાની નજીક જ કેમ રાખ્યું? મહત્ત્વનો પુરવઠો શત્રુથી દૂર રાખવો જોઈએ. તે ન રાખ્યો તેથી વિજય હારમાં પરિણમ્યો.

2. કદાચ શત્રુએ ગાયોના રક્તથી તળાવ દૂષિત કર્યું તો હવે કોઈ વિધિ કરીને તેને શુદ્ધ ન કરાય? તળાવને શુદ્ધ કરીને પ્રાણ બચાવીને યુદ્ધ ચાલુ રાખવાથી હજારો ગાયો, સ્ત્રીઓ, મંદિરો, મૂર્તિઓ, બ્રાહ્મણો વગેરેને બચાવી શકાય. જો તેવું ન કરાય તો આ બધાં પણ અંતે તો મરી જ જવાનાં.

બીજા વિશ્વયુદ્ધ સમયની જાપાનની એક વાત યાદ આવે છે. જાપાનના જીતેલા એક ટાપુ પર અમેરિકન સેના ઊતરી. સેનાના કેપ્ટને નિશાળમાં બાળકો સામે કહ્યું કે જુઓ અમે જીતી રહ્યા છીએ, તમે હારી રહ્યા છો. હવે લડાઈ ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી. કારણ કે તમારી પાસે કોલસો નથી, લોખંડ નથી, પેટ્રોલિયમ નથી, હવે તો દારૂગોળો પણ ખૂટી ગયો છે. હવે તમે કેવી રીતે યુદ્ધ કરશો?'

કૅપ્ટનની વાત સાંભળીને એક બાળક ઊભો થયો, તેણે કહ્યું કે ‘તમારી વાત સાચી છે. અમારી પાસે ખનિજ નથી. લોખંડ નથી. પણ હજી અમારી પાસે ધાતુની બનાવેલી બુદ્ધની નાનીમોટી નવ લાખ મૂર્તિઓ છે. અમે તે બધી મૂર્તિઓને પિગળાવી ને તેમાંથી કારતૂસની ગોળીઓ બનાવીશું અને તમને મારશું. પણ યુદ્ધ બંધ કરવાના નથી.’

બાળકની વાત સાંભળીને કૅપ્ટને કહ્યું કે ‘અરે, અરે, તું કેવો નાસ્તિક છે. ભગવાન બુદ્ધની પ્રતિમાઓને પિગળાવીને નષ્ટ કરવાની વાત કરે છે?’ પેલા બાળકે જવાબ આપ્યો, ‘ના હું નાસ્તિક નથી એમ વેવલો ભક્ત પણ નથી. જો અમે જીતશું તો ફરીથી લાખો મૂર્તિઓ બુદ્ધ ભગવાનની બનાવી લઈશું. પણ જો અમે હારી ગયા તો પૂરા દેશનો, ધર્મનો, સંસ્કૃતિનો સર્વનાશ થઈ જશે. એટલે ઘણું બધું બચાવવા થોડાનો નાશ કરવો હિતાવહ છે.’

બાળકની વાત સાંભળીને કૅપ્ટને પગ પછાડ્યા. ‘અરે, કઈ સ્ટીલમાંથી આ બાળક બન્યું છે? આટલા વિનાશ પછી પણ હાર નથી માનતો?’

આપણે પણ આ બાળકની પાસેથી શીખવા જેવું ખરું કે આપદ્ધર્મમાં આવું અશુદ્ધ થયેલું પાણી પણ પિવાય. પ્રાણરક્ષા કરીને ગાયોને અને દેશને બચાવી શકાય. પ્રાણત્યાગ એ મહાત્યાગ છે. પણ પછી સર્વનાશ થઈ જાય તેવો ત્યાગ વિવેકપૂર્વકનો વિચાર માગી લે છે. ધર્મવ્યવસ્થા આપનારા પંડિતોએ વિચારવું જોઈએ. આપદ્ધર્મમાં બધ્ધું કરી શકાય.

ગુરુ ગોવિંદસિંહજીનો એક પ્રસંગ યાદ આવે છે. મોગલ સેના સાથે શીખસેના લડી રહી છે. ઘણી વાર ખાવાનું ખૂટી જાય. શીખો ભૂખે મરે ત્યારે ગુરુજીએ કહ્યું કે ‘હે શીખો મોગલોના રસોડા પર તૂટી પડો. તેમની દેગો લૂંટી લો. તેમાં કટાર ફેરવો અને બોલો ‘વાહ ગુરુદા ખાલસા’, વાહ ગુરુદો ફત્તેહ’ બસ રસોઈ પવિત્ર થઈ ગઈ. ભોજન કરી લો. કોઈ અભડાવાનું કે વટલાવાનું નથી. તમે શુદ્ધ જ રહેવાના.’

જરા વિચાર કરો કે વાત-વાતમાં અભડાઈ જવાનો ઉપદેશ પ્રજાને બળવાન બનાવે કે પછી ગુરુજીનો ઉપદેશ પ્રજાને બળવાન બનાવે? જો જળને અપવિત્ર કરાય તો પવિત્ર પણ કરાય. મંત્રની—કટારની જરૂર છે. કદાચ હિંદુઓ પાસે ગુરુજીની કટાર હોત અને તળાવમાં ફેરવીને મંત્ર બોલાયો હોત તો તળાવનું જળ શુદ્ધ થઈ જાત.

26-9-09

*

# 5. જાલોર પર આક્રમણ

સુલતાને સમિયાણા જીતી લીધું હવે જાલોરનો વારો હતો. યુદ્ધ એક સતત પ્રક્રિયા છે અને ક્રમિક પ્રક્રિયા પણ છે. જો તમારે ચક્રવર્તી થવું હોય તો તે સતત પ્રક્રિયા થઈ જાય. પણ ચક્રવર્તી થઈ ગયા પછી પણ તમારે અવાર-નવાર નાનાં-મોટાં ક્રમિક યુદ્ધો તો કરતા જ રહેવું પડે. ખાસ કરીને જેટલું રાષ્ટ્ર મોટું તેટલા વિદ્રોહો પણ મોટા. દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી અસંતોષનાં નાનાં-મોટાં કારણો તો રહેવાનાં જ. આ કારણોસર સમય સમય પર અમુક લોકો માથાં ઊંચકતા જ રહેવાના. તે બધાને દબાવતા રહેવું પડે. નહિ તો રાષ્ટ્ર અખંડ ન રહી શકે. ખાસ કરીને જે રાષ્ટ્રમાં ઘણા ધર્મો, ઘણી ભાષાઓ, ઘણી સંસ્કૃતિઓ, ઘણા રંગવાળી પ્રજા રહેતી હોય ત્યાં આવી ઘટના થતી રહેતી હોય છે. એક અમેરિકા જ એવો દેશ કહી શકાય કે જ્યાં એક ગૃહયુદ્ધ સિવાય બીજી-ત્રીજી વાર આંતરિક કલહ થયો નથી. વર્ષો સુધી અમેરિકાએ પોતાનો નકશો ઠીક કર્યો. ઠીક થઈ ગયા પછી તેણે પાડોશીઓને ઠીક કર્યા. હવે સીમા પર કે આંતરભાગમાં કશી અશાંતિ રહેતી નથી, શાંતિ થઈ ગઈ. આવું થવાનાં કારણો અમેરિકા પાસેથી શીખવા જેવાં છે. એક તો પ્રચંડ સૈનિકશક્તિ. દૃઢ નેતાગીરી, તત્કાલ સાચા નિર્ણયો, યુદ્ધને દૂરથી જ અટકાવવાની ક્ષમતા. સંયુક્ત પ્રજાની સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર, અસંતોષનું કોઈ કારણ ન રહેવા દેવું. પ્રજામાં ભાગલા પડે તેવા નિર્ણયો ન કરવા. ચૂંટણીનું આયોજન રાષ્ટ્રલક્ષી જ કરવું, તેમાં પ્રાંતલક્ષી કે સંપ્રદાયોને મહત્ત્વ ન આપવું. આવાં કેટલાંક મહત્ત્વનાં કારણો છે જેનાથી અમેરિકા પોતાના સીમાડા પર કે આંતરિક ક્ષેત્રોમાં ઉપદ્રવોથી મુક્ત રહી શકે છે.

જો તે બીજા વિશ્વયુદ્ધમાં ન કૂદી પડીને શાંતિથી દૂર રહીને 'મારે શું?' કરીને માત્ર દ્રષ્ટા થઈ ગયું હોત તો હિટલર જીતી જાત. તો યુદ્ધ તેના સીમાડે આવી જાત. આવી જ રીતે જો તેણે જાપાન પર અણુબોમ્બ ન ફેંક્યા હોત તો યુદ્ધને જાપાન જીતી જાત, તોપણ યુદ્ધ તેના સીમાડે આવી જાત. યુદ્ધને દૂર રાખવા ભવિષ્યમાં થનારા શત્રુને તમારે આજથી જ ઓળખી લેવા જરૂરી છે. જરૂરી છે એટલું જ નહિ, પાણી પહેલાં પાળ બાંધી લેવા તમારે મિત્ર દેશોનું સંગઠન રચવું પણ જરૂરી છે. નમાલા દ્રષ્ટા થઈને મિત્રોને રગદોળાતા જોઈ રહેવાથી તમારી ધાક ન પડે, જેની ધાક ન વાગે તેની આણ પણ ન પડે. આ રીતે તમે મોટા અને શક્તિશાળી હો તોપણ ક્રમેક્રમે ઘટતા જાવ અને જીર્ણ થઈ જાવ. એટલે યુદ્ધને દૂર રાખવા તમારે દૂર જઈને સતત યુદ્ધો કરતા રહેવું જોઈએ. છેલ્લાં બસો વર્ષોમાં સૌથી વધુ લોહી કદાચ અમેરિકન સૈનિકોનું વિદેશોમાં વહ્યું છે. માનો કે તે વિએતનામ, કોરિયા, આરબ-ઇરાક, અફઘાનિસ્તાન જેવા દેશોમાં સૈનિકો ન મોકલે અને ચૂપચાપ દ્રષ્ટા બનીને બેસી રહે તો યુદ્ધ તેની સીમા પર આવી જાય. તેનું પ્રભાવક્ષેત્ર સમાપ્ત થઈ જાય. આ ન થવા દેવું હોય તો તેણે સતત યુદ્ધો કરતા જ રહેવું પડે.

યુદ્ધોને સતત અને સફળ રીતે કરવાં હોય તો તમારે સતત અસ્ત્ર-શસ્ત્રોમાં જબ્બર સુધારો કરતા રહેવું જોઈએ. પ્રત્યેક ક્ષેત્રમાં તમારી પાસે સુપરશસ્ત્રો હોવાં જરૂરી છે. નહિ તો તમે માર ખાઈ જાવ. સુપરશસ્ત્રો બનાવવા સતત વિજ્ઞાનની પ્રગતિ કરવી જરૂરી છે. સુપરશસ્ત્રો પાછળ અબજો ડોલર ખર્ચ કરવા બજેટ જોઈએ. શસ્ત્રો પોતે જ તમને બજેટ લાવી આપે. શસ્ત્ર-ઉદ્યોગ કરતાં આવડે તો શસ્ત્રોના વેચાણના દ્વારા અબજો ડોલર કમાઈ શકાય. આ બહુ મોટો કમાઉ ધંધો તો છે જ. સાથેસાથે પ્રભાવક્ષેત્ર વધારનારો ધંધો પણ છે. જેને જેને તમે શસ્ત્રો વેચો તે બધા તમારા આશ્રિત જેવા થઈ જાય. મિત્રો થઈ જાય. કારણ કે શસ્ત્રો શરતો સાથે વેચાય અને તેના સ્પૅરપાર્ટની સતત પ્રક્રિયા સાચવવી પડે. એટલે કાયમી ગરજ રહે. આ સ્થિતિ ન આવે તે માટે ભારતે તટસ્થ નીતિ અપનાવી હતી, અને બધી શસ્ત્રજરૂરિયાતો પોતે જ ઉત્પન્ન કરી લેવી તેવી નીતિ અપનાવી હતી. મારી દૃષ્ટિએ આ નીતિ ફેઇલ રહી. આજે પણ આપણી જરૂરિયાતનાં બધાં શસ્ત્રો ઉત્પન્ન કરી શકતા નથી. નથી તો શસ્ત્રો ઉત્પન્ન કરી શકતા કે નથી વિદેશોથી સમય પર ખરીદી કરી શકતા. જેથી શસ્ત્રોની બાબતમાં આપણે હંમેશાં આપણા શત્રુઓથી ઊતરતી કક્ષામાં રહીએ છીએ. આમ થવાથી દેશ દુર્બળ બને છે. દુશ્મનો આપણને બધી રીતે સતાવે છે. આપણે સતત વિરોધપત્રો, કડક વિરોધપત્રો મોકલ્યા કરીએ છીએ, જે અસરહીન સાબિત થાય છે, કારણ કે આપણે મુંહતોડ જવાબ આપવા માટે હુમલો નથી કરી શકતા. શક્તિહીનતા કારણ છે, ખરી વાત પ્રજા જાણતી જ નથી કે આપણે આજે પણ બધા શત્રુઓની તુલનામાં શક્તિહીન છીએ. હવા ભરી ભરીને મહાન હોવાનો દેખાવ ચાલુ રાખીએ છીએ. આપણે વાસ્તવવાદી નથી તેથી સાચાં પગલાં ભરતા નથી. સીમાડા સળગી રહ્યા છે અને આંતરિક ભાગોમાં પણ કેટલાંય સંગઠનો રાષ્ટ્રને ચૂંથી

રહ્યાં છે. આપણે નિર્માલ્ય દ્રષ્ટા બનીને પ્રભાવહીન પ્રવૃત્તિ કર્યા કરીએ છીએ.
આટલી લાંબી ભૂમિકા એટલા માટે કરવી પડી કારણ કે સમિયાણા જીત્યા પછી સુલતાન દિલ્હી જઈ શક્યો હોત પણ તે જાણે છે કે આ યુદ્ધનું પ્રથમ પગથિયું જ છે. ખરું યુદ્ધ તો હજી બાકી છે. તેને પૂરું કર્યા વિના દિલ્હી જવાથી જિતાયેલું ખોઈ નાખવા જેવું થશે. આથી તેણે સેનાને જાલોર તરફ વાળી.
યુદ્ધની પ્રક્રિયા પ્રમાણે તેણે દૂત મોકલીને વાતચીત ચાલુ કરી. શરતો મૂકી અને શરણે આવવાનું કહ્યું. ઘણી વાટાઘાટો સમાધાન માટે નથી હોતી પણ યુદ્ધની તૈયારી માટે હોય છે. શત્રુને ભ્રમમાં નાખવા માટે પણ હોય છે. પ્રથમથી જ ખબર છે કે વાટાઘાટો સફળ રહેવાની નથી. પણ તૈયારી માટે સમય લંબાવતા જાવ.
રસ્તામાં બાડમેર આવ્યું. સુલતાને બાડમેર લૂંટી લીધું અને બાળી નાખ્યું. ગુલામો તો ફરીથી પકડવાના જ. બાડમેરમાં કૅમ્પ નાખ્યો. કૂચ કરતું સૈન્ય લાંબા સમય માટે યુદ્ધ કરવું હોય તો સ્થળે સ્થળે કુમક ભેગી કરનારા કૅમ્પો જરૂરી લગાવે. જેથી તેને સેના અને રસદની કુમક મળતી રહે. કદાચ પાછું પડવું પડે તો આશ્રયસ્થાન પણ મળી રહે. લાંબો અજગર કે સાપ કુંડલી મારીને લડે. તેને મોઢાથી લડવાનું છે. પણ પૂંછડી સુધીના ભાગનું રક્ષણ પણ કરવું છે. જો શત્રુ તેનું પૂંછડું પકડી લે અથવા વચ્ચે પ્રહાર કરે તો સર્પ હારી જાય. મરી જાય. સેનાનું પણ આવું જ છે. પોતાના દેશથી દૂર હુમલો કરવા જનાર સેનાને વચ્ચે વચ્ચે રસદ કૅમ્પો જોઈએ. મૂળથી તેનો સંબંધ ચાલુ રહેવો જોઈએ. કપાઈ ન જાય. બાડમેર કબજે કરી ત્યાં પોતાનો કૅમ્પ સ્થાપિત કરી સુલતાન આગળ વધ્યો.

## ભિન્નમાળ

આ નજીકમાં જ શ્રીમાળી બ્રાહ્મણોની નગરી ભિન્નમાળ છે. જેમ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણો માટે સિદ્ધપુર ગઢ ગણાય તેમ શ્રીમાળી બ્રાહ્મણો માટે ભિન્નમાળ કહેવાય. અહીં બહુ મોટી સંખ્યામાં શ્રીમાળી બ્રાહ્મણો રહેતા હતા. ઘણા વિદ્વાનો, કવિઓ, સાહિત્યકારો, દાર્શનિકો હતા. સુલતાને તે તરફ સેનાને વાળી. તેની ધારણા હતી કે હિન્દુઓને મારવા કે પકડવા તેના કરતાં બ્રાહ્મણોને મારવા કે પકડવા વધુ ફળદાયી થઈ શકે છે. કારણ કે આજ હિન્દુધર્મનું મસ્તિષ્ક છે.
ભારત સમાજોનો દેશ છે. આમ તો પૂરું વિશ્વ સમાજોનું છે. પણ ભારતમાં જેટલા સમાજો (જ્ઞાતિઓ) છે તેટલા ક્યાંય નહિ હોય. પ્રત્યેક સમાજનું પોતપોતાનું આગવું વ્યક્તિત્વ છે. તમે જ્યારે કોઈને પૂછો છો કે ‘તમે કેવા છો? અર્થાત્ કયા સમાજના છો?’ તેના જવાબમાં જે જવાબ મળે છે તેમાં તેનું અડધું વ્યક્તિત્વ તો જરૂર આવી જાય છે. પૂરા સમાજની પ્રત્યેક વ્યક્તિ એકસરખી નથી હોતી પણ મોટા ભાગે મોટા ભાગના લોકોનું એક સામાન્ય વ્યક્તિત્વ હોય છે. જેમ કે અમુક સમાજનું નામ સાંભળતાં જ સામાન્ય ખ્યાલ આવી જાય છે કે આ સમાજ લુચ્ચો છે. ભીંતે ચીતર્યો પણ ખોટો છે. કાંઈ બધા જ માણસો લુચ્ચા નથી હોતા તોપણ મોટા ભાગના તો હોય જ છે. આ સમાજિક ઓળખાણ થઈ ગઈ છે. બ્રાહ્મણસમાજનું વ્યક્તિત્વ અલગ છે. તેમાં પણ નાગર, ઔદીચ્ય, શ્રીમાળી, મોઢ તપોધન વગેરે સૌ સોનું જનરલ વ્યક્તિત્વ અલગ-અલગ છે. વણિક સમાજનું વ્યક્તિત્વ પણ અલગ છે. દરબારો, ક્ષત્રિયો તેમાં પણ પેટા સમાજો, પટેલો, વસવાયાં, વાળંદો, ખેતમજૂરો, દલિતો, તેમાં પણ પેટા સમાજો, મુસ્લિમો અને તેમાં પણ પેટા સમાજો, અંગ્રેજો, અમેરિકનો, જર્મનો, ઇટાલિયનો, સ્પેનિશો વગેરે આ બધાનાં વ્યક્તિત્વ અલગ-અલગ હોય છે. અને તે લગભગ સાચાં હોય છે. એટલે આદર્શની ખાતર ભલે આપણે બધા એક જ છીએ એમ કહીએ પણ આપણામાં કાંઈક ભેદ પણ છે. રાજસ્થાનમાં એક સમાજ એવો છે કે જ્યાં સુધી તેનો છોકરો એક-બે વાર જેલ ન જઈ આવે ત્યાં સુધી તેનાં લગ્ન ન થાય. જેલ જવું એ જ જાણે કે પરણવાની પ્રથમ યોગ્યતા! કેટલાક સમાજો માથાભારે, દાદાગીરી કરનારા હોય છે. તેમને જલદી કોઈ મકાન પણ ભાડે ન આપે. જો તે તમારો પાડોશી થાય તો તમારા મકાનની કિંમત ઘટી જાય. કેટલાક સમાજો પ્રખર બુદ્ધિશાળી, વફાદાર અને નીતિમાન હોય છે તેથી તેમનું માન હોય છે. કેટલાક સમાજો પૈસા કમાવામાં, ઉદારતામાં, વાપરવામાં તો સારા હોય છે. પણ ટેકીલા નથી હોતા, વચન નથી પાળતા. દબાણ નથી સહન કરી શકતા. દબાણ આવતાં જ ફસકાઈ જાય. નેકી હોય પણ ટેકી ન હોય તો ઇતિહાસ ન હોય. કેટલાક સમાજો વચન માટે પ્રાણ આપી દેનારા પણ હોય છે. તેમની કથાઓ હોય છે. કેટલાક સમાજો જન્મજાત લુચ્ચાઈ ધરાવતા હોય છે. કદાચ કોઈ સાધુ થાય તોપણ લુચ્ચાઈ ન છૂટે, કદાચ સામો ભગવાન મળે તો તેની સાથે પણ કેમ ફાયદાની વાત કરવી તેની ગણતરી પહેલાં કરે. કેટલાક સમાજો પોચા, ઢીલા બીકણ, તરત જ

સમાધાનવાદી હોય છે. આવા સમાજો આંધીમાં પણ જીવતા રહે છે પણ નમન કરીને. તે કદી ક્રાન્તિ નથી કરી શકતા, હંમેશાં રક્ષિત જીવન જીવનારા હોય છે. કેટલાક સમાજો વારંવાર ધર્મ બદલનારા, નવા નવા વાડામાં પેસી જનારા, સગવડભોગી ખરા, સિદ્ધાંતવાદી નહિ. જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવી લેવાના—આવા ગણિતવાળા હોય છે. તેમને મક્કમતા હોતી નથી, કદાચ હોય તો વિશ્વસનીય હોતી નથી. અધ્યયન કરનારા જો ધ્યાનથી અધ્યયન કરશે તો આ સમાજો વિશેનાં અલગ અલગ વ્યક્તિત્વો સાચાં દેખાશે. જો આ વાત સાચી લાગે તો દીકરા-દીકરીઓને પરણાવવા માટે સમાજવિશેષના ગુણદોષોની ઉપેક્ષા ન કરી શકાય.

બ્રાહ્મણ સમાજની સાથે પ્રાચીન કાળમાં દરિદ્રતાની છાપ લાગેલી રહી છે. કથા આવી રીતે શરૂ થાય. 'રેવા તટે એક દરિદ્ર બ્રાહ્મણ રહેતો હતો.' આ બુદ્ધિશાળી પ્રજાની સાથે દરિદ્રતા કેમ જોડાઈ ગઈ? મારી દૃષ્ટિએ તેનાં ત્રણ કારણઃ 1. શ્રમહીનતા, 2. અતિ-સંતોષવૃત્તિ અને 3. યજમાનવૃત્તિ. દાન-ધર્માદા પર આજીવિકા. જે જે બ્રાહ્મણોએ આ ત્રણમાં પરિવર્તન કર્યું છે તે આજે ઘણા સુખી છે, સમૃદ્ધ છે. મેં જ્યારે બ્રાહ્મણોને બુદ્ધિશાળી કહ્યા છે ત્યારે તેમાં તથ્ય છે. આ સમાજમાં ઋષિઓ થયા, દાર્શનિકો થયા, મુત્સદ્દીઓ થયા, શાસકો થયા, સેનાપતિઓ થયા, યોદ્ધાઓ થયા, ધર્માચાર્યો થયા, શું શું ન થયા? હા, માત્ર ઉદ્યોગપતિઓ ન થયા, મોટા-મોટા વ્યાપારીઓ કે નગરશેઠો ન થયા, કારણ કે અર્થપ્રધાન જીવન ન હતું. જોકે હવે થાય તો નવાઈ નહિ. પણ આ તો શિખરની વાત થઈ. સામાન્ય માણસો તો કોણ જમાડશે અને કોણ દક્ષિણા આપશે? તે પણ કેટલી આપશે! આવી ચિંતાવાળા રહ્યા, તેથી દરિદ્રતાની મૈત્રી થઈ ગઈ.

સુલતાને ગોરી મલિકને ભિન્નમાળ ભાંગવા અને લૂંટવાનો હુકમ આપ્યો. મુસ્લિમ સેના તે તરફ વળી ગઈ. કોઈ રાજપૂતે મારતે ઘોડે આવીને બ્રાહ્મણોને કહ્યું કે ભાગો ભાગો, જલદી ભાગો, સુલતાનની સેના આવી રહી છે. બ્રાહ્મણોએ વિચાર કર્યો કે શું ઉતાવળ છે? હજી તો રાત છે. સવાર થવા દો ને, સ્નાનાદિ કરીને પછી ભાગીશું. બ્રાહ્મણો ન ભાગ્યા. ત્યાં તો રાતે જ તુર્કો પહોંચી ગયા. તેમણે ભિન્નમાળને ઘેરી લીધું. લૂંટ્યું, આગ લગાડી અને નગરવાસીઓને ગુલામ બનાવ્યા. મુસ્લિમ આક્રાન્તાઓનું સૌથી કાળું પાનું ગુલામો બનાવવાનું છે. ભલે નગર લૂંટે બાળે પણ માણસોને છોડીને ચાલ્યા જાય તો લોકો નવેસરથી જીવન શરૂ કરી શકે. પણ ના, જેમ ઢોરાં પકડે તેમ માણસોને પકડવાનાં, બાંધવાનાં, ઢસડવાનાં! પરિવાર જુદો થઈ જાય, બાળ-બચ્ચાં જુદાં થઈ જાય અને પછી તેમની સાથે અસહ્ય વર્તાવ કરવાનો. બ્રાહ્મણો પસ્તાયા. હવે શું થાય! મહાકલ્પાંત કરવા લાગ્યા.

કાન્હડદેને ખબર પડી કે મ્લેચ્છોએ ભિન્નમાળ ભાંગ્યું અને બાળ્યું છે. હજારોની સંખ્યામાં શ્રીમાળી બ્રાહ્મણોને કેદ પકડ્યા છે અને લઈ જઈ રહ્યા છે. તરત જ ગો-બ્રાહ્મણ પ્રતિપાળ રાજપૂતો સજ્જ થયા અને મુસ્લિમ સેનાને ધાણસા પાસે પકડી પાડી. ત્યારે સેનાપતિ મલિક નેબ શિકાર કરવા ગયો હતો. શિકાર કરવાથી એક તરફ માણસ ખડતલ અને બહાદુર બને છે તો બીજી તરફ ખેતી અને પ્રજાજીવનને હાનિ કરનારાં જંગલી હિંસક પ્રાણીઓથી લોકોને છુટકારો મળે છે.

રાજપૂતોએ ઓચિંતાનો હુમલો કરી દીધો. ભયંકર યુદ્ધ થયું, સુલતાની સેનાનો ખજાનો અને ચીજવસ્તુઓ લૂંટી લીધી. બધાં બ્રાહ્મણો વગેરે બંધકોને છોડાવ્યાં. કામ પતાવીને મહીપ અને જપત દેવડો જાલોર ગયા. પણ તે દિવસે અમાવાસ્યા હોવાથી લખણ સેભટો અને સાલ્હુ શોભાવત સરોવરમાં સ્નાન કરવા લાગ્યા. વિશ્વમાં માત્ર હિન્દુ પ્રજા જ એવી છે જે સ્નાન કરવાથી પુણ્ય માને છે. અરે મોક્ષ માને છે. તેનાં બધાં તીર્થો લગભગ સ્નાન કરવાનાં છે અને લગભગ બધે જ જળ સ્વચ્છ નથી હોતું.

બીજી તરફ તુર્કોએ સંદેશસૂચક વાજિંત્રો વગાડ્યાં, જે શિકારે ગયેલા મલિક નેબે સાંભળ્યાં. તે તરત જ પાછો ફર્યો. મહાવિનાશ જોઈને તે કકળી ઊઠ્યો. તેણે જોયું કે હજી પણ કેટલાક રાજપૂત સૈનિકો તળાવમાં સ્નાન કરી રહ્યા છે. તેણે તેમને ચારે તરફથી ઘેરી લીધા. રાજપૂતોએ ઘણું પરાક્રમ કર્યું. પણ પોતાના ઘોડા અને શસ્ત્રો સુધી પહોંચી ન શક્યા. તે દિવસે લખણ સેભટો અને સાલ્હુ શોભાવતની સાથે ચાર હજાર યોદ્ધાઓ વીરગતિ પામ્યા. કાન્હડદેને સમાચાર આપે તેવો એક પણ માણસ બચ્યો નહિ કારણ કે બધા જ નિઃશસ્ત્ર હતા. યોદ્ધા અને કમાન્ડોએ કદી પણ સંપૂર્ણ નિઃશસ્ત્ર રહેવાય નહિ. થોડાક નહાય કે જમે કે ઊંઘે તો બીજા ચોકી કરે. થોડાક લોકોએ તો હંમેશાં સશસ્ત્ર રહેવું જ જોઈએ.

## પિરોજા

હવેની કથામાં કવિ પદ્મનાભ એક વિચિત્ર વળાંક આપે છે. બાદશાહ અલાઉદ્દીન ખિલજીને એક પુત્રી છે, જેનું નામ છે પિરોજા (ફિરોજા).

પિરોજા જન્મજાત જ્યોતિષી છે. તેને ભૂત-ભવિષ્યની ખબર પડે છે. આમ તો આ વાત માન્યામાં ન આવે તેવી છે પણ યોગસૂત્રમાં લખ્યું છે કે:

**જન્મૌષધિતપઃ સમાધિની સિદ્ધયઃ।।**

અર્થાત્ જન્મથી, ઔષધિથી, તપથી અને સમાધિથી સિદ્ધિઓ મળતી હોય છે. અહીં જન્મથી પણ સિદ્ધિઓ માની છે. પિરોજાને જન્મથી જ સિદ્ધિ છે. જ્યારે કાન્હડદેને મારવા અને જીતવા બાદશાહ જાલોર જવા તૈયાર થયો ત્યારે પિરોજાએ કહ્યું કે તમે જાશો નહિ, કાન્હડદે અવતારી પુરુષ છે. તેના હાથે તમારું મૃત્યુ થશે. પિરોજાના સમજાવવા છતાં પણ સુલતાન માન્યો નહિ. ત્યારે પિરોજા પોતાના પિતાના ખોળામાં બેસીને કહેવા લાગી કે કાન્હડદેને એક પુત્ર છે વીરમદે. મને તેની સાથે પરણાવો. મારો તેના પ્રત્યે એકપક્ષીય પ્રેમ થઈ ગયો છે. સુલતાને પિરોજાને બહુ સમજાવી કે આપણાથી કાફરો સાથે લગ્ન કરાય નહિ, તારી ઇચ્છા હોય તો હું તને દિલ્હીના મોટામાં મોટા ખાન સાથે પરણાવું પણ કાફરનું નામ ન લે. મુસ્લિમોમાં એવી ધાર્મિક પદ્ધતિ છે કે લગ્ન કરનારાં બંને ઇસ્લામધર્મી હોવાં જોઈએ. બેમાંથી જો એક પણ બિનઇસ્લામી હોય તો નિકાહ પઢતાં પહેલાં તેણે ઇસ્લામ સ્વીકારવો જરૂરી છે. તે જ નિકાહ-હક્ક થઈ શકે છે. બાકીના હરામ ગણાય છે. આજે પણ જે હિન્દુ સ્ત્રીઓ કોઈ મુસલમાન સાથે લગ્ન કરે છે તે પહેલાં ઇસ્લામ કબૂલ કરે છે. પછી નિકાહ થઈ શકે છે. ભાગ્યે જ કોઈ મુસ્લિમ સ્ત્રી બિનમુસ્લિમને પરણે છે. પણ તે પુરુષને પણ ઇસ્લામ સ્વીકારાવે છે; જો તે ઇસ્લામ ન સ્વીકારે તો તેમનું લગ્નજીવન મુસ્લિમો દ્વારા ભાગ્યે જ સ્વીકાર્ય બને છે. ઊલટાનું તેવા પુરુષની હત્યા પણ થઈ જાય છે. એટલે બિનમુસ્લિમો, મુસ્લિમ સ્ત્રીને પરણી શકતા નથી. એક તરફ હિન્દુ પ્રજા આવાં લગ્નો સ્વીકારતી નથી તો બીજી તરફ મુસ્લિમો પણ આવાં લગ્નો સ્વીકારતા નથી. હિન્દુઓ બહિષ્કાર તો કરે છે, પણ તેમના તરફથી બીજો ખતરો રહેતો નથી. જ્યારે મુસ્લિમો સ્વીકાર તો નથી કરતા, ઉપરથી જાનનો ખતરો પણ ઊભો કરે છે. આ કારણે આંતરધર્મીય લગ્નો વન-વે થઈ ગયાં છે. અર્થાત્ હિન્દુ સ્ત્રીઓ અને મુસ્લિમ પુરુષો. આ રીતથી હિન્દુઓ માન-સન્માન-ઇજ્જત આબરૂથી ઘસાતા રહે છે. પણ કશું કરી શકતા નથી. કદાચ કોઈ હિન્દુ સ્ત્રી કડવા અનુભવો પછી પાછી આવવા માગે તો તેને પણ સ્વીકારતા નથી. એટલે જે સ્ત્રી મુસ્લિમને પરણે તે કાયમની તેની થઈ જાય છે. દુઃખ પડે તોપણ ભાગી ન શકે. ભાગીને ક્યાં જાય? કોણ સ્વીકારે? આ કારણે મુસ્લિમોને લાભ જ લાભ અને હિન્દુઓને હાનિ જ હાનિ થતી રહી છે, થઈ રહી છે. જો આ ઉભય-વે હોત તો વાત જુદી હોત. એક તરફ મુસ્લિમોની ધાર્મિક કટ્ટરતા છે તો બીજી તરફ હિન્દુઓની તંગ માનસિકતા છે. હવે એકતા ક્યાં કરવી? એકતાનો અર્થ તમારી કન્યાઓ અને અમારા વર. અમારી કન્યાઓ અને તમારા વર કદાપિ નહિ.

પિરોજાની હઠ આગળ સુલતાને નમતું જોખ્યું. તેણે ગોલ્હણ શાહ કંચુકીની સાથે કાન્ડહદે પાસે માગું મોકલ્યું. પણ કાન્હડદેએ ઘસીને ના પાડી દીધી. દિલ્હીના સુલતાનના વેવાઈ થવાનું અને અપુત્ર સુલતાનના જમાઈ થવાનું સામે ચાલીને નિમિત્ત ઊભું થયું પણ તે સ્વીકારાયું નહિ. આવું જ પ્રાચીનકાળમાં બંગાળના બ્રાહ્મણ યુવાન કાલિચરણ માટે પણ થયેલું, પણ બ્રાહ્મણોએ તેને નવાબનો જમાઈ થવા દીધો નહિ. અંતે તેને ફરજિયાત જમાઈ થવું પડ્યું તેથી ખિજાઈને તેણે બ્રાહ્મણો અને મંદિરોનો ભારે વિનાશ કરાવ્યો. લોકો તેના ભયથી થરથર કાંપતા, તેને 'કાલો પહાડ' કહેતા. જો તેને નવાબનો જમાઈ થવા દીધો હોત અને સ્વીકારી લીધો હોત તો વગરયુદ્ધે બંગાળ પર હિન્દુ રાજ થઈ ગયું હોત અને હિન્દુ પ્રજા સુખી થઈ હોત, પણ આવું ઉદાર ચિંતન લાવવું ક્યાંથી? હિન્દુઓની રાજકીય અધોગતિમાં તેમનું ભ્રાંતચિંતન મુખ્ય કારણ રહ્યું છે. હજી પણ આવી આત્મ-વિનાશક સંસ્કૃતિનો આપણે ગર્વ કરીએ છીએ, તે શું નવાઈ ન કહેવાય? હવા ભરવાનું આ પરિણામ છે.

અહીં પણ સામે ચાલીને પુત્રહીન સુલતાને પોતાની કુંવરી માટે માગું મોકલ્યું પણ તે કાન્હડદેએ સ્વીકાર્યું નહિ. ઘણા લોકો અવ્યાવહારિક બુદ્ધિવાળા તેને ગૌરવ માને છે. પણ આવી તક જતી કરવાથી કેટલો મોટો વિનાશ થયો તે નથી સમજતા.

ગોલ્હણે પાછા આવીને બધી વાત કરી, પોતાની વાતનો અસ્વીકાર થવાથી તે ગુસ્સે ભરાયો અને હવે યુદ્ધ કરીને ખબર પાડી દેવા નીકળી પડ્યો. ફરીફરીને યાદ રહે, આપણે (રાજપૂતો) સ્ત્રીઓના નિમિત્તે વધુ યુદ્ધો કરતા રહ્યા છીએ.

સુલતાનનું લશ્કર ગોયલ ગામે આવ્યું અને સુંદરણા તળાવ પર પડાવ નાખીને રહ્યું.

જાલોરના ગઢ ઉપરથી કાન્હડદેએ સુલતાનનું લશ્કર જોયું. તેણે પણ જાલોરને શણગાર્યું. જાલોરગઢ ઊંચાઈ પર હોવાથી તેનો શણગાર

સુલતાનને દેખાવા લાગ્યો. તે તો આભો જ થઈ ગયો. આટલું બધું ઐશ્વર્ય! યાદ રહે, ઐશ્વર્યને જાણી કરીને પ્રદર્શિત ન કરવું જોઈએ. રાત પડે એટલે કાન્હડદેનો ભાઈ માલદેવ અને પુત્ર વીરમદેવ ગઢ પરથી ચૂપચાપ નીચે ઊતરે અને સુલતાનના લશ્કર ઉપર તૂટી પડે. તેમણે કાઠ ગઢ તોડી નાખ્યો. અર્થાત્ મુસ્લિમ સેનાની રક્ષા માટે લાકડાનો ટેમ્પરરી કિલ્લો બનાવ્યો હતો તે તોડી નાખ્યો. બારસો મુસ્લિમ યોદ્ધાઓને હણી નાખ્યા. આવી રીતે સતત સાત દિવસ સુધી ચાલતું રહ્યું. સુલતાન હેરાન-પરેશાન થઈ ગયો. એક રાત્રે સુલતાનને સ્વપ્ન આવ્યું, જેમાં તેણે કાન્ડહદેવને દૈવીપુરુષ તરીકે જોયા. તેની કુંવરી પિરોજાની વાત સાચી લાગી. બીજી તરફ અસહ્ય ગરમીથી લશ્કર ત્રાહિત્રાહિ પોકારતું હતું. તેથી સુલતાને દિલ્હી જવાનું નક્કી કર્યું. જતાં પહેલાં ફરી પાછો ગોલ્હણશાહને વીરમદેવને બોલાવવા મોકલ્યો પણ કાન્ડહદેવે તેને ધુતકારી દીધો. સુલતાન ખાલી હાથે પાછો ફરી રહ્યો હતો. ન તો વિજય મળ્યો ન વીરમદેવ મળ્યો.

જ્યારે સુલાતનનું લશ્કર સુંદ્રડી પહોંચ્યું ત્યારે કાન્હડદેએ માલદેવને આજ્ઞા કરી કે મુસ્લિમ સેના પર હુમલો કરો. માલદેવ પુનલા ગયો. તેણે પોતાની સેનાના આઠ વિભાગ કર્યા. અને સુલતાનની સેનાને ચારે તરફથી ઘેરી લીધી. હુમલો કરીને ત્રણ હજાર મુસ્લિમ સૈનિકોને મારી નાખ્યા. નવ હજાર ઘોડા લૂંટી લીધા. આ વખતે સમરખાન તથા તેની બેગમ મોકલાણ સરોવર પર શિકારે ગયાં હતાં તેમને કેદ પકડી લીધાં, ત્યારે બાદશાહ મેડતે હતો.

સુલતાનની સેનામાં હાહાકાર મચી ગયો. પિરોજાએ કહ્યું કે મને જાલોર મોકલો, હું મારાં બહેન-બનેવીને છોડાવી લાવીશ. પિરોજાએ પોતાના છ પૂર્વજન્મોની વાત કરી અને કહ્યું કે સંવત 1368 વૈશાખ સુદ છઠના રોજ વીરમદે યુદ્ધમાં પોતાના પ્રાણ ત્યાગશે. તેના મસ્તકનો અગ્નિદાહ કરાવીને હું જમુનામાં ઝંપલાવીશ, પછી વીરમદે સૂર્યવંશમાં જન્મશે અને હું યાદવવંશમાં જન્મીશ, હું પતિભક્તિને સાચી કરીશ. અમે દેવલોકમાં જઈશું. સાત વર્ષ પછી જાલોર ગઢનું પતન થશે. કાન્ડહદે પછી આઠમા માસે સુલતાનનું મૃત્યુ થશે વગેરે વગેરે ભવિષ્યવાણીઓ કરી. સુલતાન અવાક્ થઈને સાંભળતો રહ્યો. ઘણી વાર કેટલાક લોકોને આગળ-આગળનું દેખાવા લાગતું હોય છે. ઘણા આશ્ચર્ય વચ્ચે આવી અગમવાણીઓ કોઈ કોઈ વાર સાચી પણ ઠરતી હોય છે.

સુલતાને પિરોજાને જાલોર મોકલી. કાન્હડદેએ માનસહિત તેને આવકાર આપ્યો. ઘોર શત્રુની કુંવારી દીકરી સામે ચાલીને આવે, સુલતાન આવવા દે અને કાન્હડદે તેને સાચવે તે નવાઈ જ કહેવાય. કદાચ તે સમયે તેવું મોરલ હશે!

વીરમદે તેને મળવા સુંદરલા સરોવર આવ્યો. બંને વચ્ચે આડો ચક નાખીને વાતચીત શરૂ થઈ. કુંવરીએ પોતાના પૂર્વજન્મની વાતો સંભળાવી, તોપણ વીરમદે તેનું મોઢું જોવા તથા પરણવા તૈયાર ન થયો. એક તરફ મહાન રાજપૂતી સંસ્કારોને વંદન કરવાનું મન થાય છે તો બીજી તરફ આવેલી ઉજ્જ્વળ તકને જતી કરવાની ટૂંકી બુદ્ધિનો અફસોસ પણ થાય છે. જો વીરમદે હા પાડીને લગ્ન કરવા તૈયાર થઈ જાય તો દિલ્હી પર ફરીથી રાજપૂતી રાજ થઈ જાય તેવી પૂરેપૂરી સંભાવના હતી. તો ભારત—આવનારા—ઘણા અનર્થોથી બચી જાત તેવું દેખાય છે. પણ તેવું ન થયું. વીરમદેએ લગ્ન સિવાય જે જોઈએ તે માગી લેવા કહ્યું. પિરોજાએ પોતાનાં બહેન-બનેવીને કેદ કરાયાં હતાં તેમને મુક્ત કરવાનું માગ્યું. સાદલ, સીહ, સમસખાન, તેની બેગમ વગેરેને મુક્ત કર્યાં. રાત્રે છાપો નહિ મારવાનું વચન આપ્યું. સાથે ગોબ્રાહ્મણને નહિ પીડવા તથા મંદિરોને નહિ તોડવાનું વચન પિરોજાએ આપ્યું. પિરોજાને જાલોર ગઢ બતાવ્યો.

સુલતાને જે હાથીઓ પકડ્યા હતા તે તથા બીજા કેદ પકડાયેલા સરદારો વગેરેને મુક્ત કર્યા.

સહુની રજા લઈને શાહજાદી વિદાય થઈ. ત્યારે સુલતાન સીંભરમાં હતો ત્યાં જઈને મળી. ત્યાંથી આંબેર અને બહાદુરપુર થઈને સુલતાન દિલ્હી પહોંચી ગયો.

યુદ્ધમાં મૃત્યુ થવું, બંદી થવું, ઘાયલ થવું એ બધું અનિવાર્ય હોય છે. પણ યુદ્ધમાં પણ કેટલીક નૈતિકતા હોઈ શકે છે. કયો પક્ષ કેવો છે તેના પર આધાર છે. કાન્હડદેએ સામે ચાલીને આવેલી શાહજાદીનો અસ્વીકાર કરી ઉપરથી હાથીઓ વગેરેનો દાયજો પણ આપ્યો. આ તેની સર્વોચ્ચ નૈતિકતા-મહાનતા જ કહેવાય. આવું જવલ્લે જ જોવા મળતું હોય છે. પણ જે જવલ્લે જ જોવા મળતું હોય છે તેની જ કથાઓ હોય છે.

શ્રી પદ્મનાભ કવિરચિત ત્રીજો ખંડ અહીં સમાપ્ત થાય છે.

30-9-09

*

# 6. કાન્હડદેનું વીરતાભર્યું યુદ્ધ

કવિ કથાને આગળ ચલાવે છે. સુલતાન પિરોજાને પૂછે છે કે તેં જાલોર ગઢ જોયો, તે કેવો હતો? ઘણી વાર કુશલ રાજા જેની સાથે યુદ્ધ કરવાનું હોય તેના રાજ્યની, નગરની અને રાજપરિવારની માહિતી એકઠી કરતો હોય છે. આવી માહિતીથી તેને નિર્ણય કરવામાં સગવડ રહે છે. કશી જ માહિતી વિના યુદ્ધ કરવું એ આંધળી છલાંગ જ કહેવાય.

પિરોજાએ જાલોરગઢને જેવો હતો તેવો બતાવ્યો. જાલોરગઢ અત્યંત દુર્ગમ, મજબૂત અને વિશાળ છે. તેને જીતી શકાય તેમ નથી. તેમાં ચારેય વર્ણના લોકો વસે છે. ત્યાં અનેક ચૌટાં છે. જેમાં દરેક પ્રકારની ચીજવસ્તુઓ વેચાય છે. જાલોરમાં ભવ્ય અને સુંદર મંદિરો છે. વાવો છે, કુંડો છે, કૂવાઓ છે, કોટને સુંદર બુરજો છે. ભવ્ય દરવાજા છે. કાન્હડદેનો ભવ્ય રાજમહેલ છે. ગઢમાં વર્ષો ચાલે તેટલું અનાજ ભર્યું છે એવી જ રીતે પૂરેપૂરો શસ્ત્રસરંજામ પણ ભર્યો છે.

કાન્હડદેના રાજદરબારમાં ઉત્તમોત્તમ મંત્રીઓ છે. સેનાપતિઓ છે, તેની રાણીઓ અત્યંત રૂપાળી છે અને કુલીન છે. ઘણી વાર રૂપ હોય પણ કુલીનતા ન હોય. તો કેટલીક વાર કુલીનતા હોય પણ રૂપ ન હોય. રૂપ અને કુળ બંનેનો મેળ જ્યાં થાય તે સ્ત્રી ધન્ય ધન્ય કહેવાય, તે જે ઘરમાં જાય તે ઘરને પણ ધન્ય ધન્ય કરી મૂકે. રૂપ તો પ્રત્યક્ષ દેખાતું હોય છે. પણ કુલીનતા તો સમય આવ્યે જ દેખાય છે. કુલીનતાનાં મુખ્ય પાંચ લક્ષણો છેઃ

1. તે સ્ત્રી હંમેશાં મર્યાદામાં રહે. મર્યાદા તોડે નહિ. સ્વચ્છંદી ન બને. તે આપમેળે જ મર્યાદામાં રહે. તેને દબાણથી મર્યાદામાં રાખવી ન પડે.

2. તેનો વ્યવહાર વિનય-વિવેકયુક્ત હોય. વડીલોને માન આપે. નોકર-ચાકરોની સાથે ઉદારતાથી વર્તે. તેની ઉદારતાથી તેનો પોતાનો અને પરિવારનો યશ વધે છે.

3. તે સૌ પરિવારજનો સાથે સુમેળથી રહે. કોઈની સાથે ઝઘડા ન કરે. ઝઘડા થયા હોય કે થતા હોય તો ઠંડા પાડે. બીજાની ભૂલોને પણ ઓઢી લે અને ઘરની વાત બહાર ન જવા દે. કલહમુક્ત તેનું ઘર શાંતિનું પ્રતીક થઈ જાય.

4. તેને પોતાના પતિથી પૂર્ણ સંતોષ હોય. અસંતોષનાં કારણો હોય તોપણ સંતોષ રાખે. સંતોષ-અસંતોષનાં મુખ્યતઃ ત્રણ ક્ષેત્રો હોય છેઃ 1. કામસંતોષ, 2. અર્થસંતોષ અને 3. સ્વભાવસંતોષ.

જે સ્ત્રીને કામભૂખ બહુ પ્રબળ હોય તે પતિવ્રતા ધર્મનું પાલન કરી શકતી નથી. અતિકામભૂખી સ્ત્રી પાત્ર-કુપાત્રને જોયા વિના ગમે ત્યાં પાણી પી લેતી હોય છે. પોતાના નોકર-ચાકરો, દિયર-જેઠ કે સસરા, અરે કોઈ વિધર્મી મળે તો વિધર્મીને પણ શરીર સોંપતાં વાર કરતી નથી. તે કામભૂખમાં એટલી બધી આંધળી થઈ હોય કે પશુઓને પણ સાધન બનાવી શકે છે. આવી સ્ત્રી કુલીન ન થઈ શકે.

અર્થભૂખી સ્ત્રી હંમેશાં દર-દાગીના, વસ્ત્રો વગેરે માગ્યા જ કરે. જો તેની માગણી ન સંતોષાય તો કકળાટ કરે. અને જ્યાંથી આ બધું મળી શકતું હોય તેની તલાશ કરતી રહે. આવી સ્ત્રી પણ પતિવ્રતા ધર્મનું પાલન ન કરી શકે. લુચ્ચા માણસો સરળતાથી તેને ફસાવી દેતા હોય છે. જરા જેવી વસ્તુઓ લાવી આપો એટલે રાજી રાજી, પછી લૂંટાઈ જાય. આવી સ્ત્રી કુલીનતા ધારણ ન કરી શકે. કુલીન સ્ત્રી તો પતિ ઘોર દરિદ્ર હોય તો ફાટેલી સાડીમાં પણ તહેવાર ઊજવી લે. પણ અસંતોષ ન કરે. કદાચ કોઈ સામે ચાલીને સાડી વગેરે આપે તો તેની દાનતને પારખે. જો તેની શુદ્ધ દાનત હોય તો જ પતિની પરવાનગીથી ગ્રહણ કરે, મેલી દાનતવાળો હોય તો લાત મારે. દરિદ્રતામાં ફાટેલી સાડીમાં પણ તે દીપી ઊઠે. તેની કુલીનતા એ જ મોટો શણગાર છે. વંઠી ગયેલી સ્ત્રીઓ ભલે ને સોળ શણગાર સજે, પણ તેમની પાસે કુલીનતા ન હોવાથી તેમના શણગારો તેમને દીપાવે નહિ. માત્ર લોકોની નજર બગાડે. લોકોની નજર બગાડવા માટે તો આ શણગાર સજ્યા છે. આવી સ્ત્રીઓ જ્યાં છાકટા લોકો ઊભા હોય ત્યાંથી જાણી કરીને લહેકો કરતી પસાર થાય. તેની ઇચ્છા હોય છે કે લોકો મને જુએ. જે અંગો જોવાની વધુ લાલસા હોય તે અંગો વધુ દેખાય તેવા પ્રયત્નો કરે. આવી સ્ત્રીઓ સામે ચાલીને છેડતી કરાવતી હોય છે. બગડેલા પુરુષોને વધુ બગાડવા અને શુદ્ધ પુરુષોને અશુદ્ધ કરવા તે કામણ કરતી ફરે છે. આવી સ્ત્રી કુળવાન ન હોય.

કુળવાન સ્ત્રી શણગાર સજે પણ માત્ર પતિની પ્રસન્નતા માટે જ. તેની ચારે તરફ એક આભામંડળ જામતું હોય છે. ખાદીની સાદી સાડીમાં

પણ તે દીપી ઊઠતી હોય છે. તેનો પતિ ધન્ય ધન્ય થઈ જતો હોય છે.

ત્રીજું કારણ સ્વભાવ છે. કુલીન સ્ત્રીનો સ્વભાવ તેનું સૌથી મોટું ઘરેણું બની જતું હોય છે. પ્રત્યેક વાત કે ઘટનાને સકારાત્મક દૃષ્ટિકોણથી મુલવવાની તેની પ્રકૃતિ તેને મહાન બનાવે છે. બીજી તરફ પતિ કે પરિવારના સભ્યોના સ્વભાવ-દોષોને તે સહન કરી લે છે. ઉગ્ર કે તિતાલી સ્વભાવવાળી સ્ત્રીમાં સહનશક્તિ નથી હોતી તેથી તરત જ સંબંધો તોડી નાખતી હોય છે. આ કુલીનતા ન કહેવાય. દયા, ક્ષમા, સહિષ્ણુતા જેવા ગુણોથી કુલીનતા આવતી હોય છે. કુલીનતાની પરાકાષ્ઠાનું માપ તો પતિ તરફથી અન્યાય થાય કે તરછોડાય તોપણ પતિભક્તિમાં જરા ઓટ ન આવે. અંતે તેનો જ જય થાય.

પિરોજા કહે છે કે હે પિતાશ્રી, કાન્હડદેની રાણીઓ આવી ઉચ્ચ સ્વભાવવાળી કુલીન સ્ત્રીઓ છે. એટલે રાજા સુખી છે.

આવી જ રીતે રાજા કાન્હડદે પણ સચ્ચરિત્ર છે. ચરિત્ર એટલે ખીલે બંધાઈ જવું. સ્ત્રી પત્ની તરીકે અને પુરુષ પતિ તરીકે જ્યારે એક ખીલે બંધાય છે ત્યારે તેમાંથી ચારિત્ર્ય પેદા થાય છે. પત્ની, પતિવ્રતા હોય તો પતિ ધન્ય ધન્ય થઈ જાય અને પતિ જો ચારિત્ર્યવાન હોય તો પત્ની ધન્ય થઈ જાય. પણ હા, એ બંને વહેમીલાં ન હોય તો. ચારિત્ર્યની પ્રાપ્તિ ધર્મમર્યાદામાં રહેવાથી મળતી હોય છે. ધર્મની પાળ તોડનારા કે તેમનો સંગ કરનારા બીજું કાંઈ ખોવે કે ન ખોવે. ચારિત્ર્ય તો ખોઈ બેસતા હોય છે. પિરોજા પોતાના બાપ પાસે કાન્હડદેનાં વખાણ કરે છે. શત્રુ પણ જેનાં વખાણ કરે તે સાચાં વખાણ કહેવાય.

કાન્હડદેને લક્ષ્મણ જેવો માલદેવ નામનો ભાઈ છે. જીવનમાં ભાઈની ઓથ જેવી બીજી કોઈ ઓથ નથી. અને જેના ઉપર આપત્તિઓ આવે તે સૌને ઓથની જરૂર પડે જ. આપત્તિ વિનાનું જીવન ભાગ્યે જ હોઈ શકે. વનવાસમાં જેમ લક્ષ્મણે પૂરેપૂરી ઓથ આપી તેમ માલદેવ પણ પૂરેપૂરી ઓથ આપે છે. પણ જ્યારે ભાઈ જ દુશ્મન થાય, કોર્ટે ચઢે, ખટપટો કરે, મારામારી કરે ત્યારે સમજવું કે હવે આ પરિવારનું પતન થઈ જશે.

કાન્હડદેના જાલોર દુર્ગ અને બીજી બધી વાતો સાંભળી ત્યારે સુલતાન ચિંતાતુર થઈ ગયો. 'હેં, આવો દુર્ગ છે? આવો દુર્ગ કેવી રીતે જિતાશે?' ત્યારે પિરોજાએ કહ્યું કે તમે જોજો, મેં જે અવધિ બતાવી છે તે દિવસે જાલોરગઢનું જરૂર પતન થશે. પિરોજાની વાત સાંભળીને સુલતાને નવ લાખ સૈનિકોનું સૈન્ય તૈયાર કર્યું. આઠ વર્ષ ચાલે તેટલી સાધન-સામગ્રી લીધી, ખાધાખોરાકી લીધી, શસ્ત્રો લીધાં, બખ્તરો અને ઘોડા લીધા.

સૈન્યની સાથે પિરોજાએ પોતાની ધાવ દદા સનાવરને મોકલી. કહ્યું કે એ વીરમદેવ યુદ્ધમાં મૃત્યુ પામે તો તેનું માથું સાચવીને લઈ આવજે. જો જીવતો આવે તો જીવતો લઈ આવજે. પ્રાચીનકાળમાં પણ રાણી-મહારાણીઓ બેગમો વગેરે પોતાની યુવાવસ્થાને સુરક્ષિત રાખવા પોતાના બાળકને ધવરાવવા માટે ધાવ રાખતી. આ ધાવ માતા બરાબર મનાતી, દદા પણ એવી જ ધાવ હતી.

બીજી તરફ કાન્હડદેને પણ ખબર પડી કે સુલતાની લશ્કર આવી રહ્યું છે. તેણે પણ ચારે તરફ ખેપિયા મોકલીને રાજપૂત યોદ્ધાઓ બોલાવી લીધા. સુલતાની લશ્કર જાલોર પહોંચે તેના પહેલાં જ તેને રોકવા માટે મોટું લશ્કર લઈ વીરમદેવ તથા માલદેવને સામા મોકલ્યા. આ યુદ્ધની મધ્યમ પદ્ધતિ કહેવાય. ઉત્તમ પદ્ધતિ તો એ કહેવાય કે જ્યાંથી યુદ્ધ આવતું હોય તે જગ્યાએ જ પ્રથમ આક્રમણ કરી દેવાય. દુર્ભાગ્યવશ પુરા મુસ્લિમકાળમાં કોઈ પણ રાજપૂતે દિલ્હી પર આક્રમણ કર્યું હોય તેવું જણાતું નથી. કદાચ એક વાર પેશ્વાએ જેવુંતેવું આક્રમણ કર્યું હતું. આક્રમણ ન કરવાના કારણે દિલ્હી વારાફરતી બધાં પર ત્રાટકતું રહેતું.

મધ્યમ યુદ્ધપદ્ધતિ એ છે કે શત્રુ પક્ષ ધસમસતો આવી રહ્યો છે તેને રસ્તામાં જ કોઈ અનુકૂળ જગ્યાએ યુદ્ધ આપવું અને રોકવો. ને કાન્હડદેએ તેવું કર્યું.

કનિષ્ઠ પદ્ધતિ એ છે કે છેક કિલ્લા સુધી શત્રુ આવી જાય ત્યાં સુધી ચૂપ રહેવું. અને પછી દરવાજા બંધ કરીને લડાય ત્યાં લડવું.

પ્રથમ આક્રમણ તે કરી શકતા હોય છે જે સંપૂર્ણ તૈયાર હોય. શક્તિશાળી હોય અને સાહસી હોય. મધ્યમ આક્રમણ, પ્રત્યાક્રમણ તે કરી શકતા હોય છે, જે થોડાઘણા તૈયાર હોય અને શત્રુ જો નજીક આવી જશે તો રાજ તથા લોકોને ભારે દુ:ખી કરશે. એટલે તેને દૂરથી જ રોકી દેવો તેવી સમજણવાળા હોય.

કનિષ્ઠ તે લોકો હોય છે જે તૈયાર નથી હોતા. જે શત્રુની તુલનામાં દુર્બળ હોય છે. જે વ્યૂહબાજ નથી હોતા. સાહસી નથી હોતા. આવા લોકો રક્ષિત જીવન જીવતા હોય છે. મોટા ભાગે હારતા હોય છે કાં પછી સમાધાન કરી લેતા હોય છે. આપણા રાજાઓ મોટા ભાગે ત્રીજી

કક્ષામાં આવે. રાજા જ કેમ, વર્તમાનના શાસકો પણ આ જ કક્ષાના છે. ખરું કારણ તો કમજોરી છે. કમજોર ચિંતનમાંથી કમજોરી આવી હોય છે.

કાન્હડદેએ પોતાના ભાઈ માલદેવને અને પુત્ર વીરમદેવને સામે મોકલ્યા. માલદેવ ખટુકડી અને વીરમદેવ ભદ્રાજણ પહોંચી ગયા. અને બંને વારાફરતી તુર્કો પર છાપામાર હુમલા કરવા લાગ્યા. મોટા શત્રુ સાથે તમારે જ્યારે બાથ ભીડવી હોય ત્યારે છાપામાર યુદ્ધ જ વધુ અનુકૂળ રહે. આમ યુદ્ધ કરતાં કરતાં ચાર વર્ષ વીતી ગયાં. તુર્કોને ભારે નુકસાન થયું, પણ સુલતાનનો હુકમ હોવાથી સેના ડટી રહી. ફરી પાછું યુદ્ધ થયું અને પાંચ વર્ષ પૂરાં કર્યાં. સતત પાંચ વર્ષ સુધી ગઢને ઘેરો ઘાલેલો હોવાથી ગઢનાં જળાશયોમાં પાણી ખૂટવા લાગ્યું. અનાજ પણ જૂનું થઈ જવાથી કસ વિનાનું થઈ ગયું. જેમજેમ અનાજ જૂનું થાય તેમતેમ તેમાંનાં વિટામિન, પ્રોટિન ઓછાં થવા લાગે. એટલે બને ત્યાં સુધી તાજાં જ અન્નાદિ ખાવાં. રસ-કસ વિનાનાં અનાજ ખાવાથી શરીર જીર્ણ થવા લાગે. યોદ્ધાઓને જીર્ણ શરીર ચાલે નહિ, તેમને જો થનગનાટ હોય તો જ પ્રભાવશાળી યુદ્ધ કરી શકાય. એટલે યોદ્ધાઓના આહારને સર્વોચ્ચ મહત્ત્વ અપાવું જોઈએ. માત્ર શાકભાજી ખાનારા, તેમાં પણ ડુંગળી-લસણ વગેરે નહિ ખાનારા યોદ્ધા પેદા ન કરી શકે. આવા લોકો રૂપાળાં અને સુંવાળાં સસલાં જ પેદા કરે. જે કોઈનો શિકાર થઈ પેટ ભરવાના કામમાં આવે.

## જાલોરનું મહાજન

આ વખતે જાલોરનું મહાજન આગળ આવ્યું. તેણે કાન્હડદેને કહ્યું કે ચિંતા ન કરો અમે અનાજ, ઘી, તેલ, ઈંધણાં, ગોળ વગેરે બધું પૂરું પાડશું. યુદ્ધના સમયે મહાજન રાજાની મદદે આવે તો તે રાષ્ટ્રભક્તિ કહેવાય. પણ આવા સમયે ચીજવસ્તુઓ સંતાડી, કૃત્રિમ તંગી ઊભી કરીને કાળા બજાર કરે તો તે ગદ્દારી કહેવાય. રાષ્ટ્રભક્તિથી બમણો લાભ થાય છે. એક તો પોતાની વસ્તુનો ખરા સમયે સદ્ઉપયોગ કરવાથી રાષ્ટ્રભક્ત તરીકેની સારી છાપ મળે છે. અને બીજું જો રાજા હારી જાય તો સંગ્રહ કરેલું બધું શત્રુપક્ષ લૂંટી જ લેવાનો છે. તેનાથી બચી જવાય છે.

કોઈ પણ સ્થળે જ્યારે ઘેરાયુદ્ધ ચાલવા માંડે છે ત્યારે તે આપોઆપ ઠંડું થઈ જતું હોય છે. બંને પક્ષો સુસ્ત થઈ ને કાળ પસાર કરતા રહે છે. એટલે કાન્હડદે અને માલદેવે ગઢ નીચે ઊતરીને અંબરગઢ જઈને તુર્કોના પ્રદેશમાં હાહાકાર મચાવવાનું શરૂ કર્યું. શત્રુનું ધ્યાન અને શક્તિને હટાવવા માટે પણ કુશલ સેનાપતિએ નજીક અથવા દૂર નવા-નવા મોરચા ખોલવા જોઈએ. અને છાપામાર યુદ્ધથી તેને થકવવો જોઈએ.

સુલતાને પોતાના સેનાપતિ કમાલુદ્દીનને જાલોરની તળેટીમાં છાવણી નાખવાનો હુકમ કર્યો. કમાલુદ્દીને જાલોરને ચારે તરફથી ઘેરી લીધું. હવે ન તો કોઈ જાલોરમાં જઈ શકતું હતું કે ન કોઈ બહાર નીકળી શકતું હતું. ગઢને ઘેરવો એ પણ યુદ્ધ જીતવા માટે જરૂરી વ્યૂહ કહેવાય છે. કાન્હડદેએ કાન્હ ઉલીચાને દશહજારનું લશ્કર લઈને ઉદલપુર પાસે મલેક નિજામુદ્દીન ઉપર હુમલો કરવા જણાવ્યું. ઉલીચાએ તે પ્રમાણે કરીને તુર્કોનો ઘાણ કાઢી નાખ્યો. નિજામુદ્દીનને માર્યો અને એના ઘોડાઓ તથા શસ્ત્રો કબજે કરી લીધાં.

બાદશાહે ખાનજહાઁને નિજામુદ્દીનની કુમકે મોકલ્યો. અને સ્વયં પોતે લશ્કર લઈને માલદેવને હરાવવા બહાદરપુર આવ્યો. માલદેએ ઝડપી કૂચ કરી ને વનાદ્રા પહોંચી ગયો. યુદ્ધમાં ઝડપ બહુ જ મહત્ત્વની વસ્તુ છે. જેની પાસે ઝડપ હશે તેનો જ વિજય થશે. જે ઢીલાઢીલા દીર્ઘસૂત્રી હશે તે મરાવાના છે. બાદશાહ તો દિલ્હી પાછો ચાલ્યો ગયો. પણ એક તરફથી માલદે અને બીજી તરફથી કાન્હડદે પોત-પોતાની સેના લઈને મુસ્લિમ લશ્કર પર તૂટી પડ્યા. હાહાકાર મચી ગયો.

## વિશ્વાસઘાત-ગદ્દારી

રાજપૂતોના યુદ્ધ અને પરાજયમાં કોઈ ને કોઈ દગાબાજીની કથા તો હોય જ.

જ્યારે સીહ મલેક કાન્હડદેની કેદમાં હતો ત્યારે તેનો પરિચય સરકારી અધિકારી વીકા સેજવાલ રાજપૂત સાથે થયો હતો. કેદમાં પડેલા કેદીઓ પણ ઘણી વાર કેદખાનામાં પણ નાનાંમોટાં ષડ્યંત્રો કરતા રહેતા હોય છે. આ દોષથી બચવા માટે અધિકારીઓની જલદી-જલદી બદલીઓ કરી નાખવી હિતાવહ હોય છે. વીકાએ મલેકને નાટરડકની વાવ ઉપર મળવા માટે બોલાવ્યો. બંને મળ્યા. વીકાએ કહ્યું કે જો કાન્ડહદે પછી આ ગઢનો રાજા મને બનાવવામાં આવે તો હું તમને જાલોરમાં પેસી જવાનો ગુપ્ત માર્ગ બતાવું. મલેક તૈયાર થઈ ગયો.

સામે ચાલીને આવતું આવું વિજયનું કારણ કોણ જતું કરે? જીત્યા પછી જે કરવું હશે તે કરશું, અત્યારે તો વિજય મેળવી લો.

રાજપૂતોની લગભગ પ્રત્યેક શૌર્યગાથામાં એકાદ વિશ્વાસ-ઘાતની પણ કથા આવતી હોય છે. કોઈ ને કોઈ ભેદી માણસ ફૂટી જતો હોય છે અને પછી કરુણ પરાજય અપાવતો હોય છે. ઇતિહાસના અભ્યાસીએ એ પણ અભ્યાસ કરવો જોઈએ કે આવી ફૂટ અંગ્રેજોમાં કેમ ન થઈ? કદી કોઈ અંગ્રેજ, અંગ્રેજ સામે ફૂટ્યો હોય, ગદ્દાર બન્યો હોય તેવું સાંભળ્યું છે? ના, તો કેમ? શું એ મોરલવાળી પ્રજા હતી? અને આપણે લોભ-લાલચવશ ગદ્દારી કરનારી પ્રજા છીએ? પૂરી પ્રજા માટે તો આવું ન કહેવાય. પણ વિશ્વાસઘાતી એક હોય તોપણ તે પૂરી સેનાને પરાજય પમાડતો હોય છે. આજે ખરા સમયે પક્ષપલટો કરનારા પણ ગદ્દાર જ કહેવાય. લોકો વ્યક્તિને નહિ, પક્ષને મત આપતા હોય છે. એ પક્ષ છોડીને સામાવાળા પક્ષમાં ઘૂસી જવું એ પ્રજાદ્રોહ જ કહેવાય, આવા રાષ્ટ્રદ્રોહી સભ્યો કોઈનું શું ભલું કરી શકે? એ બગડેલા માણસો પ્રજાનું મોરલ બગાડતા હોય છે.

વીકાએ ગુપ્ત રસ્તો બતાવી દીધો. મલેકે તે રસ્તેથી પોતાનું લશ્કર ગઢમાં દાખલ કરી દીધું. ત્યારે કાન્હડદે રાતની મીઠી નીંદર લેતો હતો. તેને માતાજીએ સ્વપ્ન આપીને ચેતવ્યો: ઊઠ, ઊઠ! તારો ગઢ ભેળાય છે' કાન્હડદે છલાંગ મારીને ઊઠ્યો, પણ ત્યાં સુધી તો તુર્કો ગઢમાં પ્રવેશી ચૂક્યા હતા.

## હીરાએ પતિની હત્યા કરી

વીકા સેજવાલને ખાતરી થઈ ગઈ કે હવે તો પોતે જ આ ગઢનો રાજા થઈ જશે. આ ખુશખબર આપવા તે ઝટઝટ પોતાને ઘરે પહોંચ્યો. તેની પત્ની હીરાદેવી પતિને ઓચિંતો આવેલો જોઈને રાજી થઈ અને તેને નવાઈ લાગી ત્યાં તો વીકાએ બધા સમાચાર આપ્યા કે હવે આપણે આ ગઢનાં રાજા-રાણી થઈશું. હીરાએ બહાર જોયું તો મુસ્લિમ સેના ગઢમાં આવી ચૂકી હતી અને કાપાકાપી ચાલી રહી હતી. એ વીર રાજપૂતાણીથી પતિનું આ મહાપાપ સહન ન થયું. તરત તેણે ઘરમાંથી ત્રંબાળું લીધું અને વિશ્વાસઘાતી પતિ પર એટલા જોરથી ઘા કર્યો કે વીકો ઢળી પડ્યો. તેના પ્રાણ ઊડી ગયા. એક તરફ પતિનો પ્રેમ અને બીજી તરફ રાષ્ટ્રનો પ્રેમ, રાજપૂતાણીએ દેશદ્રોહી પતિને જહન્નમમાં મોકલીને રાષ્ટ્રપ્રેમ બતાવ્યો. ગઢનો માલિક થવા વીકો જીવ્યો નહિ, હીરાદેવી અમર થઈ ગઈ. હીરાદેવી સીધી કાન્હડદે પાસે પહોંચી અને પોતાના પતિના વિશ્વાસઘાતની તથા તેવા દ્રોહી પતિને યમલોક પહોંચાડ્યાની વાત કરી. તે રણચંડીના કાન્હડદેએ ચરણસ્પર્શ કર્યાં.

મુસ્લિમ લશ્કર કાન્હડદેના મહેલ નજીક પહોંચી ગયું હતું. કાંધલ ઉલીચાએ પોતાના દશ હજાર ઘોડેસવારો સાથે મુસ્લિમોને રોકવા-ખાળવા યુદ્ધ કર્યું. તેણે તરત જ મલેકને માર્યો. આ મલેક જ વીકાને ફોડનારો હતો. ભયંકર યુદ્ધમાં કાંધલે બાર હજાર તુર્કોને રહેંસી નાખ્યા. કાંધલના પરાક્રમથી કાન્હડદે પ્રસન્ન થયો. બીજા સરદારો શોભિતે જયત દેવડા અને જયત વાઘેલાએ તુમુલ યુદ્ધો કરીને તુર્કોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. પણ શત્રુ ઘરમાં ઘૂસી ગયો હતો. કાન્હડદેએ જોયું કે હવે ગઢને બચાવી શકાશે નહિ, કેસરિયાં કરતાં પહેલાં તેની રાણીઓ જયતલદે, ઉમાદે અને કમલાદેએ જૌહરની તૈયારી કરી. સૌએ સ્નાન કર્યું. પૂજા-પાઠની વિધિ કરી. ગઢનું જે કીમતી જરઝવેરાત હતું તે બધું ઝાલર વાવના ઊંડા પાણીમાં પધરાવી દીધું. વીરમદેવને બોલાવીને તેનો રાજ્યાભિષેક કર્યો. પછી મોટી ભડભડતી ચિતામાં રાણીઓએ જૌહર કર્યું. પ્રજામાંથી પણ કેટલીક સ્ત્રીઓએ જૌહર કર્યાં. તે દિવસે કુલ પંદરસો ચોરાશી જૌહર થયાં. હરહર મહાદેવ અને જય માતાજીના ગગનઘોષ કરીને સ્ત્રીઓ સામે ચાલી અગ્નિમાં કૂદી પડી. દૃશ્ય જોઈને સૂર્ય ધન્ય થઈ ગયો. દેવો જોતા જ રહી ગયા. ગદ્દાર વીકાનું ધડ લોકોના પગ તળે કચરાતું રહ્યું.

પાંચમે દિવસે તુર્કો. કૃષ્ણમંદિર પર ચઢી આવ્યા. તેમને મંદિરો તોડવામાં સૌથી વધુ આનંદ આવતો હતો. મંદિર તૂટતું જોઈને કાન્હડદેએ કેસરિયાં કર્યાં. બે હાથોમાં બે તલવારો લઈને તે મરણિયો થઈને ઝઝૂમવા લાગ્યો. ઘણા શત્રુઓને મારીને અંતે કાન્હડદે પણ વીરગતિને પ્રાપ્ત થયો. તે દિવસે સંવત 1368ના વૈશાખ માસની શુક્લ પંચમી ને બુધવાર હતો. જાલોરનો સૂર્ય ભરબપોરે આથમી ગયો. હાય ગદ્દારી, કાન્હડદેની વીરગતિ પછી વીરમદેએ સાડા ત્રણ દિવસ રાજ કર્યું. પેટમાં કટારી ખોસીને તે પણ યુદ્ધમાં કૂદી પડ્યો. કટારી એટલા માટે કે તુર્કો તેને કેદ કરીને દિલ્હી ન લઈ જાય. અનેક શત્રુઓને મારીને તે પણ વીરગતિને પ્રાપ્ત થયો. પિતા-પુત્ર બંને શહીદ થઈ ગયા. એક વીકાના પાપે આ બધો અનર્થ થયો. ફરી આવો બીજો કોઈ વીકો પેદા ન થાય. યાદ કરો, કાકુ વાણિયાએ વલભીનો નાશ કરાવ્યો

હતો. માધવ મહેતાએ પાટણનો નાશ કરાવ્યો અને વીકા રાજપૂતે જાલોરનો નાશ કરાવ્યો. આ ગદ્દારોનાં પૂતળાં બનાવીને તે તે નગરના દરવાજે મૂકવાં જોઈએ અને હોળીના દિવસે આખું ગામ આવીને તેમને જોડાં મારે તેવો જોડાંમાર મેળો ગોઠવવો જોઈએ જેથી ફરી કોઈને આવું થવાનું મન ન થાય.'

વીરમદેની રાણીઓએ પણ જૌહર કર્યું. આજે પણ જાલોરના તળાવની પાળ પર અસંખ્ય કબરો દેખાય છે તે બધી કાન્હડદે અને વીરમદેના હાથે મરાયેલા તુર્કોની છે. અને ગઢ તો જૌહરના અંગારાથી ધગધગતો રહ્યો. કદાચ આજે પણ ખબર નહિ ત્યાં સ્મારકો બન્યાં છે કે નહિ? કદાચ આજે પણ ગઢ ધગધગતો હશે!

દદા સનાવરે વીરમદેનું મુખ શોધી કાઢ્યું. સુગંધિત દ્રવ્યોથી લપેટીને સોનાના પાંજરામાં તે તેને દિલ્હી લઈ ગઈ. પિરોજાએ આ મુખ જોયું. મુખે દિશા બદલી નાખી. પિરોજાએ મુખના અગ્નિસંસ્કાર કર્યા, પછી માતાની રજા લઈને પિતાને ચરણે વંદન કરીને ધસમસતી યમુનામાં તેણે ઝંપાપાત કર્યો. યમુનાજીએ તેને પોતાનામાં સમાવી લીધી. સ્વીકારી લીધી. પિરોજાનો એકપક્ષીય પ્રેમ હતો પણ શુદ્ધ હતો. શુદ્ધ પ્રેમની સમાપ્તિ બલિદાનમાં જ આવતી હોય છે. પિરોજાના કથન પ્રમાણે એ પછી બરાબર આઠ માસે અલાઉદ્દીન પણ મરણ પામ્યો. અહીં રાસો-કથા સમાપ્ત થાય છે. હવે નથી તો કાન્હડદે, નથી વીરમદે; નથી તેમની રાણીઓ, નથી બાદશાહ કે નથી પિરોજા! હવે તો માત્ર કથા જ રહી ગઈ છે.

પદ્મનાભ કવિ અંતમાં થોડી પોતાના વિશે વાતો લખે છે. કાન્હડદેનો પુત્ર વીરમદે, તેનો પુત્ર મેગલદે, તેનો પુત્ર અંબરાજ તેનો પુત્ર ખેતસી અને ખેતસીનો પુત્ર અખેરાજ. અખેરાજ કાન્હડદેની પાંચમી પેઢી. કવિ અખેરાજનો રાજકવિ થયો, તે વીસનગરો નાગર બ્રાહ્મણ, માધવમંત્રી પણ નાગર હતો. પણ પોતાના નાગરભાઈએ ગદ્દારી કરી તેની શરમમાં તેણે માધવ માટે ક્યાંય નાગર શબ્દ વાપર્યો નથી. તે 'બ્રહ્મ' લખે છે, અર્થાત્ માત્ર બ્રાહ્મણ. સંવત 1512માં તેણે આ પ્રબંધ અથવા રાસો પૂરો કર્યો. આ વિશુદ્ધ ઇતિહાસ નથી, કાવ્ય છે. કાવ્યમાં કલ્પનાને સ્થાન હોય જ. એટલે આમાં કલ્પના પણ છે જ. ખાસ કરીને પિરોજાનો એકપક્ષીય પ્રેમ કદાચ કવિની કલ્પના પણ હોય. પણ આમાંથી ઘણી બાબતો ઇતિહાસ સાથે મેળ ખાય છે. તેમ ઇતિહાસવિદોનું માનવું છે. પ્રજા આવા વીરરસથી ભરપૂર અને બલિદાનોવાળા પ્રબંધોથી પ્રેરણા લેતી હોય છે. પ્રેરણા આપવામાં આજે પણ આ ગ્રંથ પૂરેપૂરો પ્રસ્તુત છે જ.

30-9-09

* * *